ORIGINAL.

પારસી પુત્રી પ્રકાશ

યાને

પરણતાને "જી"!

કર્તા:

મેહરવાનજી મનચેરજી દાદાભાઇ બનાજી.

[M. M. Banaji]

તે

Model કથા "સુધારાનું શિખર" અને આગેવાન Original વાર્તા "દુન્યાઇ દોર"ના કર્તા.

કુમલા કુંવારાનુ સ્વપ્નુ
ખડકીના ખુલ્યાઓ
ઘરરાખુ ઘરઘટુઓ
ખરચાળુ ખરલીઓ
જીમખાનાની જાંગલીઓ
ડાહીકાગરી દોઢચતુરો
હસ્તી રમતી રંગીલીઓ
મારી પોરી--"મારી વાલી"--
માઇ ડાર્લીંગ
Graduate girls
અદરાયલીઓ અને બીન
અદરાયલીઓ
Novel-reading નવ-
લખીઓ
વેજીટેરીયન વાંદરીઓ
અદેખી અલબેલીઓ

"ગોધાઓ"
કારજકરૂ મેળો!
પ્યારની પ્રેકટીસ
સારી પહેરતી થઇ!
કુંવારા વિરૂધ કજરઇ ગયલા
પતિ પરિચય
કુંવારી નજરે કન્યા પરિક્ષા
જીવતોડ જહેમતખોરીઓ
હાતમ દીલની હાકેમીઓ
મોટાં દિલની મોટાંભાયો
ઇનવેલીડ આઇજીઓ
હિસ્ટીકલ હિલ્લાંઓ
પરણીને પરવારેલીઓ
સુંદર શોભીતી સુંદરીઓ
ની શોધ
Drop Scene

ફુલફુલી ટાલીઓ
ધનઇ ધરાંપરાંઓ
આળસુ ઐયરો
ચિબાવલી ચાંદણો
ઠગારી ઠગણનાઓ
વર્ક કલાસની વનીતાઓ
સમજુ સુનાઓ
અકકડકુસ એસ્કી બાનુઓ
કન્યા કપ્ટી કાપવાના કર્તાઓ
કુમાનુ કારજ
માતા--એક ઉતમ કારજકરૂ
વેડકરૂ વાહુત્રીઓ--મીસ
માસ્તરણીઓ--Bible-
readnig babies

[રૂ. ૧--૪--૦]

ORIGINAL.

પારસી પુત્રી પ્રકાશ

યાને

પરણતાને "જી"!

કર્તાઃ

મેહરવાનજી મનચેરજી દાદાભાઇ બનાજી.

[M. M. Banaji]

તે

Model કથા "સુધારાનું શિખર" અને આગેવાન Original વાર્તા "દુન્યાઇ દોર"ના કર્તા.

કુમલા કુંવારાનું સ્વપ્નું

ખડકીના ખુલ્યાંઓ

ઘરરાખુ ઘરઘટુંઓ

ખરચાળુ ખટલીઓ

જીમખાનાની જાંગલીઓ

ડાહીકાગરી દાદચતુરો

હરતી રમતી રંગીલીઓ

મારી પોરી--"મારી વાલી"--મારી ડાર્લીંગ

Graduate Girls

અદરાયલીઓ અને બીન અદરાયલીઓ

Novel-reading નવલખીઓ

વેજીટેરીયન વાંદરીઓ

અદેખી અલબેલીઓ

"ગોધાઓ"

કારજકરૂ મેળો !

પ્યારની પ્રેકટીસ

સારી પહેરતી થઈ !

કુંવારા વિરૂધ કજરઈ ગયલા પતિ પરિચય

કુંવારી નજરે કન્યા પરિક્ષા

જીવતોડ જહેમતખોરીઓ

હાતમ દીલની હાકેમીઓ

મોટાં દિલની મોટાંમાયો

ઈનવેલીડ આઈજીઓ

હિસ્ટીકલ હિલ્લાંઓ

પરણીને પરવારેલીઓ

સુંદર શોભીતી સુંદરીઓની શોધ

Drop Scene

ફુલફુલી ડોલીઓ

ધનઈ ધરાંપરાંઓ

આળસુ ઐયરો

ચિબાવલી ચાંદણો

ઠગારી ઠગણનાઓ

વર્ક કલાસની વનીતાઓ

સમજુ સુનાઓ

અકકડકુસ એસ્કી બાનુઓ

કન્યા કંઠી કાપવાના કર્તવ્યો

કુમાણુ કારજ

માતા--એક ઉત્તમ કારજકર

વરકર વહિન્નીઓ--મીસ

માસ્તરણીઓ--**Bible-reading babies.**

[રૂ. ૧-૪-૦]

પ્રગટ કરનાર—મેહરવાનજી મનચેરજી દાદાભાઇ બનાજી,
ઠે૦—જેરાજભાઇ બીલડીંગ્સ-ફારજેટ સ્ટ્રીટ, તારદેવ.

આ પુસ્તક તેના કર્તાને માટે રૂસ્તમ ન. વાચ્છાગાંધીએ "સાંજ વર્તમાન" પ્રૅસમાં છાપ્યું છે. નં૦ ૨૨-૨૪-૨૬, મીન્ટ રોડ, કોટ, મુંબઇ.

CORONATION YEAR.

૧૯૧૧.

પુત્રીઓ પૂકારો:

આ પુસ્તક

કોણને
અર્પણ
થવું જોઇએ?

પૂકાર:—

જે હાતમ દિલની હાકેમીએ અમારૂં હિત હડે ધરી

બાર લાખની બાદશાહી રકમ

એક તડાકે કહાડી આપી છે

તેણીને—તેણીને—તેણીને

* * * *

આ હાતમ દિલના હાકેમી અર્પણતાઓની
જાહેરાતથી અલ્લગ રહેવા ઇચ્છતાં હોવા છતાં
ઉપલા એકામતી અવાજને આધીન થઈ
આ પુસ્તક તેણીને

માનપૂર્વક અર્પણ

કરૂં છું.

કર્તા.

"પુત્રી પ્રકાશ"ના પડછાયા.

પરણુતાને "જી" !

પરણુતીઓને કાં નહિ-ભલા ?-ધીરે, ધીરે,-માયજીઓ અને બાવાજીઓ, બહેનજીઓ અને ભાઇજીઓ, કુંવારાજીઓ અને કુંવારીકાઓ, અલબત ! એક નહિ પણ એક લાખ વખ્ત પરણુતીઓને બી "જી," માય-મમઇના "જી," બાપ-બપાવાના "જી," આલઔલાદના "જી"-"જી"-ને "જી" ! ! એ તો અરસપરસની દુન્યા ! "જીભરઇ" કુંવારીઓ હશે તોજ "અખ્ખઇ રહ્યા" કુંવારાઓનો દાગ લાગશે.

મારા કુંવારા શેઠો, 'બૉમ્બે ધી બ્યુટીફુલ'ના મારા રંગીલા છેલછબીલાઓ-

"પુત્રી પ્રકાશ" તમારી ચશ્મઅમો હઝુર ઉભી થવાથી તમો ઝલકાઇ-મલકાઇ જતા રખે, કે બધી એ "પોરી"ઓની એઓ તમારી ચગોર ચશ્મઅમોએ ચઅસ્મી લીધી ! એ મારી કોમળ બહેનીઓની સારી સમજમાં મને સંપુર્ણ વિશ્વાસ છે. તેણીઓ આ સંસારી **ચિત્રોની** નેમ સહજે નિર્ખી લઇ તેના સંગ્રહને એવો તો ઉંચકી આપશે કે **પારસી પુત્ર પ્રકાશ** યાને **પરણુતીને 'જી'** ! એજ મારી સૌભાગ્ય સુંદરીઓની સામે હવે પછી ધરવાને મને અનંત ઉત્સાહ આપશે.


શેહાદીનું બઝાર તુફાની દરિયાની સપાટી સમાન છે. તથાપી તમો કુંવારા સાહેબો તેની કીસ્તિના બારકસને ઉત્તર તરફ દોરવો અને તમો-મારી હમદીન કુંવારીકાઓ-તેને દક્ષીણ તરફ હેર્યું આપો તો, ખેંચતાણની ખુમારીમાં ખસ્તેખુહવારીના ખરાબે અથડાઇને તે બાપડીના ફુરજેફુરજા થઇ જાય, તેમાં દોષ દાદે દરિયાવનો નહિ—ખુશરૂના ખાવીંદ ખુદાનો નહિ—પણ ખુદ રીતનાઅંગીઝોનોજ ગણાય,

મહેરબાને મનો—

તાલી તો સદા બે હાથે પડે છે તે તો તમને રોશન છે. ફૅશનની શીશ્યારી અને દેખાદેખીના રોહમાં ઘસડાતાં આજકાલના પપા-મમાઓ પોતાની પુત્રીઓને તેજ રોહના રેલા સાથ આંધળાંભીત મિસાલ ઘસડતાં જાય છે! અને વહી ગયલા જમાનાના માતપિતાઓ જે એક કીસમનો ચિવટ પ્યાર અને અખુટ મર્યાદાશિલ લાગણી બેટાઓ કરતાં બેટીઓ તરફ દેખાડતાં હતાં, અને તેઓની જે નિગેહબાની અને પાસબાની કરતાં હતાં તે લાગણી ગુમ થવાના પરિણામેજ પરણવા લાયક પુત્રીઓની આજ ને કાલ ઓટ થઇ ગઇ છે. જેમ લાયક કુંવારાઓને તેઓને લાયકની સાથીઓ, હોવા છતાં, મેળવવી મુશકીલ પડે છે તેવીજ પીડા બાપડી ઘરશોભત અને ઘરરાખુ કુંવારીકાઓને વેઠવી પડે છે. પરિણામમાં, કવી ગ્રેના બોલોમાં: "ઘણાક ચકચકીત અને પાણીદાર ગહ્વરો દરિયાના અમાપ અંધારાં ઉંડાણમાં સદાના સંતાઇ રહે છે, અને ઘણાંક નાજુક ફુલો એકાંત નગરીમાં ગુલલાલા મિસાલ ખીલી ચૂપકીદીની શાન્તીમાં બેપરવાઇથી કરમાઇ જાય છે."

બંધ આંખ્યોએ પત્રવશ થયલી આ મારી ઝડપી તપાસથી આ અફસોસકારક મામલાને જો કાંઇ રહાત મળશે—આ નાકેશ સત્તરો જો માત્ર ૫-૧૫ વધુ કુંવારાઓની પસંદગીને રાહે રાસ્ત ઉપર દોરવશે, યા મારી ૫-૧૫ ઘરરાખુ બહેનીઓને ઘટતાં "ઘરો" મેળવી આપશે તો એ મારો પ્રયત્ન હું એક નહિ પણ હજાર બાર સફળ થયલો સમજીશ. તથાસ્તુ.

કર્તા.



હિતેચ્છુ આપનો,
કર્તા

મેહરવાનજી મનચેરજી બનાજી કૃત:

પારસી પુત્રી પ્રકાશ

—યાને—

પરણતાને "જી"!

કુમલા કુંવારાનુ સ્વપ્નુ.

મારા મિત્ર કુંવરજી કડક ઉર્ફે કુમો કુંમારો "કુંમારાપણા"ની કુવ્યસ્થામાં કચડાઇ ગયલા કમબખ્તો માહેલા એક છે. સારૂં માઠું જોતાં સાડી-સુડતાલીસના સપાટામાં તેવણ સપડાઇ ગયા છે. આજ પચ્ચીસ વરસ થયાં તેઓ પસંદગીની પ્રદક્ષીનાએ નિકળેલા છે, પણ હજી,—હજી—તેની સીમા સાંધી રહ્યા નથી!

કદાપી સાટ્ઠી સુધી થોભે ખરા!—કારણ?—નજદીકના ભવિષ્યમાં 'રેડીયમ'ની એક રજકણ મેળવવાની એવણ આશા રાખે છે; તેની મદદથી એવણ પોતાની ધારેલીના બીત્તરમાં ભુસ્કો મારી, તેની માહેલી તમામ "ધર્તી"ની ઝડતી લઇ, ખોટાંમાંથી ખરૂં પ્રકરણરૂપે બાહેર પાડશે. બીજા કુંવારાઓ ભેગો બીરાદર કુમો એમ ધારે છે કે તે એક નેકખાહ નમુનેદાર ભર્થાર નિવડવો જોઇએ. ના,—તેમ થવાને એ મારો મિત્ર જીકરજ લઇ બેઠો છે, અને વળી એમ પણ મનન કરે છે કે, કોઇ ન જણાયલી જાનીના જુદાઇના જખ્ખમથી તે આજ પચ્ચીસ પચ્ચીસ વરસો થયાં જબરો જખ્ખમાયા છે, અને કદાપી જાનથી બેજાન પણ થાય. (ઓ સીતમ!) પહેલો કસદ કસતી વેળા, તે હંમેશાં લલકારે છે કે—

" કુંવારી જીંદવતાં સુધી, ભમ્બલે પમ્મડી રહુંઅમ્બ,
સંઅગાં સ્નેહી ન તે થકી તેએટલાં બળે;
ખુદા કરે ન કોઇને બુરો પમ્મતીઇ મળેઅ "—ઇત્યાદી.

બીજી પેણુની પેલછામાં તેવણુ—

> "દિલજાની મેઆઆરેઆ, તુંને મેઆરીઈ ખબર ભીઈ ન અઆઆણી—
> દિલજાનીઈ".............

ના ભડકા સળગાવે છે.

કુમાની ખેંચતાણનો આ ખળભળાટ મારે કાને પડતાં મારા વિશ્વાસમાં લઇ, મેં તેને આ મારાં પુસ્તકનો હસ્તલેખ વંચાવ્યો. પરિણામે, તે વિચારના વંટોળ્યામાં વિંટલાઇ ગયો. આ વિચારે તેનામાં વસવસો બરપા કીધો, અને વસવસાએ વમાસણનું રૂપ લેતાં એક કુંવારી રાત્રીએ તે સ્વપ્નવશ થયોઃ આ સ્વપ્નાનું વર્ણન,—હે મારા કુંવારા ભાઇઓ,—તમારા લાભાર્થે, કુમાનાજ બોલોમાં, હું તમો સન્મુખ શબ્દેશબ્દ ધરૂં છું:—

"બ બ બ બ—બના—મ મ મ મ મે—જી જી જી છેતે કરીને એક સપનો જો-જો—જોયો—"

"સ્વપ્નો?—તેં જોયો? કયારે? શું?—કંઇ નહિ દોસ્ત, જરા શાન્ત થા. એમ લટરપટર તું કે' દહાડે થતો 'તો! ૮) પર/૧) થયો તોબી હજુર ટકયા-સારીમાં દપટઇ રહયોછ,—ઉઠ! જરા કોગરો કરી લે, બીચારાં માયજી તાહરની ચાહ લઇને ખોટી થાયછ—"

"બાવા મરી જાઉં, ગેઇ કાલે આખો દહારો દુશમેનની મદદએ અમસા જીવપર જુલમ પારીને તમે આપી ગેયલા પેલાં કાગરો વાંચ્યાં ને તાહરની આય કોઇ ભૂંડાનાં જીવપર જાસ્તી ગુજારેછ!—"

"ખ-ખ-ખસો! મારૂં માથું, બ-બ બના,-ધરપર છે કે? એ સ સ સ સપનાની તાસીર મને સમ-સમ-સમ સમજાવ, નહિ તો એ બધાં ચીઠરાં બારી મુકશ—"

ભારે જેહમતથી મારો કુમો કુમારો આખર ઉઠયો; ચાહ-પાણી કીધું:

"જોની દોસ્ત," તેને બખાળ્યું, "તું જાણેછ કે મને જુદ્દાંની બીત છે. ગેઇ કાલે આય ડોસીનું દોધીનું ડચમ મેં ડગયું 'તું ને—(ટકોરો બી દીકરી જરા વધારે પરયેલો)—મને લાગ્યું કે હું જ-જ-જાણે ૧૯૧૩ માં તૈયાર થયલા 'રેડીમની પબલીક હૉલ'માં

ઉભેલો છઉં. વ–વા–વાહ! શું મહેલ છે!—અરે, હતો! તે છતાં નહિ મહેલમાં કે નહિ મંદીરમાં. "મંદીર મહાલ" તેના દર્શન ઉપર કોતરેલું હતું. હઝાઆઆરો રંગબેરંગી થાંબલાઓની અલગાર જહાંપહેલવાન રૂસ્તમના જમાનાના જહાંજોયોની યાદ મને આપતા તાંહ ખડા હતા. તેની સુન્તેરી સીલીંગમાંથી ખુશબોદાર ખુશબોઇઓથી ભરેલી લંપો કમાનદાર બાસ્કેટો ફુલોથી ઉભાઇ જતી અને ફુલોની રોનકદાર સાંકળોથી સણગારેલી સીલીંગસે લાગી'તી. મઘમઘતા મઘમઘાત, ફુલોના પમરાત, રોશનીના ઝલકાટે મારાં મગજને એવું તો ભંભેર્યું કે હું બેસુધ્ધીની બેફામીમાં ગરક જવાની અણીપર હતો. તેજ પળે સામે કંઇ અવાજ!—અને સેવક બીદાર!!—પણ, નજર થંભ!!! સામેનો પોખાળ દરવાજે દરઆણીએ મુલ્યો મેળેલો. ગુલઝાર મુંબઇના ને ગામેગામના, નોસારી પંથકના, ભગર્યા ભકિતના, સાસાનીયન વંશથી, નેર્યોસંગ ધવલની ઓલાદથી, યઝદેજર્દ શહેરીયારના વખતથી ઉતરી આવેલા હઝાઆરો મુબેદો;—દિનદારીના દર્યાવમાં ગરક ગયલા, આશીરવાદોના કલામો પઢતા અને હમબંદગીની હમાજોર લેતા દસ્તુરાન દસ્તુરો, અને આબેદાન આબેદો અને મુબેદાન મુબેદો: શમ્સ–ઉલ–ઓલમા એરવદ જીવનજી, દસ્તુર ડૉ૦ ધાલા, નાયબ દસ્તુર રૂસ્તમજી,—ગૃથમાન દસ્તુરજી સાહેબો જામાસ્પજી, પેશોતનજી વિગેરેની સરદારી હેઠળ ચચારની હારમાં નિચી નજરે અને યકીનદારીની યકશાનીથી મહેલમાં દાખલ થઇ સૌ સૌના દરજ્જા મુવાફેક સફસમારી ખડા ઉભા, અને સેવકના દિલમાં શેહાદી આબાદીના ગીલગીલ્યાં છુટયાં!

એક સેકન્ડ! એક કડકડાટ! સઘળા થાંબલાઓ સફાચટ!—અને—

સાજવારીના પાત્રાંઓથી પંથરાયલી અને ગ્લાસીસોથી ગોઠવાયલી હઝાઆરો ટેબલોની અલગાર,—અના દીકરા,—મારી સામે રજુ થઇ. દસ્તુરજીઓ અને મુબેદો, આબેદો અને ઝાહેદો, ઓલમાઓ અને ઓલપાડો, આકેલો અને ફાઝેલો—હરેક અને હર જણ—જેવા અચાનક આવ્યા તેવા અચાનક બેમાલુમ થઇ ગીયા! બેમાલુમ થતાં સાથ આશીરવાદના કલામોને બદલે ચેલસારણાનું ગંભીર–ભણતર તેઓ બરડતા ગીયા. ગીલગીલ્યાં ગુમ!

એક ઉપર નજર,–અને– સઘળી ફુલહારી બારકેતો પોતાની ફુલહારી જંજીરો સાથ હસ્તીમાંથી નિસ્તીમાં ગેઇ........પણ ઓ દાદાર! જો જગોએ તેઓને ટાંગેલી ત્યાં હુડાણમાં નજર કરતાં મેં શું–શું,– બના,–શું જોયું ?—હઝાઆરો અસલ ફાશીનની ઝોરીઓ અને અપ–ટુ–ડેટ પાળણાઓ, લોખંડી ને લાકડાંના, તેમાં ઝબોલી બુચી–બુચાઓ પોઢેલાં ને ફ્રાક ને પેટીકોટયાં એબી ને બાબા ડીયરો ગોઠવઇ–ગોઠવઇ ગેયલાં ! ! બાળકોની ભુખી આંતરડીનો ચીચવાટ ને કલવાટ કાનના બહેર ફાડી નાખતો'તો. આલી, હમલી, કુમલી, બીખલી "અડકનારી"ઓ, આસીબઇ "ઉપરની"ઓ જી જી જી જી ઇરે માઆંઆંઆંરીઇ બાંઇઇના રાગડા કહારી પોતાના ઇજાર–સદરાના 'હેવી ડ્રેસ' માં નાડાંસે નગદેલી ઝોરીઓને એવા તો ઝબોલા આપતી કે હર પળે રખે બુચીબઇઓ જમીનસે ઝબોલઇ પડે તેની ધાસ્તીથી સેવકનો જીવ ઝબોલઇ આયો ......બન–બના–!—"

અત્રે કુમો બેફામ બનતો હતો અને મેં મારા હાથમાં ઝાલી લીધો ન હોત તો ખચ્ચીત જમીનપર પટકાઇ પડયો હોત.

"જા બા કુમા," મેં તેને ઠંડો પાડયો. "એમ શું કરેછ ! રહેવા દે તારું દાસ્તાન, આપરે કાલે પૂરું કરશું."

આ 'વૉરનીંગ'થી કુમો ચમકયો ને ખુરશીમાં ખડો થયો. પાસેની કબટમાંથી મેં તેના માનીતા "હૅન્રી મોની" સાથ તેની પિછાન કરાવી, અને કુમાએ ગબડાવ્યું—

"આહાહાહા–હેતો દોસ્ત ગલાસ–શું જો ?"

"તું પેલી ઝોરીના હીંચકાની વાત કરતો 'નો."

"રાઇટ–ઉ રાઇટ–ઉ !"

[રાઇટ–ઉ એટલે રાઇતું નહિ સમજશો: એ તો ઇંગ્રેજી 'રાઇટ'ને 'યુ'નો અકડ્ફુસ ઓગાર છે !]

"પાળણાઓ આગળ તો અપ–ટુ–ડેટ સ્ટાઇલમાં સજ્જ થયલી હઝાઆરો ગોઆનીઝ ગુલેગુલાઓ "સોઓઓઓજ બાઆબા સોઓઓજા-પૈસા મીલેંગાઆ"ના "બાઇ–રોકા" સ્ટાઇલીશ અવાજે ગાતી અને લટકેમટકે પાળણાઓને ઝોંક આપતી પાળણાઓપરજ

તરેહવાર આવભાવના અવેશમાં એવા તો અળેટાઇ પડેલી કે તે પ્રદર્શને પાળણા અને પાળકને, તેણીઓ પોતે પારદર્શક ન હોવાથી, નજર આગલથી દુરદર્શક કરી દીધાં! દરેક પાળણાં અને ઝોરીપર "પસંદગી'ની નાહ્લી તખ્તીઓ મારેલી......"

કુમાને ચીરડવવા મેં પુછ્યું કે તખ્તીની મકસદ શું? પસંદગી તુંને કોણમાંથી કરવાની હતી? આયાઓ અડકનારીઓ ને ઉપરનીઓ માહુંથી કે ડીકેનટરોમાંથી?

"તું આ શું ડોરા મારેછ, બના, [હેન્રી મોનીનો સીપ] પ-પ-પ-પસંદગી-વરી અલબત બુચીઅઇઓ ને એબી ને બાબા ડીયરોમાંથી કરવાની ઉતી."

કુમાની જીભલીને મેં ફેરઓ લેતાં જોઇ આ દાસ્તાને દીલરૂબામાં રખે ડખલ પડે કરી આસ્તેથી મેં હેંત્રી મોનીને કબટવાસ કીધો.

"સેવકને ભુખ તો એવી કકડીને લાગી'તી," કુમાએ ચલાવ્યું, "કે સાહસ ને મુરબ્બાના સંગ્રહસ્થાન પેટમાં સંપોવવાની મતલબથી હું તે તરફ હેર્યું લેતો'તો પણ—કરામતની કરામત! તેજ પળે સઘળી ટેબલો નજર આગળથી ગુમ!! તેની જગોએ, યા મારા ખુદા! હું શું જોઉંછ? શું ધાર્યું બના?"

"અરે હવે ધાર્યું ને કોઇતું;" મેં કહયું, "ભોંસી મરની; સ્વપ્નું તેં જોયું કે મેં? કુંવારો તું છે કે હું? અમો પરણેલાઓને સ્વપ્ના જોવાના પરવડે નહિ; અમે લગનની ઝુસરીમાં જોડઇને matter of fact થઇ ચુકેલા; અમે સ્વપ્ના વશ થઇ જાગૃત્યસ્થામાં આવી ચુકેલા."

"O! Is it? Right—00 right—00; જોની તાહરે દોસ્ત, આય ટેબલની જગા હઝાઆરો છોકરીઓએ લીધેલી—ખાલી ખુણું પૂછેછ?–કોઇ ચીઝ્ઇઝ નહિં!' જારી ને પતલી, કારી ને ગોરી, સીદ્ધી ને વળેલી, લાંબી ને ટુંકી, કમ્મરવાલી ને કમ્મર વગરની, દબાયલી ને ઉપસેલી, પેશાની ને બીનપેશાનીવાલી, તરેહવાર સારીઓ, તરેહવાર પોલકાઓ, ધોત્તા ને મેલા, ગંધાતા ને સુફ્યાણી, લુસ ને ટાઇટ, સોડવાલી ને સોડ વગરની, છાતીપરથી ગબડેલી ને

જીકડેવી સાડીઓમાં સજ્જ થયલી, કોઇ કૉર્ટ 'શુ' માં તો કોઇ કનટ્રી બૂટમાં, કોઇ સકાર વગરની સપાટમાં તો કોઇ શોભનસાજનનાં સ્લીપરમાં, જ્યાં જુઓ ત્યાં–મીસીબાબા, મીસીબાબા, અને મીસીબાબા! એ મીસીઓમાં વળી તહમીના ટામટામે ને પીલાંમાય પીયાનાફૉર્ટે જાણે હાલમાં કીલ્યાણ ઓછું હોય તેમ પોતાનાં હારમોનયાં ને ઑરગનોપર 'Tom Thumb' નાં ઠપકારા કરતી 'તી; મહેરાં મૅટ્રીક્યુલેટો, પીરોજા પી.ઇ.'ઝો, બાનુબઇ બી.એ.'ઝો, દીના ડાક્ટરો–કોઇ ફાર્મોકોપીયા, કોઇ 'ઇલ્યડ,' કોઇ 'મીલટન' તો કોઇ શેકસ્પીયર વાંચતી 'તી; કેટલીક ઉંઘાડા પગી સપાટી–સુંદરીઓ,–જીવણજી અડકનારીઓ ને આસી ઉપરનીઓ સાથે ઝારીઓ ઝીકાટવા અને હાલરડાં લલકારવા પડી, તાહરે બીજી પોકળ પુતળીઓ, ગોઆનીઝ આયાઓને ગળે લગાડી ખુશ ગુફ્તેગોમાં ગુંઠાઇ ———આપરેએ! આય શું? મેં વિચાર્યું,—એ લીલાંઉખાનું તો નહિં હોય? ફૅનસી બઝાર જેવું તો કંઇ દીસ્તું નથી—પણ સબર! તેટલામાં તો ક્રાફર્ડ કુંઓના કારસાજીઓ કાવસજી ક્રાયર સાથ દાખલ થઇ વચ્ચોવચની ટેબલ આસપાસ ગોઠવાયાઃ દિવાળપર નજર કરતાં મેં

'કુંવારાઓ તૈયાર થાઓ!

તમારે માટે બહોળું ખેતર પડેલું છે! હમો નાઝનીનો તમારી નજર આગલ નજરકેદ થઇ છે—હજી કેટલો વખ્ત તમો પડી

રહેશો?—તમારી નોકરીમાં અમો

હાજર છીયે કરો–પસંદગી

કરો! આજે ન કરશો તો

કાલે ખચ્ચીત પસ્તાશો!'

—વાંચ્યું. લાલ પટાવાલા પટેદારોએ 'ચીઇપ ચીઇપ'નું ચીપલાણુ ચલાવ્યું; બાળકોનું ભુમરાણ, ગાણારીઓનું ગાણતાન, મીસીબાબાઓનું કીલ્યાણ સઘળું—એકમતીથી શાંત!!

ઑકશન શરૂ થઇ ચુકયું હતું: કાવસજી ક્રાયર પોતાના હંમેશના બાગે બુલંદ અવાજે બાંગ પૂકારી રહયા હતા. ભુખ તો કહે જે "મારૂં કામ." મેં વિચાર્યું કે હવે અહિંથી વરેણા વાવી જવું—પણ

અફસોસ ! તે થાય કેમ ? બાનુના સઘળા પટાવાલાઓની પનાહ હેઠળ જકડી લીધાં હતાં. બંદોબસ્ત બધો દરોબસ્ત હતો. બુઢ્ઢા ને જુવાન, ગરીબ ને તવંગર, કારા ને ગોરા, જારા ને પટલા, ટુંકમાં કેહુ તો જેવો જાતજાતનો ને ભાતભાતનો વેચાણનો અસબાબ તેવાજ નવરંગી નવઢંગી ખરીદદાર ખલીરો ને મરોડદાર મર્દાનાઓ મારી માફક તાંહ ઉભાઇ ગેયલા.

કાયરનો હઠોડો ઠોકાયો વેચાણના પહેલા બૅંચ તરફ તેને ધ્યાન ખેંચ્યું. એ બૅંચ બધો બાનુ તબીબોનો ઉતો; બૅંચ ૨ જો બાનુ ગ્રેડ્યુએટસનો ઉતો.

'ડૉકટર મીસ ફુમસ્યા' કાવસજીબાએ પૂકાર્યું: [એક અવાજ:— **જરા મોટે બોલો** અને કાવસજીબાએ વધુ મોટે પૂકાર્યું] 'ડૉકટર મીસ ફુમસ્યા, L. M. S. (Bombay) L. R. C. S. (Edin.) L. F. P. S. (Glas.) રીત: ઝીરો; ધોબીતળાવની ડીસ્પૅન્સરી; કમ્પાઉન્ડરનો ૧૨) મહીનાનો ચહડેલો પગાર ને ડીસ્પૅન્સરીનું ૪) મહીનાનું રહેલું ભાડું ખરીદદારે ચૂકવી આપવું પડશે. આ ફાઇઇવ ઠાઉઉઝઅન્ડ રૂપીઇઝ—ફાઇઇવ ડાઉઝન્ડ: ફાઇવ ઠાઉઝન્ડ: just going for five thousand,—any more? ટાઇઇઇમ—ટાએએએમ—ટાએએમ ડીરો.'

"ડાકટર પછી ડાકટર, M. A. પછી M. A.—B. A. પછી B. A. એમ સરાસરી ૫૦૦ પુતળીઓમાંથી ભાગ્યે ૫) પંઠોરાઇ. મૅટ્રીકયુલેટો સેંકડે ૧૫) ટકા, પીલાંમાય પીયાનોફૉર્ટો અને તેહમીના ટોમટોમો સેંકડે ૧૦) ટકા જયારે પીરોજા P. E. 's નું પ્રમાણ ૫) ટકાપર ગબરી પરયું ! ખરીદદારો બધા ડાક્ટરો, બેરિસ્ટરો, ટોમટોમ્યાઓ વગેરે ઉતા.

"પૂઠે આવ્યું ખુબસુરત બલાઓનું સંગ્રહસ્થાન: પણોતી પુતળીઓ ! નરી જાણે આંખે ઉડી વળગે ! ગોયા પોષાકી પરિયાંઓ ! ખાસ્સી ૫૦૦ થી ૭૦૦. સેવક નાદર નરગીશને નિહાળીને બીડ કરવા અગઉ—નિકાશ, જગાત, આવકજાવક, Freight,

Fees, નાટકની ટીકીટો, આઇસક્રીમના આંકડાઓના વંટોળ્યામાં વિંટલાતો'તો,તેટલાં ધમ્મ્મમમમ!—'બાઇ જોવ' ! એ શું ?—શું—કાંઇ અચકેઇ, બના ?—એ તો કાવસજીબાનો હથોડો ઉતો રે!—"

"અરે પણ કુમા, કાવસજીએ કંઇ આય તારી માફક દારૂનુ ગ્લાસ ઉંધું વાળી પહેરોણાઓના દિલપર બ્રૅન્ડીની રેલ બી ચલાવીતી કે'?"

"માફ કરજે દોસ્ત, પણ, સાંભળતો ખરો, એ કાઉએ કેવો કાહવો ડોહળ્યો તે !—'સાહેબો, આય સંગ્રહસ્થાન ઓલ્ડ ફેશન્ડ ઓલ્યાઓ ધમધોળ ધનજીકાકાઓ માટે નથી, એ તો તાજા તફડતા, ખાતાં ને ખરચતાં નહિં ખુટે તેવા રંગીલા છબીલા, ચલેજાવ-બલેજાવ, ચુપરાવ—એકદમ, મગઝે તર ને ખીસે પુર તરોતાઝગીવાલા તાજદારો માટે છે'—તમારો દાદો મરે કાવસજીબા તમે તો એક પળમાં સેવકના મનમાં ઉભરાઇ આવેલી ઉમેદોને તમારા હઠોડાથી ઝાટકીઝુટકી પખોડીને ઉમેદરામ મેહતાજીની હાજરીમાં મોકલી આપી. નરગેશ સેવકનાં મનમાં અલબત નઓજી થઇ. બાપડો ૧) લો પુરૂષ હું અકેલો,— ૨) જો પુરૂષ પૈસા,—અને ૩) જો પુરૂષ—પુરૂષ પદ,— યાને ભર-જવાનીની સ્વોંતમ સહાયતા વિના,—તેનો બોજો કેમ ઉપાડું ? આઆઆઆલો કરી આંખ આડા કાન કરવા જતો'તો તેટલાં આવ્યું:

"છેલ્લુ સંગ્રહસ્થાન ! એ બધું પંચમેળ પકવાન ઉતું. ગરીબો ને તવંગર, જૈફ ને જુવાન માટે તે ખુલ્લુ ઉતું. શિખેલી ને બીન શિખેલી, ગબુ ને વૃધ, ફેશનેબ્લ ને સાદી, stylish ને stilted— જે માંગો તે સઘળી તાંહ હાજર ઉતી. તે લોકના બાજુબંધો ને બર-કાઓપર ટીકીટો ચોંટાડેલી ઉતી કે:—'આવી જાઓ ! જાગો આજેજ જાગો ! અમને તો બસ ખાઇપીને વરો-જ જોઇયેછ, કુવારી જીંદગીથી અમે કંટાલી ગઇછ ! ખરીદો, ખુદા ખાતર અમને ખરીદો ! !'— અજાયબ જેવું તો એ ઉતું કે જે Order ને ચૂપકીદી વચ્ચે બીજા વેચાણોના સાટાં સંધાયાં'તાં તે ચૂપકીદી પોતે હવે ચૂપ થઈ ગઇ.

"આય તો regular ઘેલા-ધાંચીનું ધમશાન ઉતું ! હયાં તો મીસ આઇચાઇઓ ને મીસ ધનાપટેલો, મીસ ફૂલાણી ને મીસ ચીણીઓ મધમાખ માફક ખરીદદારો આસપાસ બંનબંન કરતી-લીલાંઉના

અસારને એક Fancy Fete નું રૂપ આપતી—ખરીદદારના બદનોને ફુલ-બટનોથી સણગારતી—તેઓની દહાડીને ગળામાં છુટથી હાથ નાખતી અને પણવાને જ્યારે લલચાવતી ત્યારે શું કેહુ યાર બના,—આબાદ તેઓ પંચાયતની ચુંટણી વેળાના platform orators ની આંગેનો મને ભાસ આપતી......"

"ચાલ દોસ્ત," મેં કહ્યું, "હવે ટુંકું કર."

"આય ઓય સરખું કરૂં છ," કુમો વાસ્યો. "સત્તર વરસની એક ગુલલાલાના હાથમાં એક તપકીર માસ્તરે પોતાના કાંદાભાતી રેશમી રૂમાલ અંદર કંઇ સેરવી દીધું કે—

'ટાઆઆઆમ,—જામાસ્પજી જમશેઆએદજીઇઇ'

ના ઠોકારા હેઠળ તેણી તેને ટોટે ટંગાઇ! તેને માથે ઠોકાઇ!!

"પીસ્તાલીસ વરની એક બજરબટ્ટુ, મારેલી ફરએ, જેણીએ લીલાંઉની Sale Bid માં ૩૫ વરસ નોધાવવાની સંભાળ લીધી'તી તેણી ૬૮) વરસના ખામગામવાલા ખા૦ બા૦ ખુરશેદજી ખસુખાંજી સાથ ખામગામ ખડેરાઇ. ખરશેદજીબાએ પોતાની Bid ઠોકાયા અગાઉ એજ Sale માં પોતાની ત્રણ ઉમરે પુગેલી બલાઓને પોતાના શિર-તાજ ઉપરથી ઉતારીને બીજાના સરતાજ ઉપર ઢકેલી દીધી—hand me that glass of water, બના—પેલી પીસ્તાલીસ વરસની બુઢયા ને બીજી કેટલીક પોતીઓ જેઓએ નજદીકના ખેશીઓ ગુજર પામવાના શોકમાં કાલો લેબાસ સજ્યો હતો તેઓ Bid ઠોકાતાંવાર side rooms માં જઇ સાથે લાવેલી પોટલીઓ માહેલા રંગીલા લેબાસ સજી,—તાજા શોકને એડીએ હડસેલી, ધન ધનઘેરી ધાંખરાઓની બગલમાં હાથ લઇ વિદાય થઇ. એક જાડ્ડી મીસ કુમીએ તારા સેવકને એવી તો ધરખમ બગલ-ગીરી કીધી કે તેમાંથી છુટો થવાને સેવકે પોતાનો ડગલો ઓગારી કહાડયો. સરવાળે, એક સુંદરીપર મારી નજર ઠરી: જેમ હું તેમ તે એ ઘડી એકમેકને ટીકતાં ઉભાં, એકામતીથી આગલ વધ્યાં, અને એકાજતીથી વાતે પડયાં. આહા! આખરે મારી જાની મળી ખરી! 'ડાર્લીંગ 'તું મને પજેશે' મેં પુછ્યું—'બાખુશીથી દિલજાન' તેને જવાબ વાળ્યો, અને બંદાએ પોતાનું દિલઅજાઆની સેઓએ

ગીત તેના કાનમાં રેડયું. મારી અપસરાની કીંમત આપવા માટે મારી પાકીટ હું શોધવા પડયો પણ તે તો પેલી કુમી હજમબાદ કરી ગેયલી! ઉધાર માગણીની મુજવણમાં હું ઉતો, તેટલાં,—યા ખુદા! ......"

અત્રે કુમો ઝટાક દઇ ઉભો થયો. આલમઇરાના કાચનો ખણુખણાટ અને કુંવરબાઇના ગુમણુમાટથી ઓરડો ગાજી રહ્યો!

*   *   *   *

પ્રિય વાંચનાર, તમો ન સમજ્યાં?—આ તો કેઠો "તમામ શુદ" નો તમાશો હતો. કુમો જાગૃત થયો હતો. તેનું સ્વપ્નુ જાગૃવ્યસ્થાને માર્ગે હવામાં ઉડી ગયું હતું! અને તેની પરીપેકર'—પરસ્તાનમાં ઉડી ગઇ હતી! અને અધુરામાં પુરૂં, પાકીટની ખોટમાં આલમઇરાના કાચની કીંમતનું કરજ ચઢયું! બૅન્ડીની ઝુમમાં કુમો "દિલજાઆની" લલકારવા પડયો ને ડોસાંઓ કાચનો ખુરદો ઝાડતાં હતાં તેટલાં સેવક પોતાના સાથી સાથ પાસેની ડૅસ્કમાં મુકેલું આ પુસ્તકનું હસ્તલેખ ખીસામાં ઘાલી,

—બનામે ખુદા—

કરી ત્યાંથી ચાલતો થયો.

તા૦ ક૦—કહેવાની શું જરૂર છે કે કુમો હજી કુંવારો છે. તેને હમણાં એક દુરના ખેસીનો છાંડો મળ્યો છે અને જો મારી પ્રિય વાંચકો માહેલી કોઇને મારા એ બીરાદરપર ખાટી મીઠી મરજી થતી હોય તો મારે શિરનામે લખવે સઘળી જોઇતી ખબર આળીશ.

પુચ્ચીભાઇઓ અને બેબી ડીયરો.

“ બા આપરે તાંહ ‘બલા’ આવશે તો આપરે તો કુવામાં નાખી દઇશું—કાપી નાખશું—વેચી નાખશું—ભેટ કરશું—કોઇ નહિ જોય તેમ કંઇ અખારામખારાનું પાઇ પહેરાવી દઇશું ”–ઇત્યાદી ઇત્યાદી–કેટલા બધા મારતે મીયાં સાહેબો આવું બોલ્યા છે પણ કોણે તે બજાવ્યું છે ? **All**—લુલીની લપ ને મહોડાની ગપ ! “ બલા ” જન્મી કે “બ”ની પાસે આ ધપધપયાઓ એક નાનકડો “ કાઆણો ” ઠસાવી દે છે અને આ “બલા” નહિ પણ “બાલા”ઓને લક્ષ્મી પેરે પુંજે છે. “માયજી બાવાજી–મમા પપા તમે તો એવાંજ રહી ગીયાં: અમે શું ધસરઇ આયા–ને આલાં શું આસમાનપરથી ઉતરી આવીછ કે ? પીલાંને શું ખોદાએ ખાસ પરવાનો આપીને મોકલીછ કે ?—” માસ્તર ઍંડી એમીએબ્લને આપણે બોલતાં સાંભળ્યે છીયે. × × × × ૫) વરસની મુદત ! એ બાબા પાછલ એક બેબી ! અને “માસ્તર”ની “મરકેટ્રી ”ના ‘ઑર્ડસ’ જુદાંજ જોમથી છુટે છે:—

“માયજી, આય દુકતાઓને કંઇ કહેતાં નહિ? રાસ્કલો દહારે દહારે ઘણા ચરી જાયછ ! આય મારી ડાર્લીંગ એમીને એવો કંટાલો આપેછ કે જાણે એ લોકને ચીરી નાખું ! [કીસીસના અવાજ] ઓઓ–માઇ ડાર્લીંગ: બેબી,—બેબી ડીયર; ખબરદાર—માયજી, તમે એને કંઇ બોલતાં ના; તમે તો એ પોરીયાઓનેજ પંપાળવાના ! જો વરી, નહિં બોલતો તાંહ સુધી ! એવી તો પાંચ નહિ પણ પચ્ચીસ પુતળીઓને પાળીને ઉભો રેહું. એવી છે કોણને તાંહ ? લાવોની દેખારોની ? ”

“ ઓ વાય !–લેરે વરી, હીરજીભઇ–જોયા કે આયા તમારા અદીને ? બહેનો સાથ ચીઠરાં ફારતા’તા, તે એજ મહોનાં કે ? જી ભરઇ નાહ્લીઓને તો દાંસતો’તો તાહરે ધરીયો ધરાતો’તો નહિ.”

* * * *

“ આલાં—પાસેની બેબીને જોઇ કે ? આપરે તાંહ એવી એક હોતે તો કેવું મજેહતું ! ”—રૂસ્તમ રતનાગર બોલે છે.

"દીની, યા ખુદા! આમ આપરી દલદેમરીના ક્યારામાં પાસેની મહુરાં જેવી એક સ્યાની પુતળી આપરે તાંહ હોતે તો આપરી કેટલી કર વળતે. કહુંજે: દીકરા તે ઘેરના ને દીકરી તો બહારની—પણ, એ બહારની મેહરસં ઘેરના બેટાઓ કરતાં એના મમા—પપા પર કેટલી મરી પીટેછ."—દારાબજી દોલીમહેરજી આ ફરીઆદ ઉઠાવતા સંભળાય છે, અને તેમાં વજુદ પણ ભારે છે.

ભુતકાલની બુચીબઇઓપર વર્તમાન કાલની બેબી ડીયરોએ હલ્લો કીધો છે! ઝોરી ઝોલકડાં અને ઝભલાંની જગા, પાળણા પીનેફોર અને પેટીકોટે લીધી છે. હાલરડાં વિરૂધ 'લલએબી' ઉભી થઇ છે,—પણ there it ends!—સાફસુફ! બુચીબઇઓ કંઇ બદલાઇ ગઇ નથી. નનામી, નકામી, નિર્જીવ, નહૈયાત થઇ નથી. તફાવત તો મોટા અને નાના ખાંચરાંમાંજ સમાયલો છે. બુચકલી સપાટ, નાનકડી રેશમી ઇજાર, તથાપી એક પાયજો ઉંચો બીજો લગાર નિચો, એકાદ સાદું વાસ્કુટ, અને "અલ્યા છગન"ની ચોટલીપર ચઢેલી રતન ચંબેલીની ભરેલી ટોપીવાલી બુચીબઇઓ રસ્તે અને શેરીએ "ફ્રામ વગરની સીલાટ" બગલદીમાં ઘાલી, લગાર શોકાતુર ચહેરે નીશાળે જવા પોતાનો એકલવાયો રસ્તો પોતેજ કાપે છે. હિંમતવાન બાલાઓ! તમો શું બેબી ડીયરો કરતાં ઓછી વહાલી લાગો છો? તમારાજ જેવી ઝોલકડી ઝભોલી બુચીબઇઓએ પારસી કુટુંબમાં બેબી ડીયરોમાંથી ઉગી નિકળેલી ઉપ્યોગી અને ઉત્સાહી માતાઓ, બહેનીઓ અને રક્ષકીઓ, કોમને શું મેળવી આપી નથી? તફાવત તો માત્ર નજરનો છે—બાતેનનો નહિ; ડ્રેસનો છે—વર્તણુકનો નહિ, ગરીબાઇ અને મોટાઇનો છે—દિલનો નહિ. ફારસી કહેતી છે કે "અઝ ઇન કતરે લુલુ એ લાલા કુનદ, વઝીન સુરઅતી સર્વ વ બાળા કુનદ" જે કત્રામાંથી પરવરદેગાર એમુળ મોતીની સિપો ઉછેરે છે તેજ કત્રામાંથી સર્વ (સરોવર) જેવી સિધ્ધી ચહેરેનમુન સુરતો (બાલાઓ) બનાવે છે. જેમ સઘળીજ ઉંચ અને હલકી મનોવૃતીની બાલાઓ બેબી ડીયરોમાંથી નિકળશે નહિ તેમ બુચીબઇઓમાંથી પણ પેદા પડશે નહિ. ઉપલી મસલ મુજબ જેમ બન્નેનું મુળ એક, ઉપજ અને વૃધી એક, તેમ ફાંટા જુદા.

માયજી-બાવાજીને અને પપા-મમાને વિનવિન હોવા છતાં તેઓ વહાલી તો લાગવાની.

ચાલો હવે, એ 'ડાર્લીંગ્સ'નાં **જીવતાં ચિત્રો** તમો સન્મુખ હું ધરીશ. તેમાં નર્સાં તેમ સારાં પણ છે માટે સેવકપર ફડવો ડોલો કરશો નહિ. પડદો ઉંચકો.

"શાળામંદીરે સારીવાલીઓ."

સારી?

કેવો અચુક અર્થસુચક શબ્દ! "કેમ ગુલ, વરી હશેજ શાની?" ખભે ઉભેલાં મારાં વહુમાયને હસતાં જોઇ મેં સવાલ કર્યો.

"પપા, વરી સારી તે સારી—તેની ઉપર તે શું ફિલસુફિ ચલાવવાની?"

"દીકરી, એ ફિલસુફિ નથી. ઘણાંક ઘરઘટ્ટુ, સાદાં, સુધ્ધાં સિધ્ધાંતો એ સારી-જ શિખાડે છે. સારી,-ન-ઠારી ન-કારી તો નથીજ; તેનો ખ્યાલજ સારાંની ભાસ આપે છે. અર્થાંતઃ—સારૂં શિખાડે છે; તેનો અખ્ત્યાર અખુટ ખજાણા મીસાલ છે. સારી પહેડવી તે સલુકાઇ અને શ્યાણપતનો સાહયો પહેડવા સમાન છે. છોકરી-વંદી બાજુ મુકી બૈરાંવંદીમાં દાખલ થઇ સંસાર સાગર તરી જવાનો આ માર્ગ છે,—સમજી મારી દીકરી?"

પાસેનાં પીલાંમાયનો પૂકારઃ—

"મની મની, મરેરે પીરોશા, પેલી તમારી દુકતી જોઇ કે? સારી પહેરતી થઇને બાગમાં દદરેછ તે! હવે કાંહ જાઉં? સુન્ના જેવી કોરનો આંઠ દહારામાં ફચડધાણ કહારી નાખ્યો! બહેરતી બાવાને હાથની બનારસી કોર છે. આજે એવી મળેછ કાંહ?"

મની મનોરંજક આ વેળા પડોશની હીલ્લાંના કાનમાં બીજેજ સરોદ રેડતી હતી. તેણીને લાગતું હતું કે સારીએ તેણીના નાના ઉગતા છોડવાને જંગલી સરોવરમાં બદલી નાખ્યો હતો. સારીએ કંઇ-

સાત દિવસમાંજ મમા પીલાં ધારતાં હતાં તેમ મનીને સુધારાના માર્ગપર મેળી દીધી હતી નહિ. આ સુધારે બીજા ખરા સુધારાની માફક ધીમો તો છે.

"અરે હીલ્લાં, મમાએ આંઠ દહાડા ઘેરમાં ગાંધી રાખી તે મારા તો પેટમાં ફાર પરેછ. ધેસન ધેસનને ઠેકાણે પરયુંછ. પણ ખરા જો—વાહ વાહ! મીસ મેના તો ક્હેજે ગેઇ તુંબી જબરી છે, મને કહેતીબી નથી" મની કુદે છે. સારી પહેડયા પછી તેણીને લાગતું હતું કે તેણીના પગો ખાસ્સા ૬) ફીટની ફલંગ મારી તેણીના કાબુમાંથી છટકી ગયા હતા, અને તેણીના કર એટલે હાથો કરાકરી બીસ્કીટ માફક વધી જઇ તેણીને કરાર આપતા નહિ. મમા—ડીયર પીલાં, જેવણની Home Politics પહેલ્લા પ્રકારની હતી નહિ, તેવણે સારીમાં કેમ શાન્ત પડવું તે બીચારી મનીને સમજાવ્યું હતું નહિ. તેણી ઘડીકમાં ગંભીર બની ઘુમટા તાણતી તો ઘડીકમાં બગીચામાં બીજી બાલાઓ ભેગી ભંગાણ પાડતી. હસવું કે રડવું, બેસવું કે ઉઠવું, દોડવું કે નાચવું, કાંઇએ તેણીને સુઝે નહી. પપા પીરોશાને તો એવું હોરમાય કે છોકરીને જાણે એ સાડીની સાંકળમાંથી બે વરસ મોકળી કરી નિશાળની કેળવણીના ફળ ચખાડે. Poor પપા! તેવણનેબી કેડી ખબર નહિ કે માત્ર સંસારીક સ્થિતિ, લગ્નનું બાઝાર, બચરવાલી, માવતર વિધ્યા, માવતરવ્યસ્થા, બાળકવૃધી વિગેરેનો રસ્તો બીજા માર્ગો માફક ખડબચડો તો હોય. નક્ષો ક્હાડવે એકદમ ઘર બંધાઇ જતું નથી. સારી પહેડતાંવાર સુંદરીને નિશાળે ન મોકલતાં ઘેરે ઘાલી રાખશો તો સંસારી ઉમેદવારીના બાઝારમાં તેણીને આગલ વધતી એકદમ અટકાવશો. "સારી"—સારાંનો ભાસ આપે છે. કેળવણીનો અટકાવ નઠારાનો ભાસ આપે છે. તુરતની સારી પહેડેલી સુંદરીને પણ શાળે કુદવા, ઇંગ્રેજી ભણવા દેશો તો તમારી ગેર—ગોધીઓ કરતાં વધુ તનદરૂસ્ત ઓલાદની વૃધી કરી, તે ઓલાદને પોતા પાછલ વળખાં મારતી નહિ, પણ ગાજતી વાજતી કરી આશીષ મેળવશે.

ચાલો ત્યારે વળી, એક બહાનું કાહડયું ત્યારે બીજું લાવતાં. નાઃ પાંચ પાંચ પોરીઓ!—એટલી બધી સારીઓ લાવ્યે કાંહથી!

અણુને બાર લુટવા જઇયે-ઘેરમાં સારી શાની જોઇયે-સારી પહેરવી તો રેશ્મીજ, સુતરાઉ નહિ એવા એવા ચમકેલ ખખારાથી વછેરા જેવી વણીતાઓને ઘરમાં વિના સારીએ દોડાવી હજામ, કલઇગર, મોચી, તરકારીવાલાઓની નજરે પાડી શરમ અને વિચારના વમળમાં વિંટલાવી દેતાં રખે!

" ગોધાઓ. "

ઓજ્જા! વળી ચમકો છો કેમ? વળી તમેજ 'નાઇસ લેડીઝો' વછેરા માફક વધી ગયલીઓને કંઇ બીજાં નામથી બોલાવો છો કે? જો બા,–ચુસીચુસીને આ પાણાઓમાંથી મધ ચાખવું હોય તો—જરા બેઅદબી તો થશે: એમ જરા જરામાં ચશઅમો ચઢાવી દેશો તો આગલ...પાટલો કેમ ફાવશે? શું કહેવોછ મીસ રીડર? ઓ આઇ સી! 'હાઉ ફની!' ("ચશઅમો" એટલે હું "આંખ" કહેવા માગુંછ; બેલાશક! બેલાશક!–તમારી આંખ નબળી છે એટલે ચઅશ્મો ચહડાવો, તેમાં સેવકને કંઇ વાંધો નથી. એ તો આપણી કળજુગી કેળવણીના પ્રતાપ છે.) ચાલો ત્યારે:

ધરેધર "ગોધાઓ" એટલે બુઢયા બુચીબાઇઓ ઉભઇ જાયછ કેની? તમારા સમ-સાચ્ચું કહોની?—તેણીઓ લલચાવનારી તો ક્યાંથીજ હોય? જોતાંવાર તો આપણને ખટકે છે કે તેણીઓએ પોતામાંથી કંઇ "પોતાપણું," કાંઇ અજબ ઝમક અને કાંઇ અચુક અસર ખોહી દીધી છે. તકસીર કોણો?–માબાપનો કે તેઓનો?–(તે તો બા તમે સમજી લેજો!) એમ પાણે પાણે એજ સવાલ પૂછતાં બેસસો તો આ પુસ્તકબાઇનું પૂછ વધ્યુંજ જશે. વળી એક વાતના તો આપણે અખાડા બહેદીન-કાઉસ કીધાછ: "ગોધાઓ" આગલ તમે ઘેરમાં કંઇ બીજો બોલ ઉમેરોછ કેની?–શું......?–કાનમાં કહોછ?......લેવો કહો: ઉમરને લીધે હું કંઇ બહેરો થયો નથી... ......("સાંઢ-સાંઢ"!!) 'રાઇટ' 'રાઇટ'! અબળા જાતીઓ બુઢયા

કમળભાતીઓને "ગોધાઓ" નહિં પણ "સાંઢ ગોધાઓ"ની મુબારક બાદી આપે છે. આ બાપડી બાલાઓ ગમે એવા જુવાનીનો ઓભો સર ઉપર નાખે છે છતાં તેઓની અસલીયાત તે માહેથી પ્રગટી નિકળે છે ! ઉલટું તેઓનુ પુરાનાપણું પરીપુર્ણ થાય છે. જેમ તમે તેમ અમે તેઓ માટે ખચ્ચીત દિલગીર તો છીયે. ઉમરને કોઇ અટકાવતું નથી. પણ, એક પાંત્રીસ વરસની પરણેતર જે સાદઇનો સણગાર સજીને માતુશ્રીમાં ખપવાને શરમાતી નથી પણ ઓર પોતાને તેમ જાહેર કરે છે તો દિપી નિકળે છે. ત્યારે બુઢયા બાલાઓ બાળ્યવસ્થાનો સણગાર સજી દરિયા કીનારે લટકોમટકો કરી જુવાનીનુ જાહેલ જોબન જાહેર કરી, મંડળીઓમાં પ્રવેશ કરી, લહેકે-લહેકે ચાલવામાં મગરૂરી શેની લેતી હશે ? વખ્ત અને વળતાં પાણી કોણુથી પકડાયાં છે કે તેઓ તેને પકડશે ? પુઠ પાછળ ચાલતા જુવાન્યાઓ પીઠે વખાણી મહો ફરતાં મહોચાળાથી વધાવી લે છે. મારી બાપુળીઓ,-તમને "સાંઢ ગોધા"ની ઉપમા મળે છે તે એક રીતે તો ગેરવાજબી છે, કારણ તમારામાંની કોઇ-કોઇજ ગોધઇ ચીન્હો દેખાડે છે. એ ઉપમા તો તમને ઉમરના અંગ-ઉછારાને લીધે આમવામાં આવે છે.

ત્યારે, ઘરમાં અને મંડળીમાં તમારો ખરો ભાગ ભજવો, પાંત્રીસ વરસની પરણેતરની તમો બાહિંમત નક્કલ કરી-બીનપરણેતર છતાં તેઓનું ડહાપણ ડોળો- તેઓની સાદઇમાં શણગાર સમજો અને જે માન અને ચહા તેઓ મેળવે છે તે ખચ્ચીત તમો મેળવશો; તમો છોડીઓમાં નહીં પણ બૈરીઓમાં ખપો-પોતાને માન આપો અને બીજા પાસથી લેવો. બુઢાં થાઓ તો ભલે થાઓ, પણ ખુશખુશાલ હસ્તાંરમતાં અને હસાવતાં, જેને ઇંગ્રેજીમાં **Growing old Gracefully** કહે છે, તેમ ઉમરે વધો. બાકી ...... એમ જુવાન્યાઓ ઠગઇ-ઠગઇને તે ક્યાં સુધી ઠગાવાના છે ? ત્રણ અદબી માફઃ કહોની જોઉં ?—શું પુરૂષ કે શું સ્ત્રીને બુઢાપાથી શરમાવું નથી; દરેક ઉમરે લાયક સાથી મળી આવે છે, પણ ડોલઘાલુ જવાની દગાખોર છે—તે પોતાને અને બીજાને સદા દગો

કરતી રહે છે—ને તમારી અને તેની "સગી" થતી નથી. તમે વર જીત્યાં નથી પણ તમારાં કાર્યોથી માન તો જીતી શકશો.

ચાલો સાહેબજી: ભૂખાં રહેતાં ના!—પાસેનું પાણું જુવો—

"દુલદુલી ડૉલીઓ."

"ખાસ્સી દુલદુલ જેવી છે!" એદલબહેરામ અકકડ, મહેલ્લી માલતોઝાર- ધપધપીઓના ધપ્પાખાઉઓ–બોલતા સંભળાય છે, પણ, એ ઉલ્લુઓને ખબર કયાં છે કે એ દુલદુલોજ બુલબુલ હોય છે-તેઓ 'ફ્રારટ' છોડીઓની છાસ નહીં પણ સદા દહી–દુધની ભાસ આપતી રહે છે. માથે–પડુ બારકસ વર્ગની એ લોકો 'મેમ્બર' નથી. એ દુલદુલીઓ બે વર્ગમાં વહેંચાઇ ગયલી હોય છે: બન્ને વર્ગો અણયાલા અને ધટમદાર હોય છે પરંતુ એક લગાર ઠીંગણા ગેટકાં સરખા અને બીજો મજબુત પણ નાજુક શીધ્ધો સરોવર સરખો. જુવાન્યાઓ પાછલા વર્ગને પસંદગીની *Palm* આપતા જણાય છે. આ દુલદુલીઓ દગાબાજ હોતી નથી; દગોફટકો તેઓનો સગો નથી અને બીજાઓ સાથ તેની સગાઇ તેઓ સાંધતી નથી. દુલદુલીઓ હંમેશાં ખુશમીઝાઝી હોય છે; ખુશમીઝાઝ બીજાઓને ખુશમીઝાઝી બનાવે છે; ખુશમીઝાઝ તેઓ પસંદ કરે છે, માટે લગનની હારજીતમા દુલદુલીઓ સદા જીતતી રહે છે; તેણીઓ કવચીતજ "કથેવર" હોય છે. તેઓનાં મગઝનો રખશ અભયાસી ઝડપે દોડતો નથી, પણ તેણીમાં નબળાઇની નિશાન હોતી નથી અને દેખાવ દેખાડે છે કે જીંદગીની ઝુસરી ઉડાવતાં તેઓ કદી પણ ઝીમાઇ જશે નહિ.

દુલદુલીઓ અભયાસ પોડીઓ ઉડલાવતી નથી, શાસ્ત્ર સણગાર સજતી નથી, પણ આવો સણગાર કરાવવાના તમો કને "ફુસમુટયાં" ન હોય તો દુલદુલીઓનો સંગ તમો ખચ્ચીત સાંધજો. આ દુલદુલીઓ સદા શાનત પણ સચેત છે. જીંદગીની જીકકરમાં જંજાલોને તેણી એક ફીલસુફની નજરે જોય છે, અને તેજ મુજબ તે ઉડાવે છે. ખડતલ બખતર તેણી બીનદહેશતે પહેડે છે, અને સોનેરી ચલ્લી

મેળવવા માટે ત્રાંબાની ચપ્પલી તેણી હાથમાંથી ઉડી જવા દેતી નથી; ચાંદ–મામા હાથમાં આવે કરી તેણી જીંદગી ઝુરાપામાં ગુજારતી નથી– આમ છતાં તેના દર્શણ લેવા તેણી નાકે જીતી લગાડતી. નથી. જે સુખ વિંધ્યું તેને તેણી મોતી ગણે છે. પેટ પુરતું તેણી ખાય છે અને ખવડાવે છે; પોતાના સુખ સગવડ સાચવે છે અને બીજા માટે તે સાંધે છે, 'હમબગ' જેવું તેણીમાં હોતું નથી, સાચવટનો અંશ તેણીમાં વિશેષ હોય છે, તેણી પોતે કુદરતી છે–બનાવતી નહી, માટે, સઘળું કુદરતીજ તેણીને ગમે છે. નમ્ર અને માયાળુ તો તેણી ખચ્ચીતજ છે.

પણ જો વળી, હું આમ લખું છું ત્યારે તમો એમ લેખશો નહીં કે આ દુલદુલી ડોલીઓ દોલા દોધી જેવી હોવી જોઇયે. તનદરૂસ્ત હોવાથી અ–તનદરૂસ્ત વિચારો અને મનોવૃતી તેઓને રૂચતાં નથી. વારકુટો તેઓને વારંવાર ટાંકવા પડતાં નથી. પ્યારના કુઠળા પીંજણોને તેણી મચક આપતી નથી, આમ છતાં તેણી બા,–જરા ધીમા તો હોય છે; ધસીને ચાલનારી અને તુટી પડનારી હોતી નથી, માટે લવજી લોભીદાસો, ધનજી ધામધુમ્યાઓ, મહેરજીભાઇ મંડળી પ્રકાશો, બહેલુભઇ બડેખાંઓ, સોસાયટી સાલીભઇઓ, અને એદુબા આગલાવધુઓએ તેઓ સાથ લગ્ન–આશનાઇ કરવી નહિં, સબબ, તેમાં તેઓની અને તેણીની સલામતી નથી. એ તો જેઓએ શાન્ત સુખવાસી જીંદગી ભોગવવી હોય તેઓએજ આ જુગજુગ જીવનારીઓની જીજ્ઞાસા કરવી. મારા મિત્ર કુંવરજી કડક ઉર્ફે કુમા કુમારાને હું આ દુલદુલીઓની બહુએ ભલામણ કરી ચુકયો, પણ તેને અભિમાનીનો ચડશ લાગેલો હોવાથી તેણીઓ સામે કડકા મોર્યાં અને તમો હવે પછી જોશો તેમ કુંવારાપણાના ચટકા–ફટકા હજી ખાય છે.

ફ્રૅન્ડ સોહલી, શું પુછેછ........"હું પાસેની દીના દુલદુલને પસંદ કરૂં ?"——

By all means, go at it my boy,–કર, કાલે કરતો હોય તો આજે કર. કરશે તેવું પામશે.

“ સમજુ સુનાઓ.”

શું બોલ્યો ?......“ડાકટરો પૃથક્કરણ કરેછ અને લેખકો કરી શકતા નથી?”—નવો જાવો, મારા સાહેબ, મુઝમાં રોજા ખોલશો! વૈદો શસ્ત્રથી અને લેખકો લેખણથી પૃથક્કરણ કરે છે. હજી તો સહવારના ઉઠીને “સટકણ” પાડુંછ—“ચુહલામાં” રખે સમજતાં, “પેટમાં” સમજી લેજો કારણ હું લેખણ-શસ્ત્રબંદ છતાં નેત્રબીન નજર-બંધ છું—તેટલાં નવલ નાણાવટી મારા ઓરડામાં ધસ્યો આવ્યો: “લાવો—ચાહ પાઉંને કાંહ સેકો તાણોજી! કાલે તમે ડફાંસ મારતા’તા કે મારી ડીયર સુના સમજુના ભેજાંનું તમે પૃથક્કરણ મને કરી આપશો, તે તમે think out તો કીધું હોશે, તેમ હોય તો ચુપચુપ ચાહ કેમ ગટાવોજી.” નવલ,-અટઅકે અને માલે નાણાવટી પડ્યો એટલે આ તમારા ન-નાણાવટીયાના દાંડા દેખઇતા ગણવા આવ્યો હતો પણ સેવકે તો તેનો કાનવાટીયો કરી નાખ્યો.

‘થાકતો રખે’, મેં કહ્યું “સુનાના ભેજાંનું પૃથક્કરણ મૅસ્મૅરીક લેખણથી કર્યું છે તે તેણીનાજ બોલોમાં મૅસ્મૅરીક અસરમાં તેણીએ ગાયલી ઇંગ્રેજી કવિતા સાથે તને કહી સંભળાવું છું”:—

“ અમે સુના સમજુઓ, મીં૦ બનાજી, કંઇ તમારા પેસુ સમજુઓ જેવી માની
“ લેશો નહિં તેમજ વળી ડાહીં કાગરી દીની માફક અમે ડહાપણ ડોલતાં
“ નથી. કેટલાક ઉટસેગફાઓ અમને ‘ચીસી’ કુદાવી ગયલી ઝુંફૂતી ઝાંફૂતી,
“ જુવાનીને ઝટાકી કહાડેલી, અર્ધ બત્રીસીવાલી બુઢ્યા બાળાઓ સાથે ભેળી
“ નાખે છે. તેઓ એમ સમજે છે કે સમજ સદા ઉમરે પુગેલાં સુકાયલાં કાલબુદમાં
“ સમાયલી હોય છે. Poor નવલ,—એબી એમજ ગોટાં ખાયછે! અમો
“ ‘મર્દાની’ થવાની કોશેશ કરતાં નથી તેમજ મર્દોને મરકી સમાન લેખતાં
“ નથી. પરણેલી જીંદગીને અમે ધીકકારતાં નથી, તેને અમો ચાહીયે છીયે
“ છતાં તેને અમો ફુલવાડીની સએજ સમજતાં નથી. જવાન હોવા છતાં
“ અમો ઘરડાં ઘુવડ મિસાલ દુન્યાઈ ડહાપણનું ડોળ ઘાલતાં નથી. જીંદગી
“ શું ચીજ છે તે અમો સહેજે નિર્ખી લહીયે છીયે. અમને જીતનાર ઉપર
“ અમો જીવ આપયે છીયે. સંસાર—સુખ જેબી અમારા માટે
“ સૂજેલું હોતું નથી છતાં કુંવારી વ્યવસ્થામાં ભવબાણુ કુહરાપા ઝુહરાપાની
“ સોડ અમો સાંધતાં નથી. અમને પરણો—અમો પ્રાણ આપીશું; કુંવારા
“ રાખો—છતાં સુંવાળાં રહીશું. કેમ મીં૦ બનાજી. ખરૂં કેની ! તમો તો, કહે

" જો: 'વાઈફ'ની પાંતીમાં 'લકી' છોડ્યો એટલે મારા કહેવાનો ભરમ સહેલે
" સમજશો. હવે મને ઉઠવા દેવોછ કે? આય તમારી મૅસ્મૅરીક લેખણ કેટલો
" વખત મારા શીરપર લટકેલી રાખશો? શું......? હજી સંતોષ પામ્યા
" નથી?—ઠીક, પુછો. જુવો મારૂં સમજુ અસલ ખમીર કેમ દેખડાવુંછ તે!
" શોધક બુધ્ધીનો અમો દાવો કરતાં નથી. 'પુરૂષ ખેતરો' અમો ખેડતાં
" નથી તોપણ અમારામાં તનમનની મજબુતીની કોતાહુ નથી. સરૂજત ભગત
" અમો થતાં નથી છતાં ભરથાર--ભગત તો છીયે. નસીબનું ખેતર અમો
" અમારે હાથે ખેડી લઈયે છીયે, અમારી લડતના બુઠાં હથ્યારો અમો
" બીજા કને ધારદાર યા સફાઈદાર બનાવતાં નથી. અઈયાસીપણાને અમો
" સદા અભડાઈએ મુકી છાંડયે છીયે. અમારો ભરથાર આળસુ હોવા છતાં
" તેની પીઠ ઉપર પછાડ મારયા વગર તેને ઉલટ ઉમંગ આપીશું. સાંભળો!

There's a poet who sings of the wonderful things
That man with his might and his knowledge gets through;
But I wish to rehearse in a jingle of verse
A good many things that a woman can do.

If distressed you appear she can comfort and cheer,
Dispelling the trouble that made you look blue.
She is born to console any suffering soul,
This is one of the things a woman can do.

She can talk like a book, she can wash, sew, or cook,
She can take shabby garments and make them look new,
And to keep a house neat, cheerful healthy, and sweet,
Is another good thing that a woman can do.

She's a wonderful trick when she nurses the sick,
And as mute as a shadow her tasks she'll pursue,
As an angel to cheer, she stands without peer.
It is one of the things that a woman can do.

In a good many ways she's entitled to praise,
In a good many others—to give her her due—
She's a little bit wrong, to continue my song,
I will name other things that a woman can't do.

I suppose you will own that she can't throw a stone
With a possible chance of her aim being true.
And the pencil shell point will look out of joint,
It is one of the things that a woman can't do.

If she goes out to spend a few hours with a friend,
She can't keep her tongue still a minute or two
And no note she'll address is without its P ~.—
tthra Fo fon the thino gse that a woman can't do.

"ઓ ! ઓ—! ઓ !! ખીસી ખીસી–તમે કેવી ઝપાટામાં લટકેલી
"લેખણુ ખીસાડી મુકી ! હું કાંઇ છેઉં ?–જરા મને ઉઠવા
"હાથ આપશો ? thank you, thank you very
"much".

"ખચાળુ ખટલીઓ."

"લેવો, પેલી ચાલી–ઓ ! ! કોણ પૂછોછ ? હરવાયા તમે તો, હેણુ અકકચ રહી ગીયા."

પાસેના સોનામાય સોનાવાલાને મેં શોર મચાવતા સાંભળ્યાં. સુખલાજી બાપડા માવે લગાર નરમ, અને ડોળા દપટાવવામાં લગાર 'ડલ' હતા.

"કોણુ વરી ?—પેસતનશા પઅલીડરની પુતળીઓ."

"લીડરની પુતળીઓ ? સુના, તું તો કહેતી'તી કે એવણુની વરીનું જ નામ પુતળી છે."

"ધરી પરોરે તમે,–પુતળીઓ એટલે પોરીઓ. પુતળાં પેરે પોલકાપોલકી પહેરી ઉંચી એડીએ પુટ્ટુક પુટ્ટુક ચાલે, મહોનાપર સુવાં પેલાં પલમ પુડીંગો પાંડરે ને બાલે બાલાબીછ બને તેને, સુખલાજી, તમે પુતળીઓ નહિ તો શું તમારાં જેવાં પુતળાં કેહો કે ? મારી આઇ ને બચઇ જો એમ કરે તો હું એ લોકની આઇ આઇના ડોગાજ ખેંચી કાહડું, સમજ્યા ?"

"પણુ સુના, મને કાંય ધકકો મારેછ ?"

"એ તો જરા હાથ લાગો તેમાં ઉદ્‌લાઇ શાના પરોછ ? આય 'વરી'–પેલા વરીઆવાની વહેવાણુની દીકરી પારોજા પડરના પેસુ સાથે પડુઇછ..........પડુઇ શું પૂછોછ ?–પડુઇ, એટલે, અદરઇ. અમે બૈરાંઓ જયારે એવાં ખેણુકોટક જોઇએછ તાહરે 'અદરઇ' કહેતાં નથી. ર–ર–ર–રાં...—

"અંહહ–ખબરદાર !" સુખલાજી બોલ્યા "આજે કોઇનીને કહેતાં કાલે તારીને બોલાશે."

"એ પીરોજા તો કહુછ કે પેસુ જો સમજશે નહિ તો બોલતી કુવો તળાવ કરશે. હરવઇઓ કંઇ દદરેછ કંઇ દદરેછ!–સહવારના ઉઠતાંને વાર પેલાં હારેમોન્યંપર હાથ દદરાવેછ, પછી પેલાં મોનોગ્રાફ્નાં બાજણાં દેખરાવેછ––"

"ગ્રામોફોન," સુખલાજીએ શેખી કરવાની હિંમત કરી.

"પછી એ પગભાગો પેસુ પધરાના માંડેછ ને ખીખી–ખાખાનું કાઉકાઉ શરૂ થાયછ તે એ ઘરીનો બપોરનો ઘોંટલો બી લેવાતો નથી! માય થતી કંઇ ઠાંસે તાહરે કેની? પેસ્તનશા બીચારા તારી પાઘરી મારે માથે કરતા ફરે ને પટલા પાણી જેવા થઇ ગીયાછ પણ પોરીઓ તો દહારે દહારે પોરબંદરે પુગીછ. કંઇ એ લોકના વારકુટના ખરચ! એક આગલથી ગરાં નિચાં નખાવેછ તો બીજી પાછલથી પીઠની અલેટીપલેટી રાંધેછ! શું જો?......મુઇ હમણા કંઇ પેલી ફેશીન નીકરીછ? એ પુતળીનું માથું આગલથી પાછલ ગીયુંછ તે પેસુની લાકીટ છાતીને બદલે પીઠે લટકાવેછ. એ લાકીટ દેખારવા સારીની પાછલી સોરને ડાબા હાથે બલુ રીબને બાંધેછ ને આગલો બરોચ દેખારવા આગલી સોરને ગોલાબી રીબીને ફુમટું ટાંકેછ."

"સુની, એ તો 'રૉયલ રૅડ ક્રૉસ' પહેરતી હોશે. કાલેજ મેં 'સ્ત્રીબોધ'માં એનું વર્ણન વાંચ્યું."

"તોફ્નું તમારૂં! સુવાં કરાસ પહેરેછ તાહરે વટલીજ કાંય નહિ જતાં? ખાધે ખુહવાર ને ગધ્ધે અસ્વાર! પેસ્તનશાએ 'બીચારાએ પાંચ પૈસા પબ્લીડરપણામાં એકઠા કીધાતા તે આય દલીદરોએ તેનાં ડોહરાં ડોહવ્યાં!! અખ્ખઇ રહયા એ છોકરાઓ રરતા કમાતાતા ને બાપની બાજુએ આવતાતા તે લોકોને એજ કાભાઓએ ઘેરરાખતીઓ લાયા કે ઘેરબહાર કીધા. છોકરાઓ તો બીચારા બાપને પાંચ પૈસા પુછેબી એવા અસીલ છે પણ તેબી આય દુકતીઓ જોતાંજોતાંમાં પાંઠરી નાખે! કહુજે પેસુ સાથે કરાર કીધોછ કે પણતાં વાર અમુને ચારે જણને જીનખાનામાં નાખે, અમારાં નમ્બર નોંધે––"

"જીમખાનાની મૅમ્બર કરે," મીસ્ટર સોનાવાલાએ સોનું પુર્યું.

"અઠવાડીયાંમાં બે વખત નાટકમાં ને એક વખતે પીકનીક, દરરોજ બૅનડ્ઇસ્ટાનપર ને બે રોજ વિકટોરીયા ગારડીન્સમાં, મેમાં

માથેરાન, નવેમ્બરમાં નવસારી ને ડીસેમ્બરમાં દાર્જીલીંગ લઇ જાય. રાં... ઉંધારે હાથેજ જન્મેલી તે, બાપ થનાનું ગરૂં ગંઠાઇ ચાલ્યું, પણ એ લોકોની આંગળા ગંઠાતી નથી ને મુક્કી મઠાતી નથી! ખાઇપીને એ લોક તો ખુલવારજ કરવા બેઠેલી છે. એ લોકોની હથેલીપરથી પઇસા પસરી પરેચ તે જાણે તમે ચાર ઘરી જોયાજ કરો! એ ખરચાલુ ખુલ્યાઓથી બોદા બેર કરે! જેનાબી સંબંધમાં એ લોકો આવેછ જાંહ ખસ્તેખહવારી ને ખાનાખરાબીની ખુના મરકી ચાલેછ. શું બોલોછ—હું મારા અદી સાથે એકને લેવાની ઉતી?—તે તો રાઇના પાર રાતે ગીઆં; તાહરે તો એ પોરીઓ પાણુનામાં બોહરતીતી; ફરીથી એવું બોલ્યાછ કેની તો તમારૂં કાધેલું તમે જાણે. મારા ડોરા છે તેટલાં મારા અદી ને બરજોરને તો હું એવી ચસ્કી ટચાકોના હાથમાં સપરાવા દેવશ નહિ. કહેજે રાજે ડીસેમ્બરમાં આવેછ તાહરે તમારા જેવાઓને છુટા છેરા ને બઇરી પર બઇરી કરવાની દ) દહારાની છુટ મળશે તે વખતે તમુને ગમે તો પુતળીની તણ બહેનોને તાણી જજો, મારા દીકરાઓના નામ તો શું પણ અલાબલાપરથીબી એ લોકને ઓવારી.

"વરરાખુ વરગટુઓ."

સ્યાણી સુંદરીઓની અને દુલદુલી ડૉલીઓની આ એક નાનકડી **Branch** યાને શાખા છે. ચપળતામાં તેઓ પહેલીઓ કરતાં ઉતરતી અને બીજીઓ કરતાં ચઢયાતી છે. પહેલીઓની મુવાફેક તેઓ આળસુ ભરથારોને આગળી હરોળમાં હડસેલી શકતી નથી, છતાં દુલદુલી ડૉલીઓ મિસાલ ચોક્કસ વયે પહોંચ્યા પછી તેઓ જમીનમાં જડ ઘાલી જીકડાતી નથી યા બરફ બની બાઝી જતી નથી. ખર્ચાળુ ખટલીઓ અને તેઓના જેવી કરજદાર કલેજાં ફરોશો સાથ વરગટુઓએ જન્મ સુધીની કત્તી કાધેલી હોય છે. કલીઅરન્સ સેલોની, ચુરપર્શાપની ડ્રેસમેકરોની નાટક-ફાટકની એસકઇ મેસકઇની સોડ તેઓ સાંધતી

નથી. કરકસરની રજકણું તેઓના બદનમાં હારેહાર પેવસ થઇ ચુકેલી હોય છે, અને હું-બાવા-ને-મંગળદાસ, એટલે કે પોતે-ધણી-ને-બચ્ચાં, ઘરની સફાઇ અને તનની સુઘડાઇમાં તેણીનું માન, શોભા અને મોજ સમાયલી હોય છે.

કુમલો કુમારો કાનમાં કહે છે: કે આવી એકને વરવામાં કંઇ ભય ખરો કે ?

"ભય ! યાર, ઉશ્કુ તો ખરો, તેથીજ કેઠો સાડીસુડતાલીસે સાણુના ઝાડ જેવો રહી ગયો. તું તેણીને પરણે તેમાં ભય નહિ, પણ **તેણી** સારી સાથે પરણે તેમાં ભયંકાર, ભયભીત ભય !—" તેના બીજા કાનમાં મેં ભુકયું.

"ડાહી કાગરી દોઢ ચતુરો."

"ઓ વાય દારશા—સાંભરોછ કે ? એમ દુશમેન દબાઇ શા રીતે ગીયા ? આય દુકતીની લુલીને જરા તો ડહામ-દોરો તાણો ? બલા જાણેરે ! દમ,-બખશ કરતાં હવે તો બંધઇબી જશે !——" દારશા દંદાસના ધણ્યાણી દીનબાઇ (મહીરે નામ દીનીયાઇ)એ ડહ-વારો કીધો.

"હરવઇ તો વન ચહરેછ ને વાદલ ઉતરેછ ! ધરી ધરાતી નથી. હવે તો કોઇ પરતોખરતો પુછતો આવે તેને પાંખરૂં પકરાવી દેવું." દારશા દંદાસને દીનબાઇએ વધુ દંડ્યા !

"પણ દીની, તું કોણુને વરે ઓલેછ ?"

"ઓ વાય ! આય માટીડો જોયો કે ? કોણુને વરે ? વરી તમારી 'વરી' ને વરે."

"મારી વરી ?-તે તારી નહિ કે ? પણ એ તારી 'વરી' તુંતો કહેજે વરવાજ માંગતી નથી. વરી કંઇ એને નવો વરઘોરો કાહ-રયોછ કે ?"

!——!——! માહુથી એક બુમ ! ——! ——!

"મમા મમા, આય રતનબઇ જોવેોની——મને બખ્યા ભરેછ."

"જોવો હવે રૂંઢઇ કેમ ગીયા? કંઇ જરા હવે હાંસસો."

"જરાં જરાં, એ શું તોફાન છે.?"

"પપા, આય રતાં કહુછ કે 'રતાંમાય' નહિ બોલશે તો તારો ટોટોજ પીસી નાખશ. એને હુ 'માય' શાની કેહુ ? મમા તે માયઃ તે એવણુ તો કહુછ કે હુ 'વરી' તે મનેબી માયજ કહુવુ જોઇએ.

"કેમ હવે કાનમાંનું સીસુ નિકલ્યુ ? મોટે મોહને બોલ્યાઃ મારી 'વરી' તે તારી 'વરી' એ વરવાજ કાંહ માંગેછ, મુવા નુસવારા કહુછ તેમ 'વગેરે વગેરે'—બોલવાના કાંઇ પૈસા પરેછ? સીનોર આગલબી એવીજ લટરાજ ચલાવી હોશે તે ઘેરમાં એફ્રી મારવી પરીછ. વરવા તોએ ઘણીબી માંગેછ. રોજ ટાહી ટાહી કરેછ પણ મુવો કીયો કાગરો તાણી જાયછ? અહી તો અસ્તાયલો છે, પેસી તો પણુનીને પસ્તાયોછ, એક છોકરાંવારો તો એકવર્યો, બેવારો બાવર્યો એમ કરતાં કરતાં વછેરા જેવી વધી ગેઇછ. બીચારી મારી દીકરી છીલાં છફ્રી છમસીએ આવેછ તેની સાથ છપલાં લેછ કેઃ તમે દુકતીઓ નાહ્લી નાહ્લી પણની ગેઇ ને મારો તો બધો ભવ એમજ બરી જવાનો.

!—!—! માહુથી બુમ !—!—!

"પપા પપા—ઉઉઉઉહુ-ઉંહ-ઉ—આય રતન મને તમાચો મારેછ—મને પેટ આવેછ તે તમે મને ઘેરમાં રાખ્યો ને એ કહુછ કે ઇસ્કોલ કરાહ, પપા કોણ થાયછ?" ચેકુસ બરજોર બરાડ્યો.

"માઆઆઆયજીઇઇઇ, આય રતાં મારો વર્કબોક્ષ આપતી નહી. કહુછ કે હુ બપોરના ટ્યુશન આપવા જવાની છેઉં તે મારાં બુટ સાફ કરી મુક. એવણુ કોણ મોટાં આયાં કે હુ બુટ સાફ કરૂં ?"

"રતાં રતાં, રતનબઇ—રતી, રતાંમાય—!—

"ઓ વાય !! —બીજાંબી કંઇ સાત પાંચ નામ દેવોની. કંઇ ઘસીઘામીને ઘબોલસો કે—

અત્રે રતનને ખભેનો રૂસ્તમ હાથમાં 'રાસ્ત ગોફ્તાર' સાથે ખભરાટમાં ખરવાયાં તોડતો ધસ્યો આવ્યો :

" Hang it મમા—! "

" બાવા, શું છે ? "

" શું ઉં હોય વરી ? તમેબી આય તણ નાહ્લીઓના બાથાં ઘોઇ નાખ્યાં ને એનેજ વાસ્તે કોઇ મળતું નહિ કે ? આય 'રાસ્ત'માં એક આર્ટીકલ નાહ્લી આવીછ તે હું વાંચતો તો તે એ કહેછ કે 'એ તો તું પેટમાંથી જોડી કાહ્ડીને મને લાગુ પારેછ.' જોવા કેહુંછ તે જોતીબી નથી, ને વિછણની કાંની દિલપર ધસેછ."

જોઉં બાવા , મને દેખારની--" દીનયાઇએ નમ્ર ડોહ્ળ્યું.

ડાહી કાગરી દોઢચતુરો.

ડાહી કાગરી દોઢચતુરો વિષે આજે અમે
કાંઈ આશા અને કંઈક ભય સાથ બે
બોલ બોલવાની હિંમત કરયે છીયે.
આશા—તેઓના સુધારાની. ભય—
તેઓના પોતાના ભવિષ્યની અને
તેઓની જીભલડીની સેસની. આ
નવો વર્ગ આપણી ઘરમટ્ટુ જુન્નીઓનો,
એટલે વડી વછેરીઓનો બનેલો
છે. વડી કંઇ સઘળીજ વિછણ હોતી
નથી પણ જે થોડી હોય છે તેઓ
પોતાના ઘરમાં ત્રાસરૂપી મરકી સમાન
છે. અંહકારનો અઉંશ અને હું--પણાનો
હંબેરો તેઓમાં વીશેષ હોય છે. સારું
માથું કરતાં અને સંજોગો સાંધતાં
તેઓ લગભગ સંસાર સાગરને
તીરે તણાઈ ગયલી હોય છે.
અદરાઇ પરણીને ગોઠવઇ જવાને તેઓ
આતુર છતાં ઉલટા ઉદમારો તેઓ
સદા બાહેર પાડતી રહે છે. મોટાંમાય
થઇ મહત્વનાં મંદીરની રાણી
થવા અને તે મંદીરમાં પુંજાવા તેઓ
સદા તતપર હોય છે. આમ છતાં પિયરનો
સંગ અને તેણીની જુહાકી જાલમી કોઇ

જાલમ ભરથાર સદાની ઝબેહ કરે તેના ભયથી- 'ભરથરી રાજા'થી તેણી ભાગતી ફરે છે.

થોડું શિખેલી હોવા છતાં ઘણુંનું તેણી ડોળ ઘાલે છે. તેણીને માસ્તરણી થવાની અને ઘર ગંધઈને બહાર પમરવાની- બીજાનાં નાના બાળકોને સલુકાઈથી અને ઘરનાને સોટીથી સણુમારવાની મોહીની લાગેલી હોય છે આ પણ તેણી. પોતાની બહેના ભાઈઓ સાથે ભળાઈ જઈ તેઓ સાથ રમતગમતમાં ભમતી ફરે છે તો પેલી પણે હાથમાં સોટી લઈ તેઓપર મહેતાગીરી કરે છે. સાવકાં સુતરાંમાં, ભર બાકુતમાં. વન-વહેવાઈમાં તેણીના વરઘોડા જાણીતા છે. આજારી માદાંઓને જોવા જવાનો, તારાં-મારાં પાંઠરાણુપર પથરાણું માંડવાનો અને ભંગાણુ પાડવાનો. પારકાઓની માસી કાકીઓને પોતાની ડોકી બેસાડવાનો. અને કાલી સાડી સજી શોક વિયોગ કરવાનો તેણી સદા અભખરો રાખે છે.

એકાદ નાના ભાઈનું અથવા નાની બહેનનું કારજ સાંખવામાં તેણી મગરૂરી માની લે છે, અને "તેવાં" જમાઈ અથવા વહુ પરથી તેણી ઓવાઈ પંથરાઈ જાય છે. પણ જો આ કારજ તેણીએ પોતે સાંચ્યાં ન હોય તો તે બાપડાંઓને ભાંય ભારી પાડે છે. તેઓ પટ દઈને માટીડાના મહોપર આવે છે અને તેઓનું પટ પાતલું કરી નાખે છે. ભાંયે દાટયા પણ આ છવડો બોલે છે.

આ ડાહી કામગરીઓ પોતાને સબસે શ્યાણી સમજે છે. પોતાનો ભાવ બળી ગયલો તેણી સદા જાહેર કરે છે અને આમ છતાં જયારે પોતાની સવા પહોરની પાદશાહીનો અંત આવતો તેણી જોય છે અને પોતાની ઉમરનો અથવા પસંદગીનો ખાવિંદ પસંદ કરવાની હદ તેણી ઓળંગી ગયલી હોવાથી. અને આઈનું ખાઈને અઠાંગા સરખું બદન કીધેલું હોવાથી, જે પહેલો,

પાંસઠયો, છોકરાં છઈયાંવાલો, રંડાયલો,
તેણીને જડી આવે છે તેની સાથે
બહારથી હસ્તું મોહ કરી ઉપર
જબરી કરી તેણી ચાર ચોખા છંટાવે છે.

"લેવો મમા, હવે એમાં કંઇ મારો વાંક છે? જો હું કલમકસ હોતે તો આય રતી એમજ કહે તે કે આય બધું મેં પકાવેલું છે. મારો દોસ્ત રતુ એની ઉપરથી ઓધઇ પંડરઇ જતોતો પણ એક દહારો રતી મારી સાથે ઉપલાં લેતીતી તે વખતે એ છુપઇને ઉભો ને છુપીથી પોતાને ઘેર જે છુપઇ ગીયો તે પાછો આપરે તાંહ પ્રગટી નિકળ્યોજ નથી."

સારાંઉશ:—આવી વડી વછેરીઓની છાયા કરતાં વડછાયા ભલી, માટે હું મારા કુંવારા બંધુઓ આવી ડાહી કાગરીઓ અને તમારા વચ્ચે સદા દોઢ ગાઉ અને દસ તસુનો તફાવત મેળજો.

"હસ્તીરમતી રંગીલીઓ."

આ કથન ઉપર સેવક કલમકશી કરતો હતો તેટલાં ખમેથી કુમલા કુમારાએ પોતાનો કડવાસ જાહેર કર્યો:

"જાવો જાવો મારા સાહેબ, ખાન ખાવોછ! તમેબી પરવારતા પર્યાછ તે પરવારાં વેરોછ. વરી હસ્તીરમની રંગીલીઓ આપરાંમાં બરીચજ કાંહ? કેળવઇને કંદ થયેલી તમારી પોરીઓના મુખડાપર કસજ કાંહ બરયોચ? કરમકશીની કેળવણી એ લોકોને કસ લેવા દેચજ કાંહ? કસનો ટચ એ લોકોને touch જ કાંહ કરેછ"—વિગેરે.

કુમો ચાહતો ત્યારે ફિલસુફ થઇ શકતો અને તેનાં પાકટ કુંવારાં ડહાપણે આ વેળા પણ મારી કલમને આઇતી વખતે કસી આપી.

"જો દોસ્ત કુમલા, તમે કુંવારાઓ જરા દાદાબર્યા તો ખરા! તમારા કડવાસે કંઇ સારી દુનયાને કડવી બનાવી દીધી નથી. કોઇ વેળા કડવાસ કડવાસને મારેછ પણ તમારા બાબમાં તે ઉપાય કારગત લાગે નહીં. ચાલ આવ—બેસ, જો, આય મારૂં લખાણ પુરૂં

થાય ત્યાં સુધી કંઇ બોલતો ના: એ વાંચ્યા પછી જો તું એકાદ આવી શહેરશું રંગીલીને પસંદ નહિ કરે તો તારી મુછ–અરે!–તમે કુંવારાઓ તો બરમુછ્યા બરયાછ!–તમે લોકો તો મરતાં સુધી બૈરી કરી શકતા નથી એટલે તેને મુવેલી માની લેવો છો અને મુછો મુંડાવી નાખો છો."

મારૂં કથન:—

આપણી રમુજી રંગીલીઓ—દુલદુલી ડૉલીઓની મુવાફેક દલીદ્રતાથી દુર હોય છે. તેઓ દલદર હોતી નથી એટલે ઘરમાંથી દલદર તેઓ દુર રાખે છે. તેઓની આંખ્યોમાંજ રમુજ રમી રહેલી હોય છે. તોફાની બારકસ તો તેઓ હોય છે. પણ ડાહીકાગરી દોઢચતુરો મિસાલ તેઓ તરીયાપાવ બે રેજાં આસપાસનાઓ સાથ હરગીઝ ફેંકતી નથી. તેઓ હસે છે અને હસાવે છે. પોતે હસવું અને બીજાંને હસાવવું અને હસતાં રમતાં હસતીમાંથી નિસતીમાં જવું, એ મુદ્રાલેખ પોતાને હૈડે તેઓ હરણ કરે છે. તેઓ સદા ખાલેસ, ઉછાછલી પણ હિંમતી, સાચ્ચાબોલી હોય છે. ડાહી કાગરીઓ અને અદેખીઓ તેણીઓને નાચણની ઉપમા આપે છે, પણ, આ ઉપમાની ઉપદેશકોમાં અને તેઓમાં હિરા અને કાચના ટુકડા વચ્ચેનો તફાવત હોય છે. બન્ને દુરથી પ્રકાશિત દીસે છે પણ નજદીક આવતાં એકનો પ્રકાશ વધુ પ્રકાશિત ત્યારે બીજાંનો બીલકુલ 'ડલ' દેખાય છે. આ છોડી છોડાઓ સાથે નાચે છે અને કુદે છે પણ અંદાજાની હદ તેણી કદી ઓળંગી જતી નથી. વસણાયલાં ડાચાં તેણી કરતી નથી અને બીજાંઓનાં લંબગોળ ડાચાં માહે ફુચા મારવાની તેણીને લાલચ થાય છે. 'પૂછડાં' બાંધવામાં, ચંકુલોની પીઠે ચાકે 'Ass' લખવામાં, ઉલ્લુઓની જાણ વગર બેઠક ખેંચી લઇ તેઓને જમીન મપારવામાં, ડાહી કાગરીઓની સાડી અને પોલકાઓને તેણીઓ સુતેલી હોય ત્યારે પીનવડે જકડી લેવામાં, વડા યા નાના ભાઇનો રૂમાલ ડગલાના ગજવાં સાથે સિવી લેવામાં, ઉલ્લુઓને પરણવાનું ડોલ ઘાલી તેઓને ડપેણાં ઝીલાવવામાં તેઓ સરસાઇ ભોગવે છે, પણ, આ તોફાની તત્વ પોતાનો યા આસપાસનાઓનો તરાપો ડુબાડવાને તેણીને કદી પણ તાણતું નથી.

ચણાની એ ફાડ કરી આપતાં તેણીને આવડે છે. તેણીનામાં 'હમ્બગ' જેવું કાંઇ હોતું નથી અને હમ્બગનો તેણીને ધીક્કાર હોય છે. દેખઇતાં કારણોને લીધે આ હસતી પુતલીઓની હસતી દિન પ્રતીદિન કમતી થતી ચાલી છે. તેઓના હાસ્યરસના અંશને આ કળજુગના જમાનામાં લાલચુ અને લોભી માબાપો કેળવણી અને ફિશ્યારીના રોહમાં કચડી નાખે છે. તેઓ હસતાં જનમે છે પણ તેઓને કોઇ હસતાં મરણ પામવા દેતું નથી. આસપાસના અનસમજુઓ પોતાનાં અનસમજ બાણોથી તેઓમાં કડવાસ આમેજ કરે છે. જેમ આપણા ઘણાક તોફાની બારકસો-માંથી તુરરાઓ નિકળે છે, નાનપણના તુફાનીઓ તે મોટપણના સ્યાણા સલુકયાઓ બને છે તેમ આ રંગીલી છબીલીઓ મોટી ઉમરે ડાહી—દોહરી બની પોતાની સુજતને સુધારે છે એટલુંજ નહીં પણ જે સમજુ સજ્જનો પોતાની સુજતને તેઓ સાથ જોડે છે તેઓને તેણીઓ મોટાઇને મરતબે પહોંચાડી સરતાજ બનાવે છે.—

*   *   *   *

"વાંચ કુમલા વાંચ," સેવકે ખરડી કાઢયા પછી ભરડયું: અજાયબીની અજાયબી ! દરેક લાઇને કુમલાનો કરમાયલો ચહેરો ખીલતો ચાલ્યો. તેની હોડપરના ફિકાસે રતાસ પકડ્યો. બીડેલા હોઠો વચ્ચે તે કાંઇ બડબડતો સંભળાયો—

"you are right! હું ઇચ્છું છ કે હું દસ વરસ પાછલ ઘસડઇ જાવું. યા ખોદા ! ફ્રેન્ડ બના, આય ઉમરે આવી કોઇ રંગીલી પુતળી સાથ રંગ મચાવવાનું નહિ બને ? ? તારા ધ્યાનમાં કોઇ છે કે? લે દોસ્ત ઉઠાવ ગ્લાસ:

Here's to Jolly Girls

હુર્રે!"

*   *   *   *

ગરીબ બીચારો કુમલો તો હવે કરમાઇ ગયો છે, પણ મારા જુવાન દોસ્તો જો તમે તેમ થવા ઇચ્છતા ન હોવો તો આ વર્ગની

ઉભરતીઓ તરફ જરૂરબાજરૂર નીગાહ કરજો. પસ્તાશો નહિં. પછી તો Just as you please. આ હસ્તી પુતળીઓ પાસે કાલર્યા હોતાં નથી અને તમારી કને તેઓ તે માંગશે નહિ.

"અદેખી અલબેલીઓ."

એટલે--?--! એ વળી નવો ઓરંગો શું છે? અદેખી અલબેલીઓ!! અહુહુહુ—જાણે અબલા અને અદેખાઇ વચ્ચે અંતર યા અંતસ હોય, જાણે કોઇપણ અબલા અદેખાઇથી દુર હોય! છટ નૉનસંસ! અદેખઇ તારૂં નામ અબલા છે.—અબલા તારૂં નામ અદેખઇ છે."

કલમડીની કલવકલ કંઇ અજબ ચીજ છે! સાધારણ સ્વિકરાયલી મનાયલી બીનાને સંકડાસના સંકડામણમાંથી તેણી સાવચેત કરે છે, સુતેલો સાંપ તેણી જગાડે છે. હજી તો 'શું લખું શું લખું' કરી વમાસણ કરૂંછું તેટલાં 'અદેખાઇનો ભોગ!' એ મથાલાં હેઠળ ન્યુસપેપરમાં સેવકે વાંચ્યું કે કોઇ ભરથારે અદેખાઇથી અંજાઇ બાયડીને સદાની આંજી નાખી. પુરૂષ અને અદેખાઇ અનજાણ્યાં હોતાં નથી તો સ્ત્રી પોતાનું આ આભુષણ અભડાઇ ઉપર કેમ મેળી છાંડે? અદેખાઇનો અંશ તો મોટે યા નાને દરજ્જે **સઘળી સ્ત્રીઓમાં આમેજ છે.** તફાવત માત્ર એટલોજ કે જ્યારે કેટલીકો પોતાની અદેખાઇને સપાટીપર પ્રગટવા દે છે ત્યારે ઘણીકો તેને છુપાવી રાખે છે. અદેખી સ્ત્રીઓ પકડાઇ આવવા ઇચ્છતી નથી અને જ્યારે તેમ થાય છે ત્યારે તેઓની અદેખાઇનો આતશ બમણો સજીવન થાય છે. ઉંમરની અદેખાઇ, સદગુણની અદેખાઇ, લેબાસની અદેખાઇ રંગ-રૂપની અદેખાઇ, નણુંદ ભોંજાઇની અદેખાઇ, પટલી કમ્મરની અને લાંબી ગરદનની અદેખાઇ, લાંબા બાલની અને અણયાલાં નાકની અદેખાઇ—જ્યાં જુવો ત્યાં અદેખાઇથી અંજાઇ ગયલી આંખ્યો તમને દેખાવ દેશે! જે સ્ત્રીનો અદેખાઇનો જળતો આતશ જવાળા-મુખી પેરે બાહેર ફાટી નિકળે છે તેઓ એ દુર્ગુણને ફતેહમંદીથી છુપાવી રાખનાર સ્ત્રીઓ જેટલી ત્રાસદાયક હોતી નથી. કોઇની રંગીલી રમતનો

ભંગ થયા,- એકાદ ખુશમિજાજી પાર્ટીમાં ભંગાણુ પડ્યું, કે ભડભડ-બોલી અદેખીઓનો આતશ બુજાઇ જાય છે.

એક અદેખી સ્ત્રીના હાથમાં તેણીની બેહનપણીઓ સપડાતી નથી ત્યારે પુરૂષોને તેણી સપાટામાં લે છે. કલ્યાણીવાલી આવી એક આલી અદેખી સાથે અડફટનાં આવતો મારો બીરાદર કુમલો મારી સલાહથી સહુજે બચી ગયો. એમ તો કુમલો કંઇ એવો દેવાનો નથી–ખેંચાણુ કાંઇ આલીનું ન હતું–૧૦) હજારની આદરણીનું આકર્ષણુ હતું. કુમલો સદા બોલતો કે: 'કલ્યાણી મારો દેશ ને કલ્યાણીઓ મને કલંક લાગવા દેશે નહિ,' પણ આલીના નામપર હવે તો એને સદાની કલમ કાપી છે. એ **અદેખી** કલ્યાણીવાસીએ એનું કલ્યાણુ કર્યું નથી, અને, મારા કુંવારા ફ્રૅન્ડો–તમારૂં પણ તેઓ કરશે નહિ.

"NOVEL READING નવલખીઓ."

કુમલો જ્યારે ફિલસુફિના ફાંફાં મારે છે ત્યારે તે પોતાને......! કેમ ભઇ, વળી વાંકાંટીકાં ડાચાં કેમ ? કંઇ જેવો તેવો દોસ્ત સેવકે શોધી કહાડયોછ ?–એ તો એક character છે, character સમજયા ? શું......... ? "character develop કરતાં મને આવડેછ કાંહ ?"–હોય બાઃ તમારા જેટલું ભેજું આપણું develop થયલું નથી. તે માટે તો ઍડીટર થવું જોઇયે. આડીટાચાર્યાનો સાહયો સજવો જોઇયે. આપણી કલમમાંથી તો, બાપુ, તાડીના ટીપાં માફક ટપક–ટપક રસ ટપકે. પણ જો ધીરજ ધરશો તો તબકકે તબકકે કુમલાની character નો છાપ તમારાં મન ઉપર અખંડ છપાશે. તને ધખારો લાગ્યો છે કે સૉક્રેટીસ સદા સુફેદ મખમલના સ્લીપર્સ, લાંબો સુફેદ મખમલી ઝભો અને સુફેદ મખમલીજ કાન્યાં–કૅપ સજતો હતો. જીવદાર કુમલો પણ આ ત્રણ સામગ્રીઓને જીવ સમાન લેખતો. તેને આ લેબાસમાં નિહાળવાની માનીતી મોજ ચાખવા ઠંડી મોસમની એક ઠંડી સહવારે પરેલ મધે આવેલા તેના

'કલ્યાણબાગ' તરફ મેં મારાં કદમ લંબાવ્યાં. કુમલો મને કમ્પાઉંડમાંજ ભેટયો. સૉક્રેટીસ મિસાલ તેને પોતાનું જમણા હાથનું આગળું નાકપર મેલ્યું—ગંભીર ક્ષુમરો તાણ્યો અને પોતા પાછળ આવવાની મને ઇસારત કરી. તેની માનીતી બેહેન મક્કીના ઓરડા આગળ આવતાં મારા કાનમાં તેને ફૂંક્યું: "અહિં ગુપચુપ ઉભો રહે, બના, કંઇ બોલતો ના." ખાસ્સા ૯) વાગ્યા હતા અને મક્કી ઓરડામાં શું કરતી હતી ?

"શું કરતી હતી ?"—

મથાળાં પર નજર ફેંકો, મહેરબાન. મહાન કુમલાની આ મહાન બહેન આપણી જાણીતી ટીનપાટોયાં નૉવેલ વાંચક મંડળીની મેમ્બર હતી. ગળાં વહેરના બરનુસમાં બરસનુસમ લઇ પોતાનાં રાત્રીનાં બીછાણાંમાં, આંખે ભેંસ્યા લગાડી, માથા ઉપર સુંવાલી સાડી નાંખી આ ઉપયોગી જીવડો ઉધ્યમની ખેતી કરતો હતો–અર્થાંતઃ–તેણીના હાથમાં એક ચોપડી પકડાયલી હતી. તેના બહારના કવરપર "ત્રીચીનાપોલીની ત્રણ પુતળીઓ–ઝનાનખાનાપર ઝડપી નજર," ઍમબૉસ કીધેલું હતું.——હેં ! ? ———ઝ–નાન ખા——નું ! સેવકને લાગ્યું કે મક્કીનો આ ઝરૂખો ખુદ બખુદ ઝનાનખાનું હતું. મકકી મહાબુબ આ ઝનાનખાનાની બીબી હતી અને ગોયા હું અને કુમલો દુરથી આ બીબીની Court Courtesy કરતા હોઇયે.

હજી તો હું વમાસણમાં છું તેટલાં કુમલો ધીમેથી કહેજે: "મારી ડોસી—look sharp ! હવે રંગ જમે છે !"

"મારી ડોસી ?" કુમલાની બોલીમાં તેની મા "કુંવરબઇ" દર્શાવતાઃ યાદ રાખજો;—ફરી આ ખુલાસાનો ખ્યાલ રાખશો નહિ.

કડક કુટુંબના વંશજો લગાર કડક તો ખરા ! તેમ ન હોય તો 'કડક' અટક તેઓને અડકે કેમ ?

! —— ! —— તરારો ! —— !

"એ હુણ ખાટલા–બોય સરખો ૧૦) પર કાંટો આવશે; હવે કંઇ ઉઠશે, દાતણ–પાણી કરશે ? ખદાયજીએ આય સુખ ને પૈસા આપ્યા તેનું કંઇ નામ મહોનાપર લેશે ? મુવાં આય ચીઠરાંના

કહારતાઓને શું કેહુ. એ વહીરે ! કગરા-કોગરા વગર આય બધું મહોનું ગંધાયછ."

"પણ, એના દાંત બરયાચજ કાંહ ? બત્રીસી તો હમણાં બાજુ મુકીય-પેઅેલી ! લેવો-આય એનું ટુથબ્રશ: તમેજ જરા એને દાતણ કરાવો," કુમલો કરડયો.

એક પળ અને બત્રીસી અને ટુથબ્રશ તક સાચવી સેવકે તપાસી લીધાં ન હતે તો મક્કીને ખાસ્સી ૧૦૦ ની ઉઠત.

"ચપો ! માયજી,-કેહુંજે, કાજીજી દુબળા કયું તો સારે ગાંઉકી ફિકર. માયર્ન મને કોપી પાઇ ગેઇછ. સારાબારે એ મારૂં પાણી મુકશે ને હું નાહીને ટેબલપર આવશ. તમે તમારૂં ફોડયા કરોની. [વાંચે છે.] ' ઝનાનખાનામાં આ વેળા જબરૂં જંગ મચ્યું. નવાબની ત્રણ પુતળીઓ માંહેલી તેની સૌથી માનીતી પરીનદોખ્ત સાથ જવાન પરવીઝ પ્યારમાં પડી નવાબના નાક આગળથી એક લહેજે ઉપાડી ગયો, તેનું વેર લેવા નવાબે પરવીઝની ખુબસુરત વિધવા માતા જરરીનદોખ્તને હયરાન પરેશાન કરી પરિયાંઓના પરસ્તાનમાં જોર જુલમથી પરસ્તાર કરી. '

"વગુટ પરેરે ! મુવા નવાબ ને કવાબ ! એ ગોટી નિકરયા નન્ને મિયાંની બીબીને કોઇ નસારી લઇ ગીયું તે આપરી કઇ બલાને ! પોરી,—તું નહિ સમજતી ? મારો કુંવર તુને કેટલું કહુંછ કે એવી ચોપરીએ વાંચવી સારી નથી. આય સહવારથી હું રડોરૂં કરતાં મરૂંછ ને બાઇ સાહેબ બીછાને લેટયાંછ."

"કુમયો કોણ થાયછ ? મારા તેસ્ટની વચ્ચે આવવાની એને શું સતા છે ? એ કંઇ રાજકુંવર છે કે ? એને મનસે એ તેમ સમજતો હોશે પણ હું તો એને-[જોરથી લાત હવામાં ઉરાડે છે. કુમલો પલંગને પડખે હોવાથી તેનું કોકું રંગાય છે. બાપરેની બુમ ! ચોપડીનું જમીનપર પછડાવું ! સેવકનું ફરજયાત આગલ ધસી આવવું. કુમલો ચોપડીને પગ તળે કચડી ક્રોધથી તેના પાણાં તોરતાર કરે છે. મક્કી સ્લીપીંગ ગાઉનમાં પોતાની ૪૬) ની ઉમરે કુંવરબઇ કરતાં કસુતર દેખાતી હતી, એટલે, તેણીએ અથવા મારે લજવા-

ચાતું હતું નહિ. બીછાનેથી ઉઠી મેડમ મકકીએ ચોપડી ઝુંટાવી તકાજો કીધો.]

"મેં તુંને કેટલી વખત કહયું મકકી કે મને આય ચીકરાં-ઓનો ધીક્કાર છે. સારી નર્સી બૈરી શોધતાં હું બરમુછ્યો. કુમારો રહી ગીયો. Overcare! અધટીત સંભાળે મારૂં સત્યાનાશ વાળ્યું ને આય wretched ચીકરાંઓએ તારાં મગજનું ધમશાન વાળી ૪૬ ની ઉમરે તુંને ભુકચોર બનાવી."

વળતો તકાજોઃ—

કુંવરબાઇની અપીલઃ—

"બાવા બનાજી, હવે કાંઇ જાઉં. મરૂં તમે વધ્યા તો ભયે (ઓવરણા) કહુતીનાજી આપું, તે તમે કંઇ બંદોબસ્ત કરો તો સારૂં. કેવાં સારે સારે ઠેકાણેના આયાં તે કહુંજે આવ તો પેલી '**પૈસા કે પૂંજા?**' ના હીરા [નોટઃ-Hero] જેવા નથી. એવો હિરો મળે તોજ પણનું. બાવા, હિરા સાથ તે કેમ લગન થાય? કહુતીની દુશમેનનું મસ્તક ફરેલું હોય તાહરેજ એવી આગરીગેપ વાતો કરે કેની? એમ તો બહુસ્તીને હાથના બળે કોહીનુર જેવાં નંગ તમારા પગની પુનઇથી પરેલાં છે. લાવોની, પેલી મુઇ સમલીના લગનની માફક હિરા સાથે પણનાવી કુમારગરો ઉતરતો હોય તો ઉતાર્યે." કુંવરબાઇ ઓટીમાંથી ઝુમખો કાઢી તીજોરી ખોલવા જતાં હતાં તેટલાં કુમલાએ તેવણને અટકાવ્યાં.——

"માય તમારૂં ભેજું કેમ ચસકી ગીયું. કોઇની દહારી બરે ને કોઇને તાપણું થાય!"

"મીο બનાજી, 'દોલત ને દુન્યા' માહેલા હેંન્ડસમ દીનશાહ ડગલાસ વિશે તમે શું ધાર્યું છ? આઇચાઇની આલાં એની સાથ પ્યારમાં પરવામાં વાજબી ઉતી? જહાંગીર જંગી તેજ નામની નૉવેલનો 'હિરો' મારા તો માથામાંથી ખીસતોજ નથી. એમ તો જેમી જેમીસન '**જંગે જુહાક**' માહુલો કંઇ નાખી દેવા જેવો નથી—"

"Stop મીસ મકી—માણેકબઇ મેં કહયું, (બાજુમાં) કુમલા, કાતર્યું કોણીપર આવ્યું છ!"

"બાવા મેં નહિ કહયું કે એ મુવો 'હિરો' કોણ છે? અપ્પખઇ રહી એ નાલ્લી ઉતી તારે બહેસ્તીની આગલ કોંઇ હિરાનો વેપારી આવતોતો: બચ્ચું બોલકણું તે મુવાએ કંઇ નજરબંદી કીધી હોશે."

"માણેકબાઇ" મેં કહયું "બેઅદબી માફ છે સેવક કુંવારો હતો ત્યારે તમારી ને તમારાં માતાજીની ખાટ્ટી મીઠ્ઠી નજર મારીપર થતીતી. હવે તો આપરે બેઉના વળતાં પાણી થયાંછ એટલે તે વાતની યાદ આપવાને હું કંઇ લજવાતો નથી. જુવો, તમારા પોતાના ને માયજી ભઇના ભલાં માટે આવાં કચરા લખાણો વાંચવાના છોડી દેઓ. તમને નાવેલોનો શોક હોય તો કંઇ સારી સંસારી જીંદગીની જીકકર અને જીવતાં ચિત્રો દર્શાવતી દોરતી નોવેલો વાંચો--"

"તોડું એનું!" કુમલો તરડાયો. "ભેજાંમાં ભુસું હોય તાહરે કેની? તે દહારે મેં 'સુધારાનુ શિખર' એની આગલ ધર્યું. બાઇએ પાણું ઉદ્દલાવ્યાં ને સફો ૪૧૦ મો હાથમાં આયો-- **તાલેવંતી વકતાબાજી—શું આપણી છોકરીઓએ દીલ ઉશકેરનારી નૉવેલો વાંચવી જોઇયે?** બસ! મિઝાઝ બરખેલાફ! 'એ મુવો તેહમુરસ્પ અમુને શીખવવાવારો કોણ?' કરી ચોપરી મારીપર ફેંકી: જોની દોસ્ત, આય ચીરો--"

"જુઠ્ઠા છે એવણ તો" મઠ્ઠી છેડઇ "એ તો એવણ સોક્રેટીસની માફક બીછાનામાં સુઇ 'શેવ' કરાવેછ તેની મહોકાણ છે! આજે સહવારેજ ભગલા સાથ ભંગાણ પારતાતા ને સોક્રેટીસને શ્રાપ દેતાતા."

કુમલો ધસવા જતો હતો તેને મેં ખેંચ્યો;

"મેનર્સ મેનર્સ કુમલા, લેડીઝ ......"

"ઓ યસ! લેડીઝ......" અને કુમલો શરમઉ ઝાડ માફક શરમાયો.

ભાઇ ઉઘાડો પડયાથી બહેન ઠંડાં પડયાં. સેવકના સુધારાનું શિખરની સીમાપર સફર કરી આવ્યાં, અને એ સીમાપરની શિતલ લહેકીએ તેણીના મગજને તનદરૂસ્ત બનાવી તનદરૂસ્ત વાંચણના તેસ્ટથી તેને તૃપ્ટ કર્યું. મઠ્ઠી જેવી બીજી છોકરીઓને કુમલો હવેથી બાહિમ્મત અને બાઇજત આ નુસ્ખો અજમાવવાનું ઇજન કરતો રહ્યો છે.

"અદરાયલી અને બીનઅદરાયલી."

શું બોલ્યાં મીસ નાજાં ? બોસકાવો ના, કાનમાં કહુંવો—કુમલા, દોસ્ત, જરા પાંચ મિનીટ પાસેના ઓરડામાં જશે? [નોટઃ- કુમલા કડકની character નો એક કત્રો આ હતો કે જયારે પણ તે એક 'મીસ'ના કરતાં એક કબુલાયલી મીસિસને જોતો ત્યારે મને ઠેસ મારતો.]

"યાર, તું બી એવો છે—પાંચ દહારા અગઉ મને જણાવતે તો હું ખચ્ચીત મારૂં ભાગ્યવંત નસિબ આ પ્રકાશિત પુત્રીસે જોડતે" મીસ નાંજાપર તેને એવી તો નજદીક નજર ટાંકી હતી કે માથાપર ઝાડેલી એક ટપલી સાથે કુમલો બહાર પડતાં, તેણી ખીલી ગઇ.

શું બોલ્યાં મીસ નાજાં ?—"બીનઅદરાયલીઓ અદરાયલીઓની અદેખાઇ કરેછ? ને અદરાયલીઓ બીનઅદરાયલીઓની અદેખાઇ કરતી નથી ?"

બેઅદબી માફ છે બાનુ, પણ બંદાનો અનુભવ ઉલટોજ છે. સાસરે જતાં સૌંને ભાવે—ઉંબર ઓલંગતાં આંજુ આવે. તમને હમણાં ગીલગીલ્યાં તો છુટેછ પણ જરા ઉંબર ઓળંગો ત્યારે બંદાના બુકખાનામાં ડોકયું કરજો. જુવો, તમારા ચહેરામાં હમણા હું શું વાંચું છ ? "મરે, આલી અદરઇ નથી તે કેવી એકલી એકલીદોડની ફરેછ, એને મારી અદેખાઇ લાગતી હોશે, મરે હુંબી અૅન્ગેજ થઇતી નહિં તાહરે કેવી નભરવસ ઉતી; અલબત, કોઇ કોઇ વખત વિચાર તો આવતોતો કે અદરાઉં તો બીનઅદરાયલીઓની રાણી થાઉં ! બયું અદરાઇએ બી નહિ ને દંડાસની રતાંમાયની કાંની વધી જઇને કોઇ પાંસકયા સાથ પણ્યે—બાપરે ! એ વિચારજ મને બેસુદ્ધ કરવા બસ છે. આય જાલપર મેં જાળ તો બીછાનીછ પણુ હવે પગ સિકંજામાં આવશે તેનું કેમ ? હવે તો જાલની ઝુલમાં જોતરાવું પડશે."

ઉજી તો હું આગળ બોલવા જાઉંછું તેટલાં મીસ નાજાં—ભવિષ્યની મીસિસ જાણે જીકર ઉઠાવિ: "સબુર, સબુર, મી૦ બનાજી, તમે તો બંધ આંખે અમારા જેવીના જીગરોમાં જોનાંઓ કરતાં જાસતી જુવોછ. તમે બોલી ગીયા તે આબાદ મારા મનમાંથી અવાર-નવાર પસાર થાયછ."

અત્રે કુમલો બીનઅદરાયલી કઝીન આલીનો હાથ ઝાલી છુપી હાય મારતો અંદર આવ્યો. ("નાજાં તો અદરાઇ ગેઇ ને આય સુંદર આલી મારે વાસ્તે ઘણી નાહ્લી છે"—મે તેના મનમાં વાંચ્યું.)

"અહ્લો આલી, આય મી૦ બનાજી તો દેખું થૅાટ રિડર છે," નાજાં બોલી.

"ખચ્ચીત!" આલીએ શબ્દરૂપી આલીંગન કર્યું, "કુમલા મારો હાથ કેટલો દાબેછ!—છોર."

કુમલાએ જીભ કરડી અને આલીએ ચલાવ્યું:

"ચાલો મી૦ બનાજી, મારાં મનમાંથી હમણાં શુ પસાર થાયછ તે પારખો?"

"બાખુશીથી. , નાજાં અદરઇ ગેઇ તે સુખી થઇ ગેઇ—મરે અમે તો ડાચાં વકાસતાં બેસીજ રહયા કઝીન કુંવર જરા કડક છે તેમ મઅને સાચ્ચો ને દીલે દુલ્લો છે; તીસ વરસનો તફાવત નહિં હોતે તો બાખુશીથી તર ને ફૂર કરતે—સારાઉંશ:—હું એને પણની જતે..............

(પુઅર કઝીન કુમલો! તેનો ચહેરો અત્રે ફિકકો પડેલો જોઇ હું મનસે દિલગીર થયો.)

......'એમ તો પાસેના પેસી વિષે પુછવા જવું પરે એમ નથી; હું એને ચહાવુંછ ને એ મને ઘણો પસંદ છે, પણ, એમ જો એ જાણે તો પટ દઇને પહુકરી મારી જાય; પેલી કુવારાઓની કહેતી ખબર નથી?—**હે મારી પોર્તાઓ તમો અમારેથી ભાગસો તો અમો તમારી પુઠ પકડીશું પણ જો તમો અમારી પુઠ પકડશો તો તમોથી છુટવા અમો ભસ્તાંમાંબી જઈ ભરાશું** ને વરી જરાક જીવનેબી માયેંછ કે સેહતો જીવ કાંઇ સંતાપમાં નાખ્યે? પણ

નીને શું પોરા ખાવાના છે? જે પાંચ વરસ ખેંચાયાં તે ખરાં. હવે તો નાજાંબી અદરાઇ ગેઇ એટલે એક પીરા પટી પણ જરા પેસીપર દુરથી નજર રાખનાં રહેવું પડશે. પાસેની પીલાં ઘણી પક્કી છે, પણ ખોદા જેવો ભેલી છે. હરવાયો તડ કઇને બોલી દે તો નિકાળ આવી જાય. છોકરા છોકરીઓના એ નાસાગોસાથી કેટલું બધું નખ્ખોદ વળે છે."

આ મનવાંચન મોકુફ થનાં આલીએ ખુશાલીની તાલીઓ પાડી અને કુમલાના અણગમા વચ્ચે બન્ને પુતળીઓ હાથસે હાથ ઝાલી સેવકનું બુકખાનું ખાલી કરી ગઇ. આપણુને તો બા કંઇ ખબર નહિ કે આસપાસ શું બનેછ પણ કુમલાના ગયા ફેડે બોય કહેવા લાગો કે કુંવરજી શેઠ કેટયો વોખત માથે હાથ દઇ બેસી રહ્યા ઉતા.

Poor કુંવર! દર ઇન ચેશક!

"આળસુ ઐયરો."

આ સતરો લખતી વેળા મારા મિત્ર માણેકજી મોગલ જેવણને હું સાત પુછડયા ઉદરની અર્થસુચક ઉપમા આપતો આવ્યો છું કારણ તેવણ સાત પ્રકાશિત પુત્રીઓના પિદર છે, તેવણ પોતાની બેઠકમાંથી મોગલાઇ ઢબે કુદી પડયા :—

"બો—બો—બો! મારા સાહેબ તમે શું કરોછ? છટ નોન્સંસ! તમે તો મારા સાહેબ મારી એક પુછરીજ કાપી નાખવા નિકળ્યાછ! તમારે પેટે પરશે તાહરે જાણશો." કારણ માણેકજીની માણુક—નામે માણેક પણ કામે કથીર છે. સાત પાંચની સાવંતવાડીમાં એક દ આળસુ ઐયર તો હોયને હોયજ. આ ઉજમનો ઉકરડો આપમતલ્લબી તો હોય છે. તે પહેલી સુવે છે અને છેલ્લી ઉઠે છે. આળસ અને હડીલ્લાઇ સરસાઇ માટે તેણીમાં સરબસર સરજોરી કરે છે. તેણી બીજાનું કામ કરતી નથી પણ પોતાનું બીજાન પાસ કરાવે છે. આળસાઇનો ઐશ રક્તે રક્તે તેણીની રગે.માં પસરી રહે છે. આસપાસનાઓને તે પ્રસારની

પિછાન થવે તેણી તેની ખણખોડ છોડી દે છે, અને પરિણામે આ આળસુ ઍયર જેણી સદા પોતાનો "ક-કકો" ખરો કરે છે તેણી પોતાના એકાંત ઓરડામાં આળસઇનો ઓચ્છવ ઉજવે છે. દૈવયોગે મહિરેનો ઉંબર ઓળંગી સાસર્યાંવાસ જો તેણી કરે છે તો કમબખ્તી જાગે છે. કારણ :—

"પડી ટેવ તે તો ટળે કેમ ટાળી"—૯૦

શું પુછો છો ?—કયા વર્ગમાં આવી જાય છે ?—

મારા સાહેબ તેપર તો પરણવા નિકળ્યાછ ! એવીઓના પેટમાં passageજ નહિ એટલે—

—Not recommended.—

"મારી પોરી"—"મારી વાલી"—
"માઇ ડાલીંગ"

મા કહે:

"પુત્રી મારી, વહાલી પ્યારી,"

ના બાઇ, ના—ના !

બાપો કહે:

"ધીઇ મારી, ધીરજવાલી"

નારે ભાઇ, ના—ના !

બહેન કહે:

"બહેની મારી, બડી શયાણી"

ના બહેન, ના—ના !

ભાઇ કહે:

"લાડકી મારી, ભોલીભાલી"

જારે ભાઇ, જા—જા !

ભાણ્યો કહે:

"પોરી મારી, હૈડું હારી"

હારે ભાઇ, હા—હા !

ભાણ્યાના બાબમાં આ "પોરી" તે કાંઇ ખાવાની "પોરી" નથી. તમે પારસીના બાયડાંઓનુ મન તો ચાંદરાત, આવતી ચાંદરાત ભરી મુરાદ-માંજ ભરેલું હોય છે. ભાણ્યાની "પોરી" તો તેની ધારેલી, કબુલાયલી યા અદરાયણી યા પરણેલી પોરી હોય છે. અર્ધ સુધરેલાઓ તેણીને "મારીવાલી"ની ઉપમા આપે છે ને કેળવઇને કંદ થયલાઓ વા (અને) લીની વચ્ચે હુ હડસેલે છે. પારસી જાંગલાઓ તેણીને "માઇ ડાર્લીંગ"ના નામથી પીછાને છે. એ તો ભાવે તેમ ભટકે ! પણ અસલમાં તો સઘળું એકજ છે. આ ડાર્લીંગો-ઉંબર બહાર ડાર્લીંગ અને ઉંબર ચહડતાં ડાકણ દેખાય છે. માબાપ યા વાળીઓની છુપાછુપ જયારે ઓધઇ પંથરઇ જવાના ઓચ્છવ ઉજવાય છે ત્યારે આ "માઇ ડાર્લીંગ નો કહેવાતો માલેક પોતાને સર્વેથી સુખી આસામી સમજે છે અને પોતાની ધારેલીને દરેક બાબદમાં આગલ ધરે છે. માબાપની યા વાળીની જાણમાં આવતાં તેની પણ જાણમાં આવે છે કે આ "ધારેલી" તો ઘણા પાછલ ધાઇ આવી હતી, અને ઘણાક ધારેલાઓ ધાસ્તીના માર્યા ધારેલીના મુલકથી ધામ ઉઠાવી ગયા હતા. યુનીવર્સીટી ભણેલીઓ માત્ર B. A. અને M. A. ની ડીગ્રી મેળવી શકે છે ત્યારે અભણ માં અભણ, કદરૂપામાં કદરૂપી અને એરણે ઓળાવવા લાયક પણ આજ ને કાલ તો "ડાર્લીંગની" દમામદાર ઉપમા મેળવી શકે છે. છતાં, આ ડાર્લીંગનું ડોહરૂં બહુ ડોહવ્યાથી બાજે વખત તેણીનો દોલી ડખાઇ જાય છે, અને બીજાં ઉપનામો તેને આપવાં પડે છે ત્યારે અકળામણ થાય છે.

"ખડકીના ખુલ્યાઓ."

ખડકી—ખાલી કરે ફેરીયાની મટકી, મારી સુદ્ધ ગઇ સટકી, અને હું ગયો ભડકી. આ ખડકીના ખુલ્યાઓ તે બીનસારીવાલી સજાજણી (કજણી)ઓની ર) જી આવૃતી છે. બીનસારીવાલીઓની એ બીજી બદનામી છે. જેને કીધો ખડકીવાસ તેનો ગયો સઘળો સુવાસ. ઘણાંખરાં સઘળાં બૈરાંઓ જેઓ ખડકીનો "વાસ" શોધે છે તેઓ "સારી"નો સંગ સાંધતાં નથી. આ 'ખડકીના ખટપટયાંઓએ 'ધી ખડકી યુનીયન કલ્બ' સ્થાપી હતી [જુઓઃ– "ખડકી ખટપટ" સફે ૫૭–રચનારઃ–મીસ ખોરશેદ ખબરદાર ઉર્ફે ખટલી ખુલ્યો તે "મોબેદ એદરીયાદબાદ," "ખડકી નોટસ" વગેરેની લેખક] સફા ૫૭)નો ઉતારોઃ—

"બેરૂઝે હુમાયુન વ સાઆયે સઇદ, તારીખે ફરરૂખ, મીયાંને
"દો ઇદ–એ રૂઝ અને તારીખે અમારી નામચીન ખડકી કલ્બ
"જેને થોડાક દિવસની વાત ઉપર અમારી વધુ આગલ વધેલી
"મૅમ્બરોની વર્કીંગ કમીટીએ 'ધી ખડકી યુનીયન કલ્બ'નું
"નામ આપ્યું છે તેની સ્થાપના અમારી વડી ઇરાન વત્ની-
"ઓએ પોતાના બહાદુર હમશરીકો સાથે શહેરે સંજાણમાં
"પહેલવહેલો પગપેસારો કીધો ત્યારે, નામના ઉડાવનાર જાદવ-
"રાણાના જાદુઇ ફરમાને, કરી હતી. શાહી ફરમાને ફરમાવ્યું કે
"આપણા સઘળા બહાદુર નરોએ પોતાના શસ્ત્ર બખ્તર તજી દેવાં.
"તે તજેલા અસબાબને શાહી ફરમાનથી ગાળી કાઢીને તેના લોખંડી
"તખ્તો બનાવવામાં આવ્યાં. શાહી ફરમાન લંબાયું કેઃ આ બહા-
"દુર નરોની પડી ભાગેલી પાદશાહત અને જાહોજલાલીની
"જાળવણી કાજે એ નરોની મહાપ્રતાપી નારીઓને પ્રસંગે પ્રસંગ
"દરજ્જા પ્રમાણે, આ 'લોખંડી તખ્તો'પર 'તખ્તનશીન' કરવી.
"શાહી ફરમાને આમ દર્શાવતાં દુરઅંદેશી વાપરી હતી. આપણી
"ઇરાની માવતરો કામની કારસાજી અને જેહેમત ઉઠાવવામાં એવી
"તો કરવે હતી કે જો તેઓ મહીનાના ત્રીસે દિવસ કામ કરે તો

"દેશની દલદેસરી ઉઠાવનારી દલનારી અને છલનારીઓ વહીત્રીઓ
"અને વહીત્રાઓ ભૂખે મરે માટેજ અવારને અવાર અમુક દિવસોપર
"હુઠે બેસી હાથ ખાંચવાનું શાહી ફરમાન રચાયું.

"શાહના વડા નજુમીએ નજુમ ટાંકી તે વેળા નજુમયું હતું
"કે આવતા એક જમાનામાં આ ઇરાની બાનુઓના બુંદો આ
"હીંદુ શાહે સ્થાપેલી આ કલબના કર્તાઓને નવું રૂપ આપી,
"નવા આકારમાં પડી ભાગેલી પાદશાહતની ધજા પાછી ઉરાડશે.
"આ નવું રૂપ કાંઇજ નહીં પણ મારી બહેનપણીઓએ
"સ્થાપેલુ 'ધી પ્રીન્સેસ મેરી વિકટોરીયા લેડીઝ જીમખાના' છે. આ
"કેતાબની કર્તી 'ધી ખડકી કલબ યુનીયન'માંથી Resign થઇ
"આ જીમખાનામાં જોડાઇ છે, છતાં કલબ યુનીયનનાં કર્તાઓ હજી
"તેણીની એટલે મારી છાતીએ ધાઇ આવે છે. જીમખાનાના
"Male visitors' days ગણત્રીના છે ત્યારે અમે તો Male
"વિઝીટરોની મુલાકાત રોજબરોજ લેતાં હતાં અને લઇયે છીયે.
"સહવારના ઉઠતાંવાર અમારી ખડકીની પાસેની શેરીનો,—વળી
"મારી બાનુ વાંચકો હસોછ કાં ? તમારી જીમખાનાની એજ શેરી
"હમણાં Passage તરીકે ઓળખાયછ તેથી કે ?—ભંગી શાહ
"બરાબર ૫–૨૫ એ અમારી ધજાની બાંગ પુકારી અમને ઉંઘમાંથી
"જગાડતો ૬ વાગતે અમારો પહેલો વિઝીટર રામદીન ભૈયા દુધ-
"વાલાને અમારાં પહેલાં દિપક દર્શન અમે આપતાં. અમારી શાહી
"ગાદી, જે ખડકીના ખુલ્યાઓનો અપભ્રંશ "ખડકીનું ખોયું"
"છે, તેની નિચેથી ત્રાંબાના બે ત્રણ તણખાં કાઢી જાદવરાણાએ
"ફરમાવેલા વાટકામાં સુફેદી નિર યાને દુધ નમાવી માળપરથી તેજ
"નિરનો અમારો ભાગ આવે તે અગાઉ અમારાં હોજરાંમાં નામી
"દેતાં. ૭–૮ ની વચ્ચે અમારા લેવી ડ્રેસમાંજ માખણ અને મલાઇ
"વાલાઓને અમો ઑડીયંસ આપતાં.

"૧ કલાકનો બ્રેક.

"ઉપરની આલાંના મમાઇ, પીલાંની માય, નજાકની બહેન
"સીક હોય તો–મારા ખરશેદજી ખબરદાર અમારો બધાંનો નાસ્તો
"અમારી ઠાલીઓમાં ચુપચુપ ધીમે પગલે ઠેસવી જાય. ઇનામ પુછોછ?

" ઇનામ શું ?—'જો, કબટ ઉંઘાડી ના નાખતા, પીંજરૂં સાફસુફ
" રાખજો, બુચીને લઇને આયાને નિચે મોકલો, હું નિચે આવી ત્યારે
" મેં બાટલીપર નિશાની કીધીછ—એ નિશાનીની વચ્ચેનોજ લેજો,
" સાંઝે વળી કલબફલબમાં જતા ના.' ૯—૧૦ ની વચ્ચે અમારો ચીકી ગુર-
" દાનીવાલો જો હાજરી નહિ આપે તો તેનાં માથાંની ચીકી બીજે દિને અમે
" કરતા. અમારી અફલગ હાલતમાં હમદીનોને અડકવાની અને તેઓ
" તરફ નજર કરવાનો અમારો 'કલબ યુનીયન'નો કાનુન ન હતો,
" પણ જુદદીનના બાબમાં તેવી કશી બાધ કલબ કમીટીએ દાખલ
" કીધી ન હતી. ૧૦—૧૧ ની વચ્ચે તરતરકારીવાલાઓનું પ્રદર્શન
" અમારા ફ્રન્ટ હૉલમાં ભરાતું. ૧૧—૧૨ ભોજન. ૧૨—૨ ગોટલો.
" ગોટલા પછી ઓટલો. અમારાં ઓટલાઇ 'તખ્તો' શાહી ફરમાનથીજ-
" ઓટલા ઉપર કાયમદાયમ થઇ ચુકયાં હતાં. આ તખ્તોપર તખ્તનશીન
" થઇ, જતા આવતા ચનાવારા, બોરવાલા, ખસરાં, સીંગોરાંવાલાની
" ઝડતી પાસેઆસેના પાહલી પરવારતાઓ અને રસ્તઇ રસ્તાબેજોની
" મદદથી અમે લેતાં. સાંઝના ૫) વાગતે અમારો Parade
" Review થતો. 'પેરેડ રીવ્યુ' નહિ જાણતાં ?—અમારી ઉંચકાયલી
" નજર અને તાણેલાં નેણનાં બાણ હેઠળ સઘળા રોજગારે સીધા-
" રેલા, આપીસની હવેલીએ ગયલા, કારખાને કમન આવેલા,
" ગોદીએ ગોધ્યારૂં મચાવી આવેલા, અમારા ઘેરના ને પડોશના
" ભીમજીઓ ને હોમજીઓ એક પછી એક ઉંચે નિચે જોવા વગર
" અથવા પોતાનીઓ તરફ નજર ફેંકવાની હિંમત કર્યા વગર પોતાના
" ને પાસેના પહેલા અને છેલ્લા માળ, કાતર્યાં ને કુતર્યાંઓ તરફ
" ગૂપચૂપ હેર્યું લેતા. જો કોઇને ૫) મીનીટ મોડું થયું હોય તો
" હાથની ધરતી તેની સાથ હમાજોર લેતી. અમારા પોતાના માટીડાઓ
" માટે ખડકી કલબ hours કલપેલા હતાજ નહિ એટલે પછી શું
" કર્યે ? આળસુ તો કઇ બેસાય નહિ એટલે ઓટલાભાંજુની
" અલગાર ખડકીમાં લગાડી, નયુસપેપરોની લેખીત ખબરોનો ખંગ
" તેઓની વાકચાતુરીથી અમને વળા રહેતો. નાટકમાં તો જવાય
" નહી એટલે આવતાં જતાંઓનો નાટક અમારા પાહલી–રસ્તઇની
" મદદથી અમો કરતાં. મરકીએ અને ઇમપ્રુવમેંનટ ટ્રસ્ટે અમારી

"ખડકી કલબની ઘણી શાખાઓની શાકભાજી બનાવી દીધી છે,
"પણ તેની રૂડી રજકણો હજી આમતેમ વિખરાઇ પડેલી છે.
"આજકાલની જીમખાનાની જીવખાઉઓ અમારો જીવ ખાયછે,
"તેઓ કાચના ઘરમાં રહી અમારીપર પથરા ફેંકેછે, પણ એ
"જીમખાનાને જનમ આપનાર કોણ? એ ગીલ્લી દાંડાની બહેન
"બૅડમીંનટનને પેદા કરનાર કોણ? અમેજ ગીલ્લી દાંડીઓ કેની?
"તે અમે કંઇ તેઓની ઇલપીલ ધોવાની બાકી રાખતાં નથી.
"સંજાણનો સ્થંભ જ્યારે સજીવન થશે ત્યારે કોમની કીર્તી સાથે
"અમારી **ખડકી કલબ** કીર્તીનો લેખ તે ઉપર સોનેરી અક્ષરોથી
"કોતરાશે."

* * * *

ઉપલા સફાનો ઉતારો 'ધી ખડકી કલબ યુનીયન'ની લેતી લેવાતી અલાબલાના ઉતાર તરીકે અત્રે મીસ ખોરશેદના ખાસ ફરમાનથી ઉતારેલો છે અને તે માટે વાંચક વર્ગ તરફથી અને મારા પોતા તરફથી હું એ બાઇનો ઉપકૃત થયો છું.

"ધનઈ ધરાંપરાંઓ."

બહેલુ બટાકો, પુત્રી પ્રકાશનો પડઘો કાને પડતાં બરાડ મારતો આવ્યો:

"મારા સાહેબ—આટલી બધીઓ વારતે લખ્યું ને તેમાં ભલામણ તો ચાર પાંચની કીધી. મારો વિચાર પાસેની ધનઇપર ધાડ પાડવાનો છે."

"ધાડ પાડો બાવા—બેલાશક પાડો, પણ ચારે વાર વિચાર કરીને હલ્લો કરજો. એ ધરાંપરાંઓથી લગનનેજ દિવસેજ ધરાઇ જશો. ગમે એવો ધાઇખોરો ભરથાર પણ ઉંધાડાં ધરાપરાંઓથી ધાસ્તી ખાઇ જાય છે. "મારા ખશરૂ મારા ખશરૂ"ની ખાંડ **ખવરાવતી**થી તેને ખિસતો કરે છે. ભરનગરીની નજર સામેનો ગળે-લગાડુ-ગોળ અને ગુલઝાર ગુલકંદ તેને ગુંગળાવી મારે છે. આજે

તમારી સાથે ઉંધાડી છુટ લેશે તો કાલે આગલ ચાલશે. ઘણીક ધનઇઓ એમ સમજે છે કે ઘરાંપરાં કરવાં તે પ્યાર ઘેલો બનાવવા માટે છે અને પરણવાને દિવસે તેઓની એ ફરજનું કરજ અદા થઇ જાય છે ! ભુલ છે—બહુલુબા ભુલ છે. ઘરાંપરાંની ઢાબલી જો સુંવાલી હોય છે તો આશકને તેમ શહોરને સરખીજ હુંફ આપે છે. મુગો પણ મજબુત, ધીમો પણ ધરખમ, ધીરજવંત પ્યાર સર્વોતમ સ્રજાયલો છે; ઉંધાડા હિમ્મતી છચોક પ્યારથી પ્યારઘેલો પુરૂષ વટીક અત્રાચક બની ચોંકી જાય છે, કારણ જે તેનીપર લટકેલું હોય છે તે મેળવવાના તેઓ વળખાં મારે છે પણ જે ઉબરે પડયું તે ઓળંગે છે તેને તે ઠોકડે મારે છે.

“મી૦ બટાકા, તમે કંઇ એવાં ઘરાંપરાંના ચટાકા તમારી ધનઇ તરફથી ચાખતા હોવો તો ચેતજો !—ચાર વાર ચેતજો નહિ તો ચંદનપુરે ચહડી જવું પડશે.”

“ચિબાવલી ચાંદણો.”

ચિબાવલી ચાંદણોથી ખોદા ખેર કરે! બેવકુફઇનું બીજું નામ ચીબાવલાપણું છે. તેઓ ચુંઠીને ચાંદુ પાડે છે. તેઓની બેવકુફીનું માપ બીજાઓને ન કરવા દેતાં તેઓ પોતેજ કરી લે છે. ઘરમાં તો એ ચાંદણોને સૌ ઓળખી રહેલાં પણ ઘર બહાર તેણી 'nuisance' ને નામે ઓળખાય છે. તારીફને તેણી ચાહે છે—વખાણને તેણી વખાણે છે અને બંનેને લાયક ન હોવાથી ખોટી તારીફથી જયાં જાય છે ત્યાં તેણી ખોળો ભરે છે, પણ તેણીનું જીગર તો ખોટી વખાણની વખાર હોય છે. મિજલસમાં તેણી બીન માગવે ગાવા બજાવા હા પડે છે. એ ગાણું બજાણું બંધ થત્રે છુટકારાની છુપી હાય તેણી સાંભળી શકતી નથી. તેણી પહેલે નમ્બરની માંથામારૂ છે. પોતે અખ્ત્યાર કરેલા ડ્રેસ, ફેશન અને બાલના સંબંધમાં તેણી જબરી બોલીદરાજ હોય છે. “મરે બુટ્ટી પરી ગેઇ કે! મરે બુટ્ટી પરી ગેઇ કે!” કરી ૧મનિટે ૧મનિટ તેણી કાને કર લગાડે છે. સાંકળી ખદોડવા તેણી બટનના ખાસ કીધેલાં

સંકડામણુમાંથી મિજલસ હજુર તેને મોકળી કરે છે ને "મમા બુમ મારસે-મમા બુમ મારસે" કરી સોનેરી ઘડીઆળની સીક્લ સભા સનમુખ ધરતી રહે છે. આ ઉલ્લુઓના સરદારની સરદારી હેઠળ કોઇ પણ કુંવારો સપડાય તો તેનો સંસાર છતી બાયડીએ રંડાય. "વાસ્તે"—કુમો પુછે છે.

"વાસ્તે શું વરી ?—Not recommended, પણ જો સુધારવાને શક્તિવાન હો તો તમારી ૩૦-૩૫ ના જોશમાં અજમાવી જોવામાં કંઇ જોખમ નથી, બાકી, કુમાની ઉમરે એ અખ્તરો અજમાવવા જશો તો કકડા બુકલા થઇ જશો."

"ઠગારી ઠગણનાઓ."

એક દિવસ સહવારના હાથમાં એક કાપલી લઇ મારો ઇષ્ટ મિત્ર કુમો દાખલ થયો: શું પૂછોછો મીસ પીરોજા ?..........
" કાંહ દાખલ થયો ? "—વરી મારા ઓરડામાં. એટલું સમજવાની તમારી બીનશકિતએ મારી આ કલમને ચસકાવી મેલી ! પુત્રી પ્રકાશના કયાં ચિત્ર તળે તમો આવી જાઓ છો તેના વિચારના વમળમાં હું વિટલાઇ ગયો ! ઠીકઃ આગળ ચાલો-કોઇ વાંચતું યા લખતું હોય ત્યારે ઘણાંઓ પાછળથી હરકત કરી " એક અડપલા છોકરા"ની યાદ આપે છે. અંહ; ત્યારે હું શું કહેતો તો ?--

કુમલો કાપલી લઇને દાખલ થયો :

> એક સારા બાંધાની શિખેલી, સોહવામની, ચંચલ ૩૫ વરસની છોકરીને તેણીના પિતા કોઇ લાયક જુવાન્યા સાથ પરણાવવા રાજી છે. પૈસા જોઇતા નથી. રીત સારી. ખાનદાન સારૂં હશે અને કુંવારો હશે તો લગાર મોટી ઉમરનો પણ ચાલશે.

" Just the sort of girl for me, friend બના. "

" Nonsense! friend કુમા."

" આવી મજેહની છોકરી! એથી બીજું શું જોઇયે? પણ એ કોઇ ઠગારી ઠગણનાઝ તો નહિ હોય કે? તેં કોઇ દહાડે એવીને જોઇછ કે?"

" Wait! મારા સંગ્રહનું સાંકળ્યું જોવા દે: here it is: ઠગારી ઠગણનાઝ. આ ઠગણનાઝની ઠગાઇની ઠુમરીના ઠણકા સાધારણ ઠુમરી મિસાલ કાને સંભળાતા નથી. તે છુપ્યા ઠણકા હોય છે. છુપ્યા ભેદભરમો તે દર્શાવે છે અને તેણીઓના હજમબાદોની ઉપર છુપ્યા ચોળા પાડી તેઓને છુપી તોબાહની તાલી પૂકરાવે છે. બહારની સુંદરતા તે કંઇ સદા બાતેનની હોતી નથી. આ ઠમણનાઝોની ઠગબાજી નાનપણથીજ તેઓમાં ઠરી ગયલી હોય છે. નિશાળે જતાંજ તેઓ 'નદરી' ગયલી હોય છે. 'માસીને ઘેર જાવુંછ'–'કાકીને મળવા જાઉંછ'–'ઇસ્કોલ જાઉંછ' નાં ઓઠાં હેઠળ જેઓ બાજે વખત ઓત્રી જાય છે તેઓ ઠગબાજીના માચરાનું પહેલું પગઠયું ચઢે છે. આ પહેલું પગલું મર્યાદા, શર્માળપણું, સચ્ચાઇ, તાબેદારી, અને સદ્ગુણને સરવાળે છેલ્લી સલામ કરવાને તેઓને લલચાવે છે. તેણી હંમેશાં છબરડા જમાવે છે અને એકમાંથી છુટવા તેણી બીજા છબરડાનાં છટકાંમાં સપડાય છે. ઉંડાં પાણીમાં તરવા જતાં છાલકાં પાણીમાં સપડાઇ તેણી પોતાનું સમતોલપણું ખોહી દે છે. સુંદરતા અને સદગુણ કંઇ સદા સાથે જતાં નથી. એક ઉલઠાપી કુંવારીકામાંથી ઉલઠાપી પરણેતરજ પેદા પડે છે. જે 'ઉલઠાપી' મહિરે માબાપને 'ડાપ' આપે છે તે ડાપનો બોજ 'રીત' રૂપે સાસર્યાંવાસમાં લઇ જઇ વર સાસુને તેમાં સંડોવે છે. તેણીની સઘળી અસ્કયામત અને ફાજલ પુરાંતની ઠેલીઓની ઠઠ 'ઠગનાઝ બેંક' માં મારેલી હોવાથી તે જવલેજ ખુટે છે! આ ઠગણનાઝોના સમાગમમાં સંસાર સુખ સંપાદન કરવું તે રેતીનાં રણમાં પાણીના રેલાની શોધમાં જવા સમાન લેખવું.

કુમલા, તારી આય કાપલીવાલી કુંવારીકા આવી એક ઠગણનાઝ ન હોય તેના કરતાં હોય એમ સંભવ વધુ છે."

" Indeed!"

"હા, indeed" મેં કહયું "જો,–ખુબસુરત, સોહવામની, પૈસા ટકા, શિખેલી, પૈસા જોઇયે નહિ, રીત સારી, મોટી ઉમરની મના નહિ, અને પાંત્રીસે **કુંવારી**—સારાઉંશઃ– સદ્ગુણ નહિ પણ દુર્ગુણનો ભાસ. કુમા, પુરતી તપાસ વગર એ કુંવારી સાથ પરણે તેની અગાઉ મરીન લાઇન્સના મેદાનનો પેલો પ્રખ્યાત કુવો પુરજે."

"વૅજીટેરીયન વાંદરીઓ."

ફ્રૅન્ડ કુમલાનું કાળજું લગાર કોમળ તો ખરૂં. કુંવારાપણાએ તેને કુંજરો બનાવ્યો હતો પણ ક્રુર તો નહિ; કઠોર બનાવ્યો હતો, પણ કડણ તો નહિ; ધારેલી પ્રિયા માટે' ગાંઠે બાંધતો, તે લગાર તંગદીલ થયો હોય પણ સંગદીલ તો નહિ; પોતાની મા–જણીની સાથે તે વઢતો પણ તેણીની લાગણી ઉપર લાત મેળતો નહિ, ઉલટું, જરૂર પડવે જીવ કાઢી આપતો.

"બાવા બનાજી, વધ્યા કે મરૂં,—ગજબ થયો! ગજબ થયો!" વધતાંવાર અજબ જેવી વધામણી! એક બાજુએ કુમલાની ડોસી ડાળી માફક ડોલતી અને બીજી બાજુએ કુમલો પાંદડાં મિસાલ કાંપતો.

"શું છે માય, શું છે?"

"મકી, મ–મ–મ–મકી" ડોસાંએ ડચકાં ખાધાં.

"મકી માણેકબઇ—અં તેવણ શું? મ–મ–મ–ગુ–ગુજ—"

"ઓવારૂં રે બાવા, એ તો પ–પ–પેલા શું કહેછ."—વ–વ–વૅજીટરી વાંદરીમાં વટલઇ ગેઇ."

"વૅજીટરી વાંદરીમાં વટલાઇ ગેઇ!"

"ઠઠા શું કરેછ, બના,—અફસોસ! ગરીબ બીચારાં મારાં મઘર!"—ડોસીના સંબંધમાં મારા સાંભળવામાં પહેલીજ વાર

કુમલાએ તેણીને મધરનો મધુર ઇંગ્રેજી એલકાબ આપ્યો હતો, જે તેની મનની લાગણીનું માપ હતું.

"જાણે અમારાં મનપર હજુર થોરો બોજો હોયની, જાણે અમારા જેવાં બે કરમઈ ગયેલાં કુમારાંઓનો કુહરાપો કંઇજ હોય નહિ!!"

"પણ છે શું? કાંઇ ખુલાસો કરીને સમજાવશો?"

"બાવા દુશમેનનો દહારો બુરો તે ગોલામોરાની ગુલી સાથે... [નોટઃ 'ગુલમોહર કેસ્ટલ' મે સુચવ્યું]........વૅજીટરી ખાવા-નામાં સુરત ગેઇતી. તાંહ પેલા કોઇ અથીરનાનોએ કોઇ ભાષણ કીધું તે બસ તાંહથી આવી ને આવીને અમસી પાક દીનમોથી વટ-લઇનેજ આવી. કહેચ ને કહેચ કે આપરે બધાં મનીખ છઇયેજ નહિ. ગોરીલા—ગોરીયા ગાંધી—["અઉરંગ અઉટંગ ગોરીલા," કુમલાએ correct કીધું]—થી સીધ્ધાં ને સીધ્ધાં ઉતરી આવેલાં છઇયે. કહેજે પાટીયામાં અકુરીઓ કીધી. મરે અમે તો બધા દહારા કહરઇમાંજ કરતાં આયાં—"

"પણ માયજી, એ વૅજીટેરીયનો તો ઇંડાંને અડકતાજ નથી" મેં કહયું. "તું બી શું ડોરા બારેછ? ગેઇ કાલનાં ગોલાબ્યાંમાં વાંચ્યું કેની? એ તો પેલા મી૦ મસાનીએ ભાષણ કરતાં પાંટયાંપર આકૃ-તીઓ પારી તેને વાસ્તે એવણ બોલેછ. તમે બી શું બકયા કરોછ, માય, મનેજ બોલવા દેવોનીઃ જોની બના, પાસેની ગુલી સાથે એ સુરત ગેઇતી ને ખાલીપીલી કયસી આવે, તે બે ઢણુક લેતી આવી. પેલાં હલકત પિજણો વાંચવાનો એનો ચશ્કો જે ધર્યો ધરાતોતો નાંહ તેને હમણાજ આપરે જેમ તેમ મારી હઠાવ્યો તેટલાં વરી બીજે બારણેથી આય નવું ઢતીંગ એના માથામાં ધસી ગીયુંચ. જરા—આવની નજર કરની અંદર——!"

અફસોસ કે આ દેખાવ જોવાને હું જીવ્યો!!

દસ કદમ દુર મીસ મકકી, ઉમર વરસ ૪૬, માસ ૬ અને દહાડા ૮, એક મેજ આગલ બીરાજમાન થયાં હતાં. તેવણે પોતાની બત્રીસીને સદાની રૂખસદ આપી હતી. તેવણ પોતાનું વૅજીટેરીયન ડીનર લેવામાં રોકાયલાં હતાં.

મીનું.

મુળા, સૅલેડ, શીંગ ચના, વટેણા
વઘારેલી ભાજી
ખારા પટેટા
બાજરીની રોટલી.
ઘી ગોળનો પાક.

"આવો—પધારો મી૦ બનાજી, કદાચ તમે જાણીને ખુશી થશો કે આખરે મારી નજર ઉઘરીછ. હું વૅજીટેરીયન થઇછ. complete-ઇચેઇંચ."

"ખચ્ચીત ! એવું કંઇ દેખાયછ ખરૂં, મીસ મક્રાં, પણ દિલગીર છું કે હું તમને મુબારકબાદી આપી શકતો નથી કારણ આ બધાં ચીન્હોજ તમારી હોજરીમાં બાદી બરપા કરવાને પુરતાં છે."

કુમલો મારા કાનમાં:—

"ચલાવ દોસ્ત, બરોબર છે."

જુવો, મને તમારા બોલવાની આટલીજ દરકાર છે !" મીસ મક્રાંએ મી૦ મસાનીની માફક મુળાની પાંખડીની આકૃતી બનાવી, એટલે તેને ગોળ મરડી તેની ટોંચપર આંગલી ટાંકી—સારાંઉશઃ—આ મુળાની અણી જેટલી મને દરકાર નથી.

"પણ, તમારાં માથામાં એ પવન કેમ ભરાયો ? ને આય તમારી બત્રીસીની જગા તમે જડબાંને બદલે ટેબલપર કાં કીધાછ ?"

"Very easy—very easy મી૦ બનાજીઃ એ બત્રીસી મેં પહેરી નથી ને હવે કોઇ દહાડે પહેરસખી નહિ. સાંભળોઃ— આપરા વાંદર વડવાઓ દાણાનો ખોરાક ડાચાંમાં ભરી રાખતા હતા અને ખોદાતાલાએ મારા દાંત પાછા લઇ ડાચાં ડબોલ્યાં ને આય બેઉ ગોખલીઓમાં, એકમાં ચના ને એકમાં વટેણા મે ભર્યાછ. બીછાનામાં હું સુઇને વાંચશ તાહરે આસ્તે આસ્તે એને વગોળીને રસ્તે પારશ. આય બત્રીસી મે અહિંયા મુકીછ તે કુમલાને સમજાવા મુકીતી. એકસે દો ભલા. જોવો—નહિં જાણુતા તો સમજોઃ—આપણા બત્રીસ દાંતો—૪ ઇનસીઝર્સ, ૨ કનાઇનસ, ૪ પ્રીમોલસ અને ૬ મોલર્સ,

ઉપલાં તેમજ હેઠળાં જડબાં જુદાં જુદાં–એ બરાબર પુછડી વગરના માણસને મળતા આવતા વાંદરાઓમાંજ ફકત આવે છે. માસ કંઇ માણસનો અસલ ખોરાક નથી.....

[કુમલો કાનમાં, "એના ચેનચારા જોયા કે? 'મસાની' છત્તા સાથ વાંદર ચાળા છે.]

......"એ તો મી૦ બનાજી સુધરેલાં માનવીઓએ પાછલથી અખત્યાર કીધો. એમ તો બકરીના બચ્ચાંનેબી બચપણથી થોરૂં થોરૂં માસ ખવાડયે તો તે માસહારી થાય. પશ્ચીમનું સાહિત્ય એ સહાદતો સરીયામ ટાંકે છે તે આપરે શું છઇયે? આપરે માત્ર એ સાહિત્યપરજ આજને કાલ તો સૃઝીત છઇયે."

"પણ માણેકબાઇ, તાહરે તમે બીછાને લેટી ચના શું કામ જેરવવા માંગોચ? એમબી ને એમબી વાંદર માફક આય બારી આગલના આંબાની ડાંખલીપર કાંય નહિ ચહડી બેસતાં? એમ કાં નહિ બન્યુ હોય કે જ્યારે વાંદર સૂધરીને માણસ બન્યો તાહરે તેને તનમનના સુધારા માટે વધુ સંગીન સુધરેલા ખોરાકની જરૂર પડયાથી માસહારી તે બન્યો હોય, અને પશ્ચીમનું સાહિત્ય મી૦ મસાનીએ ટાંકેલી સહાદતોમાંજ કંઇ આવી અટકતું નથી. મારૂં એક કહયું કરશો? ડૉ૦ દીનશાહ બોદને કાલે મને અંહિ બોલાવવા દો. તેવણ તમને એ બાબે બેમુળ બોધ આપશે. કુમલાના તેવણ ફ્રેન્ડ થાયછ. 'રાસ્ત' પત્રમાં તેવણે વળતી સહાદતો અને વળતું સાહિત્ય વિગતવારે એ બાબદ પર ટાંકયાં છે. તેવણે મી૦ મસાની કરતાં વધુ ફતેહમંદીથી પુરવાર કર્યું છે કે માણસની હોજરી અને દાંત ભાજીપાલા કરતાં માસ આવવા વધુ સૃજાયલા છે. આપણાં રોજીંદાં પત્રો જેઓનો ફેલાવો કુદરતી કારણોને લીધે 'રાસ્ત' કરતાં વધુ છે–જો કે તેઓમાંનાં સઘળાંજ રાસ્તીની રાહે ચાલનારાં યા દોરવનારાં નથી–તેઓની અઇન ફરજ છે કે ડૉ૦ બોદનાં લખાણોના પોતાના પત્રમાં અખંડ ઉતારા કરે. ચાલો, મીસ મક્કાં, મી૦ મસાનીનાજ કહેવા મુજબ જમાનો માણસને બનાવેછ, માણસ કાંઇ જમાનાને બનાવતું નથી, ત્યારે જમાનાના અનુભવ પછી આપણે ગોરટ ખાઇ ગુલજાર બનયા તો હવે ભાજીપાલો ખાઇ ભાજીખાઉ ભાઇદાસી જમાનો ઉતપન્ન કરવાનો

અર્થ શો ?" આ સઘળો વખત અલબત મીસ મકકાં પોતાની માણ-સઇ હાલત ભુલી જઇ બચર-બચર મુળા-પાંદડાંનો વાંદર અહાર કરતાં હતાં. અફસોસ ! ! !

આ મારી આર્ટીકલનો છેડો આવતાં સાથ કુમલાની આ કોમળ• બહેનનો પણ છેડો આવતો જાય છે. નબળાઇથી તેણી નાતવાન બની છે અને સુપ ઇંડાંથી સુવ્રાતાં સદાની સુગંધી વાડીમાં સહેજ તેણી જઇ પહોંચશે. "**વૅજીટેરીયન વાંદરીઓ**"નું મથાળું ઘણાઓ મનન કરશે નહિ પણ જો ખુદ વૅજીટેરીયનો પોતેજ વાંદર ગણાવાને હલકું ગણતા ન હોય તો ખરી ઉપમા ઉકેલવામાં આંકોશ શેનો? અરે! જ્યાં જોશો ત્યાં વૅજીટે-રીયન ધખારો!! એ **ધખારાએ** આપણા પરમુલકી દસ્તુરદાવરોના ભેજાંને પણ ધકકો માર્યો છે. તે ધકકો મારનારાઓને ધ્રુજાવવાને, નિર્દોષ બાળાઓના ભેજાંને એ અંદાજ રીતે ભંભેરતાં તેઓને અટકા-વવા જોઇયે છે:-

Association of Parsi Public Press.

કુમલો ટકોર કરે છે કે: "વૅજીટેરીયન વાંદરીઓ ઉમર કરતાં વધુ બુધ્ધી દીસે છે. મારી આય ઉમરે એકુને અજમાવી હોય તો કેમ ?"

"તારે પોતાને ખરચે અને જોખમે-at your risk and cost, my friend."

"જીમખાનાની જાંગલીઓ."

ઓજજા ! ચોપડી ફેંકી દીધી ! ! ! !-શું ઉં ?-ઇન્સલ્ટ થયું ? બાનુ, માફ કરો, —'આઇ મીન'—'બૅગ યોર પાર્ડન'—ઓ ! શું કહેવોછ ? ઇંગલંડમાં હવે 'બૅગ યોર પાર્ડન' ફૅશન-બહાર થયુંછ ? ચાલો ત્યારે 'સૉરી' !-અંદર-ફૅશન થયું ? પણ બા મને કંઇ એ જાંગલીઓની કાંની કાંગલાં કરતાં આવડે નહિ. મને શું ખબર કે જીમખાનાના જીનપરીયાં માહેલાં તમે એક છો. એ જીમખાનાનો જીવડો પારસી પરંદાચરંદાઓની નવી પેદાયશ છે. એ જીવડો કંઇ

સઘળોજ જીવલેન હોતો નથી, માટે જીવદયા ઍન્ડ કુંપનીએ તેઓ સોડેથી જીવ લઇને નાસવું નહિં. એ માસહારી છે, છતાં તે માહુલી સઘળીઓજ કંઇ ધણીજીઓનાં બોટાંપર જીવતી નથી. જીમખાનાની જાંગલીઓએ 'ખડકી યુનીયન કલ્બ'ને સદાની બરતરફ કીધેલી હોય છે. તેઓ "અલ્લગ" બેસતાં નથી પણ જયારે જીમખાનામાં જાય છે ત્યારેજ માટીડાજીઓથી અલ્લગ થાય છે. આ જીવડા માહુલી ધણીકોને કલીઅરન્સ સેલની કીડ લાગેલી હોય છે જે કીડે તેણી-ઓને કોતરી નાખેલી હોય છે. જીમખાનું? આ " ખાનું " નહિ પણ મોટો ખંડ છે; જે સર્વ પ્રકારની બાળાઓનું વર્ણન હું આપી ગયો છું તે માહુલી ધણીકો આ ખાનાના ખાંચરાઓમાં ધુસી ગયલી હોય છે. પુત્રી પ્રકાશના પ્રદર્શન ઉપરાંત પરણેતરો અને વિધવાઓનું પ્રદર્શન ત્યાં જોવામાં આવે છે. આપણી 'એડયુકેટેડ' અબળાઓ આપણી 'ફાસ્ટ ગર્લઝો,' આપણી 'અપ-ટુ-ડેટ' દુકતીઓ, આપણી ગર્લઝ ઑફ ધી પીયર્ડ,' આપણી સુધરેલી માતાઓ અને કુધરેલી વિધવાઓ—એ સઘળાંનો ત્યાં છુટથી છંટકાવ થયલો હોય છે. આપણી મોટરીસ્ટો અને મંડળી પ્રકાશો આ મંડળને શોભાવે છે. લેબાસ ? બાપજી ! બોલશોજ મા ! સઘળા કલ્યાન મોતીઓ, સઘળા વીરજીઓ અને દુલ્લભો, ભેસાન્યાઓ અને કાપડયાઓનું કાપડ, બુટ-ખાનાના સઘળાં બુટો અને સ્ટૉકીંગ સ્ટોરના સઘળા સ્ટૉકીંગના 'સ્ટૉક' અત્રે લેવાય છે. સમજાવતે સમજાવતે મારા મિત્ર કુમલા કુમારાએ એક કન્યા કુમારી માટે કારજ મોકલવાનું કબુલ્યું પણ એક કવખતે તેને જીમખાનાના કન્યાસ્થાનમાં ડોકયુ કરવાનું મન થયું. બૅડમીનટન અને લૉન ટેનીસ, પીંગપૉંગ અને બ્રીજ, ગાનતાન વ ગુલતાન અને હું-તુંની ખેંચતાણથી કુમલો ખેંચાણો—લોભાણો—લલ-ચાણો. તેની પાસે "જીવ" જોઇ એક દિલજાંનીએ તેની દિલદાર થવાને દિલમાં ચહાયું. વિઝીટો વધી અને અરસપરસ લાભેની લાભે, બન્યાની બન્યા અને તીણાની તીણા થવા માંડી; એવામાં, એક દિવસે મોડું થતાં અને મંડપની બહાર પડતાં બીનનોતરેલા અને બાનુઓને લેવા આવેલા બહાર ઉભેલા લટુજી પટુજી, લકડેકા લડુ ખાવે સો પસ્તાય ન ખાવેબી પસ્તાય એવા ધણીજી અને ઘોરીજીઓ

જેઓ પોતાના જીવડાઓને જીવ સમાન ગણી પોતાને ગળે ઓળવી ઘર જવા આવ્યા હતા અને જેઓમાંના ઘણાકો ખોટી થવાથી ખલભલાટમાં પડયા હતા, તેઓને જોઇ કુમલો કરમાઇ ગયો.

ખરેખર! આ શું? શું તેની પણ આવીજ દુર્દશા થ "છોને પડયો રહું,—પણ આ ખુબસુરત બલાને ઘરમાં ઘાલું નાહ." આ ધણીઓના ભેજાંની અંદરની બાજુનું પૃથકરણ 'રેડીયમ'ની રેખાઓથી કર્યું હોય, તો તેમાંથી વિનવિન પ્રકારનું વાંચી શકયે.

* * * *

શું પુછોછ બાવા—ત્યારે શું વાઇફ પસંદ કરવી હોય તો જીમખાનામાં નહિ જોઇયે" ?

જુવો, બેલાશક, જુવો, જીવ્યા પાણે જોયલું સારૂં. પણ જો વિઝીટર્સના કાર્ડસ નહિ મળે તો સાંઝને છેડે બહાર ખોટી થતા ધણીધોરીજીઓમાં ભેળઇ છાણામાના ભેળાઇ જજો, ને તમારી good senseને મદદે બોલાવજો. લેડીઝ પડયાં, એટલે કંઇ નવનું દોઢ થવાની ધાસ્તીથી વધુ ખરી ખુંખારીને કેમ બોલાય—ભલા ?

Graduate girls.

"ઇસ્તફ્રઅલ્લા! આય મથાળું તો વરી ઇંગ્લીશ છે!!" અભણ આલાંમાયને અભાડો વાળતાં હું સાંભળું છું.

"કંઇ નહિ કંઇ નાહ બહેન,—અલ્પજ્ઞાન ને અભિમાન બાજુ મેળો" અધુરો ઘડો છલકાય ઘણો તે ધ્યાન ધરી પુસ્તકોમાં પરિપુર્ણ થવાનો પ્રયત્ન કરો અને પછી 'It's English—pure English-pure English—you know!'ની અલગાર તમે લગાડશો તો પુરૂષ ગ્રેડયુએટસ તે ખુશીથી અંગીકાર કરશે. જુવોઃ—આ લેખાંઓ લખવામાં કવિતાઇ કુદરત મને 'ઇનસ્પીરેશન' અથવા જોમ આપે છેઃ

Time was.........જમાનો હતો જ્યારે.........—ઇત્યાદી.

જ્યારે શું ? મારા સાહેબ ભુલી ગયા ? જ્યારે.........આપણે વાંદરા હતા, અને હાલ ડાહ્યા બનયા છીયે એટલે આપણા થીયૉસૉફી-સ્ટ માહાત્માઓ ભાષણરૂપે આપણને ડાહ્યા-કાગડાઓની 'ડાઇરૅક્ટ' ઔલાદ માની લે.

ચાલો હવે-હાસ્યરસને હડસેલી કાઢો. ત્યારે જુઓ:-ગ્રૅડયુએટ ગર્લ્સ સઘળી કાંઇ ગુલેગુલ્લાબ હોતી નથી. તેઓ પોતાના ભરથારોને ગુલાબજલની અંગોળ કરાવતી નથી, પણ, તેમ તો વળી આપણી ઉલ્લુ ઉજબખો પણ ક્યાં કરાવે છે ? અને વળી આપણી ગ્રેડયુએટ ગર્લ્સ, મેઝર ગ્લાસ યા થરમોમીટર મિસાલ પોતાના બદન ઉપર 'ગ્રૅડયુએશનસ' યાને માપેલા માર્કો પીઠે લઇને ફરતી નથી.

બાયડાંઓની બાબદ-એટલે નાજુક તો ખરી ! હાસ્યરસ હડસેલી તો કાઢવું જોઇયે, પણ, હરગીઝ થઇ હડતું નથી. મીસ મક્રાંના વટલાવાથી કુમલાનો કરમાયલો ચહેરો જોઇ આગલ વધું છું:

જમાનો એવો હતો કે ગ્રેડયુએટ ગર્લ્સ આપણને ગભરાવી મારતી. કુવારા-તેઓને જોતાંજ કજરાતા. અદરાયલા-તેઓની અડફટમાં આવતાં ચોંકતાં. અને પરણેલા તેઓની પડખેથી પટ્ટ દઇને ખિસતા. હવે તો, રંગ બદલાયો છે. કેળવણીની કદર બુઝાય છે. કારણ, અધુરી કેળવણીવાલીઓ તરેહવાર અભાડા વાળવા મંડી ગઇ છે. જુઓ:-રોજીંદાં અને અઠવાડીક પત્રો. વાંચો:-છુટાછેડાના મુકદમાઓ. વૈદક કૉલેજ અને હુંનર કૉલેજમાંથી બાહેર પડેલી બાળકીઓ તે બારેહકતાલ્લાની મહેરથી બાર ઠેકાણે ગોઠવાઇ ગઇ છે. પણ એ બારમાંથી એકના પણ બરડાની બેવડ થયલી યા કાનની ચિમટ ચિમટાયલી મેં સાંભળી નથી. આ ગ્રેડયુએટ ગર્લ્સ ગુલજાર વસ્ત્રાલંકાર સજવાને માટે જાણીતી નથી. Anti marriage (ઍનટીમૅરેજ) ફેશન કંઇ સઘળી તેઓનીજ બનેલી નથી. તેઓમાંની ઘણીકો પસંદગીના લગનની પિછાન કરનારી હોય છે, અને કેટલીકો તો બીનગ્રેડયુએટસ સાથ પરણી છે.

કહેતી છે કે શિખેલી માતાઓ સમજુ શિખેલાં બાળકો બનાવે છે. કહે નેપોલીયન દેશને કરવા આબાદાન, સરસ રીત એજ છે કે દો માતાને જ્ઞાન. બાપુ, મેં તે ઉંઘાડી અને બંધ આંખ્યોએ નિહાળ્યું

છે કે આવાં શિખેલાં જોડાણના સજ્જાયલાંઓ બહુ સચેત અને ચબરાક નિવડે છે; અલબતાં, સ્વદેશી ભાષાની તેઓ માહેલાં કેટલાંકોને સુગ લાગે છે પણ આ કેળવાયલી માતાઓ અને તેઓના બાળકો સાદઇથી સુગાઇ ઉઠતાં નથી. ઓછું કમાનારાઓ અને અર્ધ ભણેલાઓ સાથે તો અધુરી "ઘડી"ઓ વટીક પરણવા ઇચ્છતી નથી તો પછી ગ્રેડયુએટ ગર્લ્ઝ તેઓનો સંગ કેમ સાંધે ?

કુમલો કાન કરડે છે કે: "એમ તો હું F. E. A. માં ફેલ થયોછ તે આવી એકાદ ગ્રેડયુએટ ગર્લ હું ગીરવી લઇ શકું નહિ?" જવાબ:—

Age limit ! Time barred ! No thoroughfare !

"વર્ક કલાસની વનીતાઓ."

બીજે દિવસે ૨) વાગને સેરક બહાર પડતો હતો તેટલાં વળી: friendly nuisance—કુમલો !

આ વેળા તે નબળી કુમળી કમ્પનીમાં હતો: બહેન મક્કાંની બાંહેધરી હેઠળ તે હતો: અઉરંગઅઉટાંગના આ અવતારે પોતાની હાલતદર્શક પૂછડીજ માત્ર બાંધી ન હતી.

"બના" કુમલાએ બરાડયું "વર્ક કલાસવાળાં મીસિસ પાટક તારાં બહેન થાયછ ?"

"ખરેખર ? તેં આજેજ શોધ કીધીની ? ચાલ—કાલે 'મેલ' જાયછ તે પેટંટ માટે ઇંડયા ઑફીસને લખી વાળયે."

વૅજીટેરીયન મીસ મક્કાં હસવાની કમતાકાતથી મરડાઇ ગયાં ને રખે નવનું દેઢ થાય કરી મેં તેવણને માહે બોલાવીને ઠર પાડયાં.

"અમુને એ વર્ક કલાસ જોવેછ" મક્કીએ મરડાઇ મરડાઇને મરોડયું.

"મહોસમોકાનના સમાચાર" મેં વમાસ્યું અને પછી ખું ખાયું. "તમારેથી ફરી શકાશે કે ? આય ભાજીપાલાએ તમુને ભાજીના

પાણી જેવાં બનાવી દીધાંછે ને વરી વર્કકલાસની કેટલીક છોકરીઓ તમારી એજ 'બોટ'માં સહેલ કરતી હોવાથી વધુઓ બેસવા જાય તો ડુબી જાય !"

"અરે નહિરે દોસ્ત, તું બી શું બકેછ? એ લેલેગુરેને જોતાંજ તેઓને ભાજીપાલાની 'ઉલટી' થશે. એ ચિત્રમાં તેઓ પોતાનું ભવિષયનું ચિત્ર ચેતી લેશે."

"કુમા, એ વર્કકલાસની એકુ સારી જેવી છોકરી તુંને આય ઉમરે પસંદ કરે તો જરૂર ઝીપલાવજે."

"ઓ વાય, મી૦ બનાજી, ઓવારૂં ! મારા ભઇને કોઇ મળતી નહિ કે વર્કકલાસના વળખાં મારે ?"

"કેમ, મીસ મકકાં, વર્કકલાસનીસે વરવું તેમાં લજવાવું કેવું ? વર્કકલાસની એ વિચારવંતોએ કોમી હીલચાલમ આજકાલ સઉથી વિચારવંત પગલું લીધેલું લેખાય. બીચારીઓ કેવી દોર બાંધી બકરાંને ટોળાંની પેઠે ઉદયમી સહવારે ઉજમ ધરી કલાસને આવી વરેછ, ને સાંઝના ધરે ફર્યા પછી ઘરની અધુરી જંજાલ ઉઠાવેછ. લગભગ દસ વરસની વાત ઉપર જયારે ગુજરાનનાં સાંધનોની ગેરહાજરીને લીધે આપણી નાજુક પંથનીઓ પડતીના પાતાલને ટળયે જવાની અણીપર હતી ત્યારે, મીસ મકકાં, આ વર્કકલાસોએ જો તેઓનો ઉગાર નહિ કીધો હોતે તો કોમી કીર્તિના સર્વથી શોભઇતાં કલગીરને સદાનો કલંક લાગાતે; આડે માર્ગે ગયલીઓમાં એટલો અસાધારણ ઉછાળો થતે કે તેનો ખ્યાલજ ખ્યાલ કરનારને ખેજાલ-તમાં નાખે છે. કામ કરવું, મીસ મકકાં, તેમાં શરમાવું કેવું ? શરમ તો વાહિયાત કારણોને લીધે તમારાં જેવાંઓ દેહશુધ્ધીની કશુધ્ધી બનાવે છે તેમાં સમાવી જોઇયે. મને તો વિચાર આવેછ કુમા કે આપણા બેકાર છોકરાઓને વાસ્તે એવાજ વર્કકલાસો તારી દોલતના થોડાઘણા ખર્ચે તું કાં નહિ સ્થાપે ? મકકાંનાં મકઇદારોના દાણા તો હવે બધા વેરઇ ગયાછ; તારો કુમલો કંદ તો હવે કરમઇ ગયોછ ને તારાં માયજી દો કહેછ કે વૅજીટેરીયન વાંદરીની હું મમઇ કહેવઉં તે અગઉ ખોદા મને તેડી લે ! તારે હવે પૈસા શું તું

વેણપર લઇ જવાનો છે ? આજકાલ તો પેટની પ્રમાણીક વેઠમાં આ વર્કકલાસની છોડીઓએ આપણા છોકરાઓને પાછળ મેલ્યા છે. એક રીતે જોતાં તો આપણે એક જાતનું 'અનિયમિતપણું' ઉભું કર્યું છે. ઇંગ્રેજીમાં Balance of Power જેને કહે છે તે આપણે છોકરા છોકરીઓમાં જાળવી રાખવાની સંભાળ લીધી નથી—''

"અરે પણ તું એ બધું ભાપણ કરવા શાનો પરયોછ? મક્કાં એ લોકના વર્કનો 'રિવ્યુ' લેશે તાહરે હું એ લોકના ચહેરાઓનો ઉડતો 'રિવ્યુ' લેવશ—કેમ ચાલશે દોસ્ત ?''

"બીલકુલ નહિ! ચહેરાપરથી ચાંદલો કરવો એ આસ્માની ચાંદ મેળવવાના વળખાં મારવા બરોબર છે. કામ કરવામાં જે કરવૈ હોય, જેના સંસારમાં સૌથી કમી સુખ તેણીને મળતું હોવા છતાં બીજાંઓને જે સુખ આપતી હોય અને જેણીના અંગબળ ઉપર બીજાંના અંગબળનો આધાર લટકેલો હોય તેવી એકને તું ઉપાડી લેજે. એવીને પસંદ કર્યા પછી તારા હાથમાની આય કદરબીહામણી ડાંગ ફેકી દેજે, કારણ, તે તારી ધડપણની લાકડી તરીકે તુંને કામ લાગશે.

"હું પૂછુંછ દોસ્ત બના, કે તું એટલું બધું બોલેછ—તારા આય વર્કકલાસની કેટલા ટકા છોકરીઓ દર મહીને પણની જાયછ?''

"પણની તો જાયછ પણ જેટલી જોઇયે એટલી નહી: કારણ તારા જેવા ઉલ્લુઓ કવચિતજ ખરા ખુણામાં ખોળ કરે છે તારા જેવા ભેંસ્યા તેઓ પહેરેછ પણ તેઓને ભેં ચઢેલી હોવાથી તેઓના ભેજાંનું ભુસું હવાઇ ગયલું હોય છે. સાધારણ રીતે બોલાયછ દોસ્ત કે બે હાથે ટાલી પડે. હું કહું છું કે આ વર્કકલાસના સંબંધમાં ત્રણ હાથે ટાલી પડી હતી. પહેલો હાથ સ્થાપકનો, બીજો છોડીઓના માબાપનો, અને ત્રીજો છોડીઓનો પોતાનો: ત્રણમાંથી એક પણ હટી ગયાં હતે તો ટાલીને બદલે તોબાહ પુકરાતે. આ છોડીઓ જે શાંતીથી પોતાનો સુજ્ઞ માર્ગ કાપે છે તે તારા ને મારા જેવા તો શું પણ હજાર બાર વધુ સમજુઓને વિચારવંત બનાવે છે. **પુત્રી પ્રકાશ**ના જે કુંવારાઓને આ **પુત્રી પ્રકાશ**ના બીજાં ચિત્રોનું ચરિત્ર રૂચતું ન હોય તેઓને આ વર્કકલાસની

વિચારવંતો માટે વિચાર કરવાને હું ફરમાવુંછ. આ Passport ના કંઇ પૈસા પડશે નહિ. આ છોડીઓની પસંદગી માટે સઘળા સુજ્ઞ સજ્જનોને Carte Blanche—તારી બોલીમાં બોલું કુમા તો—'કારટી બ્લૅનકી' છે. પણ થોભ, એટલો ખુશીમાં ના આવી જા, જૈરી હવે લગાર વધુ ઝડપે તારી ઝડતી લેઉંછ. પસંદ કરનારે પોતે બીજાને પસંદ પડવું જોઇયે."

ચાલો, હવે આપણે જઇશું.

"અક્કડફુસ ઍસ્કી બાનુઓ."

કુમલો કાનમાં:

"અરે વરી આપરા માટીડાઓમાં તે અક્કડફુસ કાંહ નથી ઉભઇ જતા?"

"ખરૂં દોસ્ત" મેં કહ્યું, "પણ આય તો 'પુત્રી પ્રકાશ' છે. 'પુત્ર પ્રકાશ' રચાશે ત્યારે તારા જેવાઓનીબી ખબર લેવાશે. દોસ્ત ગુસ્સે થતો ના પણ વખત હતો જયારે તારી પેલી અઉરંગઔટાંગની ઔલાદ 'ઍસ્કી–બાનુ'માં પાસ થતી'તી. અલબત, હવે તો એ તે ઉપમામાં અપમાન માની લે. એ ઍસ્કી થતી'તી ત્યારે લોકના મન પર એમ ઠસાવતી'તી કે એ બધા ડ્રૅસીસ એ પોતેજ સિવતી'તી, કેવી ખોટી શરમ! સિવવાની એની જાતજ કાંહ છે? અઉરંગ–ઔટાંગો સિવતા'તાજ કે' દહારે? ખોટી શરમ કેટલી બધી પોટ્ટીઓને પરણી જતાં અટકાવેછ! ઉલટપાલટની તો આય દુન્યાજ છે; ફેરફારના ખેંચાણથી આપરે ખેંચઇએછ, પણ, બીરાદર કુમા, બંધ આંખ્યોએ હું હમણાં શું જોઊંછ?–કેટલીક નાહ્લે ખાંચરેની નાલીબાઇઓ પોતાના ડ્રૅસીસ હાથે સિવેછ અને સાહુકારી કરેછ કે આય બ્લાઉઝ મૅડમ સ્ટૅન્લીએ બનાવ્યું ને પેલું વાસ્કુટ કલ્યાણ મોતીએ સિવ્યું!! બીજા હાથ ઉપર, કેટલીક મોટે ખાંચરેની મોતીબઇઓ 'મોટઇ' લેછ કે: આય ફાઇન પોલ્કો, આય સારીનો પાલવ, આય કરબી કોર

અમે હાથે તૈયાર કીધાં જયારે તેની બનાવટની કીર્તિ તો વર્ક કલાસ યા દરજી દરજણોને ખાતે જમે થયલી હોય ! !

"નાહ્લે ખાંચરેની નાલીબાઇઓ માત્ર અપટ અટકની અડચણે ધરખમ ધણીઓ જતા મુકે છે. હાથમાં ખરીદેલાં પોટલાં લઇ ચાલતાં, તેઓ લજવાય છે ! ! ! જયારે ધણીક સમજુ મોતીબાઇઓ તેમ કરવામાં હલકું સમજતી નથી, કારણ-? નાલીબાઇઓ એમ વિચારે છે કે: મોતીબાઇઓનું 'મોટાપણ' ઠરી ગયલું હોય છે. મંડળીના મંડળમાં તેઓને કોઇ 'મર' કરી કહેતું નથી જયારે અમે નાલીબઇઓએ તો હજુર મંડળીનો ઉંબર પણ વટાવ્યો નથી. મોતીબઇઓ સાદઇને લીધે સારાં સાટાં કરે છે ત્યારે નાલીબઇઓના હાથમાંથી એસ્કઇને લીધે સારાં સાટાં સટકી જાય છે. ટલ્યાંમાં જોશો તો કાંઇજ નહિ: ખોટી શરમ !"

"સારી પહેરતી થઇ !"

"શેરયારજી—સમજોેછ કે ? એ એમ સુહના બહેરા શાએ થયા" ?

"પણ કહેછ શું સુના ?"

"એ હવે સારી પહેરતી થઇ."

"કોણ ?"

"આપરી શહેરાં"

"સારી પહેરતી થઇ ! સૌ સારૂં જેનું સેવટ સારૂં. તું આખો દહાડો સાહનસીની કાની વગર સારીએ દમકયા કરેછ ને તારી બધી સારીઓ કબટમાં સબરેછ ને સંતાપ કરાવેછ, તેનો હવે ઉકાવ થશે."

"એ તો તમારૂં હંમેશનું રહી ગીયું ! શું મને ઇસ્કોલે મુકવા કહારીછ કે. હું તો કેહુંછ કે હવે એ સારી પહેરતી થઇ એટલે એને ઉઠારી મુકો."

"ઉઠ!–શહેરાં, ઉઠી જા! તું બેઠેલી છે તે તારી માયને ગમતું નથી." પાંખડું ઝાલી પાઠ ગોખતી શહેરાંને મેજ ઉપરથી શેરયારજીએ બાહેરની ગરમી પણ બાતેનની નરમીથી ઉઠારી મેલી.

"અરે હું તો કેહુંછ કે એને ઇસ્કોલથી ઉઠારી લેવો. બાકી તમે એમ બધું બકસો તેથી તે બાકી જે હું બધી મારી સ્સારીઓ એને આખો દહારો પહેરાવીને તેના સટાકા કહારવા દેવસ કે? વખત વેરાએ સાંજને છેરે હેકે ઉતરી નહિ હોય તાહરે પહેરવાની."

"અરે ઉલ્લુ," શહેરાંના ટટરબંધ પટામાં હાથ ઘાલવાની કોશેશ કરી,––"ઇસ્કોલોથી ઉઠારી મુકવાને બદલે આય એનું અધયાપણુ કાહરી નખાવ. જો–આય બકલ! મારી છેલ્લી આંગળી બી નહિ જતી! સો–ડાકટર કહેછ કે લોહી બગર્યુંછ ને સ્કીન ઇરપશન થયાંછ. હું હાજર હોતે તો કહેતે કે એની ચામરીપર નહિ પણ તારી આંખપર ઇરપશન થયાંછ"—

"પપા, તમે તો કાંહથી કાંહ ઉતરી પરયા?" પપાજીને શેહરાં-જીએ સુખરી આપી.

"તું જા દીકરી, જરા ઉલટી બંધ છે તેટલાં પેલી ગોરી લઇ લે. જોની બધું મહોનું પાછું લાલ–લાલ થઇ આયુંછ. કોણ મુવા ભૂંડાની નજર લાગીછ તે છોકરીના મહોનાપર તેની માય મમઇનું લોહી ધરી ધરી ધાઇ આવેછ. તમારી જાણે બલા કે ઘેરમાં શું થઇ જાયછ!" મમા ડીયરે મટકો કીધો.

"અરે ઉલ્લુ! એમ કહે કે ડાકટરની બલા શું જાણે કે શહેરાં પોતાના તનબદનનું કેમ સત્યાનાશ વારેછ. પાંચ વરસ તો રહીને એ મરવાની તાહરે આય દવાની ગોરીને બદલે બંદુકની ગોરીથીજ એનો હમણાજ ભલાં આદમી નિકાળ કાંય નહિ કહારતો! હું હોતે તો એના એ ટાઇટ ટટરબંધ બ્લાઉઝની પાંચ–દસ 'બટન પીસ્સ' કરી એક–એક કલાકે બબે બટન મધમાં પાઇ દેતે. એ ઉલટી,—એજ ટાઇટ બટનની મહોકાણ છે! એ પોતાને અકુદરતી રીતે ઉલટીસુલટી બનાવેછ તાહરે બીચારૂં છાતીમાંનું લોહી છલંગ મારીને મહોનાપર ધસેછ."

"પપા, એવણ તો કહેછ કે તારી માસ્તરણીને નોટીસ આપજે કે આવતી પહેલીથી તારૂં નામ કહારી નાખે."

"નામ કહારી નાખે! તાહરે શું કંઇ બીજું નામ રાખવાની છે કે! ને નામ કહરી નાખીને કામ શું ધોરવાની છે, તે કંઇ નકકી કરી રાખ્યું છ, કે? ઘેરમાં રાખીને તારા જેવું કામનું કાઢણ્યું એને કરવા મોંગેછ કે...? શું બકેછ? હાર મોટાં છે? હજુર તો એ પૂરી પંદરની થઇ નથી. આખો દહારો હવારકુટા કરશે, ખડકી કલબમાં ભમશે, ટાયલાં-ટપપાં કરશે, પ્યારના કુઠલા વાંચશે ને સાંજને છેરે શાળાનો આંકોશ દુર થવાથી અગાસીએ બીરાજી જતા-આવતા જુવાન્યાપર નજર ફેંકયા કરશે, ને આટલી ઉમરે કોઇ ચિમપાનજી જેવા સાથ પ્યારમાં પરશે તો પછી પસ્તાશે. હા બા-આપરે તો ખુલ્લું કહીયેછ-તુંજ બોલેછની કે નવરો બેઠો નખ્ખોદ વાળે, પરવારતી પવારે જાય, ને વહાણ ભાંજીને પાટલા ઘડે. શહેરાં, દીકરી, તારી માયની સુદ્ધ સુકઇ ગેઇછ-તું જો આય પટો ને આય બરડાપરની બટનની અતગાર કહારી નાખે ને કોરસેટની લેસ લેશભાર ઢીલી કરે તો હું તુંને સ્કુલમાં જતી અટકાવશ નહિ, ને જો દીકરા, એવણ સારીઓ સંતારે તો પાસેની કુમીની લાવીને પહેરજે, તાહરે એવણને ડહાપણ આવશે.

કુમાનું કારજ!—દીકરી દાન!

એક સહવારે સકાળે પટેલના પીરોજબઇની સવારી મારી સિડીએ ચઢી.

"આવોજી-આવોજી" ની ધધુખર! "સહવારના પહોરમાં તકલીફ"—વ૦

"ઉહઉં-અહું-હુંએ—હા જો, બાવા, મારી આલાં હવે મોટી થંઇછ તે કોઇ સારો જેવો છોકરો તમારા ધ્યાનમાં હોય તો મને દેખારોની?"

"સારો જેવો છોકરો? સા–આ–રો એટલે શું?–રંગે, રૂપે, ચહેરે, બદને, ચાલચલણમાં કે પૈસેટકે?"

"ઓ વાય! તમેબી શું કોતક પારોછ? અખ્ખઇ રહયું હીરામોતી જેવું બચ્ચું તે કંઇ ઉંચકી અફારી નાખવાનું છે?– જરા જરા બધુંજ જોઇયે તો."

"પણ તમારા પીરોશાના ધ્યાનમાં કોઇ હોશેની?"

"અરે હરવાયા એવણ! એવણનામાંજ સોજ હોય તો શોધી કાહરે કેની? એવણ તો ઘેર ઘેલા ને બહાર ડાહ્યા. પણ જોવોની બા, એમ તો એક મારા ધ્યાનમાં છે ને તેને તમે સારી કાંની ઓર-ખોછ, પાંચ પઇસે સુખી છે પણ અખ્ખઇ રહી આલાં તો એકની બે થતી નથી.એનાને તમે સમજાવી શકતા હોવો તો હું એ ભાન-ભુલીની સુધ્ધ ઠેકાણે લાઉં."

સેવક ભડકયો! કુમલો તો નહિ હોય?–"પણ માય, તે ધણીનું નામ કહેશો?"

"કેરશાસ—અરે નહિરે! કું—કુંવરજી કાવસશાહ કલ્યા-ણીવાલા."

અજાયબીથી મેં મારો હાથ મેજ ઉપર ઠોકયો, અને નજર–બંધ હોવાથી પાસેના ટી–કપમાં તુફાન મચાવ્યું.

આફ્રીન! સદ હઝાર આફ્રીન! આપણી માતાઓની અક્કલ ઉપર! આ તો પેલી પુરાણી કહેતી પ્રમાણે થયું. બોલું તો મા મરી જાય, ન બોલું તો બાપ કુત્તા ખાય. કુમલો મારો મિત્ર એટલે તેના સંબંધમાં અરધો બાધો, અરધો ખુરદો તો મારેથી કયાંથીજ થાય? આ બાઇ દેખઇતી રીતે પોતાની દુકાન ભુલ્યાં હતાં. "પણ તમારી આલાં," મેં કહયું, "હસતી રમતી પુતળી તેને કુમો કેમ પરવડશે?"

"બધું થશે, બાવા, પાસેના પેસી પસ્તાકયાપર એનું ધ્યાંન દોરેછ............"

"Excellent!" હું બરાડયો, "કાલે થતું હોય તો આજે કરો. મજેહની પૅનશનની નોકરી છે, ૨૫) ની ઉમર છે ને પોણોસો કમાયછ, આગળ જતાં વધશે."

"પણ એ પોણોસો રૂપરડીમાં, બાવા, પોરયાંતોરયાં કેમ પોખાય?" અખખઇ રહ્યા કુંવરજી પાસે તો પાંચ પઇસાનો જીવ છે, ને મારો જીવ નચિંત રહેશે."

"હું દિલગીર છેઉં માય, કે એ બાબદમાં હું તમને કંઇ કહી શકતો નથી. કુંવરજી આવશે ત્યારે વાત કરીને તમારી પાસે મોકલશ."

* * * *

પીરોજબઇ પત્યાં કે કુંવરજીબા વધ્યા:

"કેમ શું છે?" તેવણ બોલ્યા, "સહવારને પહોરસે કંઇ વટેણા વેરઇ ગીયાછ?"

"હા, તારા જેવી એક ઉલ્લુએ તે વેરી નાખ્યા! વાંકા વળીને વિણી લે: કુમા, તારૂં કાજ આયું'તું—"

"મારૂં—? ક–ક–કાજ!! કોણ સાથે?"

"એક અક્કલહિણુ માતાની ગુણવંતી ગુણસુંદરી સાથે: પણ, તે એકજ સરતે કહેવાય. ધાર કે આવી એક ગુણસુંદરીની માતા તારી આવકજાવકનો ગુણાકાર જાણી તુંને તે સપુરદ કરવા માગે તો તું,–તું, સસસ–"

"તેણીના હાથમાં સપડાઉં કે? છટ! દોસ્ત, આય ઉમરે ને આય હાલતે! તાહરે તું મારૂં દિલ વાંચિ શકયોજ નથી—"

* * * *

હું તેને ભેટી પડયો અને સર્વ બીનાથી તેને વાકેફ કીધો.

ખડીયો કલમ લઇ તેને નિચલું ખરડી કાઢયું:—

મહેરબાન બહેનજી પારોજબઇ,

ઘણી મહેરબાની થઇ. દીકરી ભારી પડતી હોય તો મને દક્ષણા કરો. ૧૦,૦૦૦) હું તેના નામપર દતકપદ આપું છું.

લા૦ દુવાગો સેવક,

કું. કા. કલ્યાણીવાલા

માતા—એક ઉત્તમ કારજકરૂ—
સ્ત્રીપદ, પત્નીપદ, માતાપદ.

પીરોજબઇ પત્યાં પણ પજરણ ચાલુ રહ્યું:

બીજે દિનના પત્રમાં કુમાએ મારી કને નિચલી જાહેર ખબર વાંચિ :—

અનુભવી કારજકરૂ.

જોઇયે છે. દામ સારૂં દેવામાં આવશે.

પી. પી. પ. ને સરનામે આ પત્રની કેરમાં લખવું.

વાહરે પીરોજબઇ! માતાઓ હોય તો એવીજ હોજો ! ! **દામને** બદલે **ડહામ** વાપરતે તો ન ચાલતે? જરા ખડીયો કલમ આગલ કર, દોસ્ત કુમા, ને ચાર લાઇન લખી લે—પછી વિસરી જઇશ.

"તારૂં તો એજ રહી ગીયું! આયા મળવા ને બેસાર્યાં દળવા!"

કુમો તાબે થયો, અને ઉપલાં મથાળાં હેઠળ નિચલી લીટીઓ લંબાઇ :—

જે માતાઓ કારજકરૂઓ રોકે છે, પોતાની સ-કુમારીને સંસારમાં નાખવા તારી--મારી દાઢીમાં હાથ ઘાલે છે તેઓ પોતેજ કારજકરૂનો ભાગ કાં નથી ભજવતી? તેઓ જો ચાહે તો ઉપર લખેલાં મથાળાંને માચાકુળ ઇન્સાફ આપે. કેળવો,—માતાઓ, તમો પોતે પોતાને કારજકરૂ થતાં કેળવો, અને તમારી નેમ પાર પાડવા કારજને બરની કેળવણી માત્ર કન્યાઓને આપો.

"એટલે તે શું?"—

કુમાને નો—કોઠા કરી મેં આગલ ચલાવ્યું:—

આ કન્યાને બરની કેળવણી તે શું છે?—એસ્કઇમેસ્કઇ, ફેશન ફિશ્યારી, ફલુસી ફનાફાટચો, પિંગપોંગ, બેડમિન્ટન, બેન્જો, ઇંગ્લીશ Pure English, ગાનતાન અને ગુલતાન, ચિત્રકળા. સદગુણો ભેગા દુર્ગુણો, મિઠાં સાથે થોડું ખારૂં ખરડેલું: (કાં? તો કહેજે:) તેસ્ટને Suit થવા, જુવાન્યાઓ ખેંચાય, અને 'જીવનગાળો' બંધાય. આ પ્રકારની કારજકરૂ માતાઓ અને કન્યા કેળવણી કમાર્ગે જાય છે. જે છોડીઓ જુવાન્યાઓની રમતગમતમાં ભાગ લઇ ચાહોમ તેઓપર ઝીપલાવે છે તેઓ કવચિતજ તેઓના જીગર જીતે છે. મોતીબઇ માટે ઘેરના, સુધરેલાં શાકરબાઇ, સઘળાં કહે છે કે અમારી ગુલાં ને શહેરાં, આલાં

ને પીલાં મેત્રીક થઈછ, ડરોઈંગ મ્યુઝીક જાણેછ. પણ તેઓને સ્ત્રીપદ, પત્નીપદ, અને માતાપદ કોણે શિખાડયું છે? ઘણીક કન્યાઓ કુંવારી હોવા છતાં, જો તેઓને આ ત્રણ બરની કેળવણી મળી હોય છે તો પોતાની નાની બહેનોને રૂડી ઘર ધણ્યાંણી થવામાં પત્ની થવામાં અને માતા થવામાં ઉત્તમ મદદ આપે છે. નાના બાળકોની સંભાળ લેવામાં માતાના દુધની ગેરહાજરીમાં 'ઉપરના' દુધ ઉપર તેઓને ઉછેરવામાં તેઓ કુશળ હોય છે.

આવી કન્યાઓ કુંવારાઓની આંખે પડી હોવાથી ઘણાક ઘરોમાં કુંવારી પડેલી હોય છે. પણ ત્યારે—હું મુળ બાબદથી વેગળો જાઉં છું.

છોડીઓને છોડાઓના સમાગમમાં મારીકુટીને લાવવી તે કાંઈ કાર્યસાધક કારજકરૂપાણું કહેવાય નહિ. મેં દર્શાવેલી કેળવણી તેઓને, આપ્યા કેડે જો બની શકે તે સારા સપુતોના સમાગમમાં તેઓને લાવો અથવા આવવા દો. તેઓની પસંદગીનો Progress તમો દુરથી દેખતાં રહેજો, અને પ્રિતી બંધાય તો પરણાવજો,—હરકત કરશો ના,—માત્ર, આડાં ફાટે તો અટકાવજો.

આ ઉત્તમ **માતાની કારજકરૂ કારિગીરિ છે.**

"દોસ્ત, એક favor–?"

"ten,–if you like" મેં જવાબ દીધો.

"તારી પરવાનગીથી સેવક આની એક copy લેશે."

* * * * *

Copy લેવાઇ, Cover માં બીડાઇ, અને નિચલે શિરનામે post થઇ:–

બાઇ પીરોજબાઇ પીરોશા પટેલ

પટેલ વિલા,

પરેલ.

LOCAL

કુમલાના કડકપણાનો આ એક કડક પણ વાજબી કત્રો છે.

"જીવવાલી જીલુઓ અને જીવતોડ જહેમતખોરીઓ."

"જેમ પઇસા વગરની પુત્રીઓમાં, તેમ જીવવાલી જીલુઓમાં,-ફ્રૅન્ડ સૉક્રેટીસ-આજકાલ ઘણેક ઠેકાણે જાગૃતી થયલી હું સાંભળું છું", કલ્યાણુબાગમાં શુક્રવારની એક સહવારે સહેલ કરતાં સુફેદ સુટમાં સજ થયલા મારા સૉક્રેટીસને મે કહયું. પરવારતી પુત્રીઓ અને જીવતોડ જહેમુતખોરીઓ, બન્નેને ત્રાજવામાં તપાસ્યે તો છેલ્લું પલ્લું નમી જાય. ઘણાક ઘરોમાં જીવતોડ જહેમતખોરીઓ, જીવવાલી જીલુઓ અને તેઓના માબાપ વચ્ચે ઝગડો જાગે છે-"

"Cause ?" કુમો કરડયો.

"Cause ! જુન્ના વિચાર વિરૂધ નવા વિચાર ! આપખ્ત્યાર થવાનો ઉત્સાહ. જોની—પેલી તારી બે કુંવારી 'કૅઝો' પાંચ પઇસે સુખી છે, કોઇ ખાનારૂં છે નહિ છતાં આખો દહારો દોરા-ડહામણા કરેછ; બ્યાજ વટાવ આવેછ, ભાડું આવેછ, લોક કહેછ કે માદી પાપ જેવીઓ છે, મોટા મોટા ભેંસ્યા ઘાલેછ, છતાં કમ્મરની ખેવડ કરેછ ને પરવારતી આયાઓ પાસ ઘેરઘેર કોરો વેચાવેછ ને બીચારી તેજ ધંધો કરનારી પઇસા વિનાની પુત્રીઓના પેટપર લાટ મુકેછ. કાંય—? તો કહેજે: આખા દહારા કર્યે શું ?......"

"કુવો કાંય નહિ પુરતી!" કુમો બરાડયો.

"અંહંહંહ 'કૅઝ—કૅઝ" [કુમો પોતાની 'કઝીન'ને 'કૅઝ' કહેતો હતો] કરવાનુ કંઇ નથી ! !-કરવાનું ઘણુંબી છે. સદાવ્રતમાં જોડાઇ સુત્ર કાર્ય કરો. વર્કકલાસની વર્કીંગ કમીટીમાં જોડાવો. 'જરથોસ્તી સ્ત્રી મંડળ'ના મૅમ્બર થાવો. ગરીબના પાંચ છોકરાંને ઘરે બોલાવી મુફતનું શિક્ષણ આપો. અને, જો બની શકે તો સ્ત્રીઓની ઑસ્પીટલમાં જઇ મુફત સારવાર કરો. જો એમબી ન બને તો વેચાણની આવક ગરીબોના લાભાર્થે આપો. જીવવાલી જીલુઓ અને જીવતોડ જહેમતખોરીઓના માબાપો જાણવા માગે છે કે તમે જહેમત શું કરવા ઉઠાવો છો? જવાબમાં:-

કુંવારી જીંદગીનો કડવાસ, નામુરાદીના નિસાસા, કંઇ ન જણાયલી ભવિષ્યની નેમ, ન્યુસપેપરમાં નામ કાઢવાની જીજ્ઞાસા વિગેરે વિગેરે, જીકડ જારી કરવામાં આવે છે. કેટલીકો માબાપની છાયા છોડી જવા ઇચ્છે છે. માબાપના મરણ બાદ એકમેકસે હળીમલી રહેતી નથી પણ અકેલી રહી પોતાની જુદી જંજાળ ઉઠાવવાનું પસંદ કરે છે. 'ફલાણી ચીણી જુદી રહી—હું કાં નહિ રહું? ઓલી પેલી કમાયછ હું કાં નહિ કમાવું?—કમાવો, બાઇઓ કમાવો, આબરૂ દરકારે કમાવું તેના જેવી કમાલ્યત બીજી કાંઇ નથી, પણ કોઇની ભૂખના ભોગે તેમ કરતાં ના."

"હું ઇચ્છુંછ, બના, કે મારી, 'કૉઝો' હમણા અહિં હોતે. હું એ લોકોને ચોખ્ખું પરખાવતે કે **જીવો—ને જીવવા દેવો.** નકામી તમારા જીવપર જાસ્તી કરો ના, ને બીજાની ઉપર જબરી ગુજારો ના. કમઇનું બજાર જે હંમેશ કડવું હોયછ તેને ભરચક બનાવો ના. દોસ્ત બના, સમાર્ગે પૈસો કેમ ખરચવો તેની નિશાળ યુરોપમાં વટીક હજી કોઇએ કાહરી નથી. એવી સ્કુલ તું સ્થાપે તો હું તારો શિષ્ય થાવું—"

"ઓરીજીનલ—તદ્દન ઓરીજીનલ," હું પુકાર્યો. "Excellent idea! આપણી પંચાયત બીજી ત્રીજી પંચાતી પછાડી નાખી આવી પહેલ નહી કહાડે?—પણ હું ભુલ્યો કુમા, પૈસો કેમ ખરચવો તે નવી પંચાયતને હજી પોતાને શિખવાનું રહેલું છે. જોની દોસ્ત કંઇ લખ્ખોપર કરોડો એકઠા થયાછ, કંઇક તારા જેવાઓ આપીને મરણ પામ્યાછ પણ તેની કરોડનો કાંઠોબી કોઇ જોતું નથી. સર પી. એ કાંઠો આપણને કદાપી દેખાડતે."

—o—

" કુંવારા વિરૂધ કજરઈ ગયલા. "

કુમચો કલ્યાણીવાળો કુંવારો હોવાથી કુંવારૂં વાંચન બહુ પસંદ કરતો. ચાલે તેમ વાંચણે તે વિચિત્ર હતો. સૉક્રેટીસ સાથે તે પોતાને સરખાવતો હોવાથી બીનશોખે પણ થોડું ઘણું ફિલસુફિનું ખુર્ચંણ તે ખુંડી મારતો ! અને એવાં ખુર્ચંણોનો ખુરદો વખ્ત કવખ્ત બીજાઓ ઉપર ખુહવાર કરી અધું બાધું અધું રોકડું પરખાવતો. હું અને તે એક દિ જીકાજીક કરતા હતા તેટલાં વુર્તના પરણેલા તેના એક વગવાલા લેખક મિત્ર મુલાકાતે આવ્યા. વાતે વળ લેતાં કુમલાના ભેજાંએ વળ ખાધો. "મી૦ સોહરાબ," તે બોલ્યો " તમારા સેવકનો અનુભવ અદ્‌ભુત છે ને વરી તમે જાણોછ તેમ વાંચણનો વિસ્તારથી કંઇ વખાતો કરવા જેવો નથી. [નોટઃ–પેલા વિઝીટરે કંઈ નજરચુકથી કુમલાને લગ્નનું નોતરૂં દીધેલું ન હુવાથી તેને નરસ લાગ્યું હતું અને વેરની તરસે તેને તરસો બનાવ્યો હતો.] તમે મારી જરા સલાહ લીધી હોતે તો હું તમને પુરવાર કરી આપતે કે ઘણાક નામચીન નરોએ પરણવાપર પુરો મેળ્યો હતો, અને જેઓ પરણી ચુકયા હતા તેઓ છેકને છેડે પસ્તાયા હતા–સાંભળો દાખલા દલીલોઃ મારૂં Colleotion પાનું ૪૭ મું–તમારી પરવાનગીથી હું પઢુંછઃ–"

પરણવાપર પુરો મુકેલાઓ.

ન્યુટન; હૅમ્પડન; સર ફ્રાનસીસ ડ્રેક; પિટ; મીકાયલ એનજેલો; વુલ્ઝી; પોપ; ગોલ્ડસ્મીથ; પ્લૅટો વિગેરે.

પરણીને પસ્તાયલાઓ.

ઍરિસ્ટોટલ; સૉક્રેટીસ; કારલાઇલ; મિલ્ટન; ઍડીસન; ડ્રાઇડન; મૉલીયર; બેકન વિગરે.

કુમાની આ કમ્મરકાકરી મી૦ સોરાબ સુખ્યા M. A. ને ગળે ખુંચી. સગવડના લગ્નમાં તેવણ સંડોવાયલા, એટલે, ધાસ્તીથી

ધપ્પ દઇને ખુરસીમાં ઠપકાઇ પડયા. લગ્નની બાબદમાં સલાહ લેવા જનારાઓને મારી મજબુત ભલામણ છે કે મારા ફ્રેન્ડ કુમા અથવા તેના જેવાઓ પાસે જવું નહિ. એ કુંવારાઓ કડક તો ખરા! અને પરણેલાઓપર પોતાની નાસિપાસિનો ખંગ તેઓ બ્યાજ સિક્કે લે છે. જેમ કાઉપર કવિના કહેવા મુજબ "જીંદગીની નામુરાદીનો ખંગ શિક્ષકો શિષ્યોના બરડાપર વાલે છે" તેમ—તથાસ્તુ.

—(કર્તા.)

પ્યારની પ્રૅકટીસ!

શેહાદી અગાઉ અને શેહાદી પછી.

પ્યારની પુઠ ઘણીકાએ પકડી છે પણ કેટલી થોડીઓ તેને પકડી પાડી શકી છે!? "સોડ સાંધતાને" હાથમાં સોટી લઇ કેટલીઓ તેઓને પ્યારના બોધ આપતી રહી છે અને કેટલાઓ તે સોડપર 'સ્લાપ' મારી ચાલતા થયા છે!? "પ્યારના" લગ્ન પુત્રીઓ હવે કરવા લાગી છે, જો કે, ઘણીકા પ્યારના પહેલા પાઠથી અનજાણ હોય છે. એ 'પહેલો પાઠ શું છે?'—તે એક દીની ડાહીને પોતાની દીકરીને હું સમજાવતાં કહ્યું છું:—

"દીકરી મારી, તારાં માથામાં એ શું ધખારો બેઠોછ? તું ધારેછ કે એ ધનજીશાને તું ચાહેછ. એ ધપધપ્યો ધારતો લાગેછ કે એ દુક્તી શું ચાહે પીયેછ. એનું એ નફ્ફકરાપણું તારી નજર સામે સદા તુંને નડયા કરેછ તેથી તું સદા ઝુરાપો કરેછ ને કુટુંબમાં કુહરાપો થાયછ. જેનો આપરીપર જીવ નહિ તેનીપર જાન આપવો એ ખાનાખરાબીનો સરંજામ છે!"

"પણ માયજી, એનામાં પ્યાર નથી તો હું તે પેદા કરશ—પ્રિત નથી તોબી હું તેની પરસ્તેસ કરશ," દીકરીએ ડોહવ્યું.

"દીકરી દીકરી, એ તું શું બકેછ? પ્યારની પ્રૅકટીસની પરિક્ષામાં આજ દિન સુધી કયો માટીડો પસાર થયોછ? ઘણી પનોતી પુતળી-ઓમાં પ્યાર પહેલાં નહિં તો પાછળથી એટલે લગ્ન પછી પેદા

ચાયછ, પણ માટીડાઓમાં તેમ થતું નથી. કારણ પૂછેછ દીકરા ?–જોની, બૈરાં માણસ ઘેરમાં એકલાં પરેછ પણ ખરૂં જોતાં તે લોક બહાર સિધારેલાઓની સંગતમાંજ રહેછ: 'ઓ! આય તો મારા એરચની સખી–રામા, શેઠના સાંઝના બુટ સાફ કીધાં કે ?–આયા શેઠની લાકરી બુચો ભાંજી નાખશે–બૉય શેઠને વાસ્તે સુપ તૈયાર છે કે ?–' નવું–સવું હોય તાહરે તો વરી રાતના ૯ વાગા સુધી એજ પીંજણ–પાટલો લંબાય. હવે એરચશા બીચારા શેર બજારમાંથી રેસ બજાર કરતા ફરે, કલ્બોમાં કલેજાં રંગતા ફરે, નાટકોમાં ભમતા ફરે ને તારાં–મારાં મોહના ટ્રામ–ટ્રેનમાં ટીકે તો પછી તેવણને પોતાની મટુકલીની તાણ કેમ પરે ? ને તે બીચારીની ટાહીટાહીની ખબર કેમ પરે ?—"

"પણ મમા, લગ્ન તો 'લૉટરી' છે, તે કંઇ બધાંને સગન કરાવતી નથી. એમ તમે તો કહુવોછ."

"લાખ વખત દીકરા, પણ જેમ કોરટ ને સૌરટ તેમ સોર્ટી ને સૌરટબી કહુવાઇ શકાય. બધી બાજી ખેલ્યે પણ જીદ્દી જીગર જીતવાની જીકર કરવી તે પ્યારબાજીમાં પાસો ફેંકવા સમાન છે. એ પાસો કોઇનોજ સવરો પરેછ. જે છોકરીઓ ખરેખર પ્યારમા હોયછ તે લોકની તો એ બાજી ખરાબીજ કરેછ. પોતાના 'ધારેલાના' પ્યારના માપની માપણી તે પોતાનાજ પ્યાર–ખેતરની કાપણી ઉપરથી કરેછ: 'હું આટલો બધો એરચને ચાહુંછ તો એરચ મને તેટલોજ ચહાતો હોવો જોઇયે'–પણ, એકની 'ચાહુ' ઇસ્ટ્રાંગ તાહરે બીજાની તદન કુમરી, સમજી દીકરા ? એ તો જેવું જેનું કલેજું! કોઇનું સહેજે બળે ને કોઇનું કવચિતજ સળગે!! એવી પુતળીઓ પોતાની તકરાર તકલીદી પાયાપર રચેછ ને એવી બીનપાયાદાર દલીલો દિલલગી ને દિલબસ્તગીનું બંધારણ બાંધતી નથી–વાસ્તે દીકરા, પ્યાર કરે તો જોઇ તપાસીને કરજે નહીં તો તે પરવરશે નહીં—"

—ખતમ—

બાદ—

કુમો કુદી પડયો અને કળવાયો—

'કુંવારી જીવતાં સુધી ભલે પચઅડી રહે.
સમાં સ્નેહી ન તે થકી તેટલાં બળે—!'

પતિ પરિચય.

"દોસ્ત કુમલા," સેવકે એક દિવસ તેની સાથ એકલો પડત તેના કાનમાં રેડયું "આપરે મોટા જેવા બુચાજીઓ તો છઇયે ને આપણને માટીડાજીઓ બનાવવાનું કામ આપરી હાથ ધરતીઓના હાથમાં છે. ઘણીકોના બાબમાં મેં જોયું છે કે બચ્ચાં મિસાલ એકલા પડતા પતીઓ પત્નીસે પ્યાર કરવા જાય ત્યારે તેઓ તેને પછાડી નાખે છે!—'જાઓ જાઓ! તમે તો પરવારતા છેઓ, હુ કંઇ પરવારતી નથી. હજુર તો નાહવા ધોવાની છેઉં'—પરિણામે એક બાળકને જે પ્રમાણે એક માતા વહાલ કરતાં અટકાવે છે ત્યારે તે ખુદ માતાના વહાલની દરકાર તજી દે છે, તેજ પ્રમાણે આ ભખી–ખવાતો, પત્ની–પ્યાર શોધતો પુરૂષ પોતાની નાસિપાસિનો ખંગ બેદરકારીથી વાળી આપે છે. એક પતિ પોતાની પત્નીને દસ સાચ્ચી વાત કહે છે ત્યારે ઘણીકો તે માહેલી એક પણ ખરી માનતી નથી, જો કે ઘણીક વાર એ દસ માહેલી નવ વાતો ખરી હોય છે—"

"Well, પછી—તેમાં શું થયું ?" પરણેલાના હેતના કટકા કુમાએ કરડયુ.

"Well, ને તારા જેવો ઘાંચીનો બેલ! પરિણામ શું વળી?—પરિણામ એજ કે પતી સચ્ચાઇથી સદા વેગળો નાસેછ જ્યારે જો એક સારી પત્ની જુઠ્ઠા ધણીનું જુઠ્ઠાણું છોડાવવા ઇચ્છતી હોય છે તો તેની જુઠ્ઠી વાતો ચુપચૂપ ગળે ઉતારી તક મળતાં તેનું ગલતપણું દેખાડી આપે છે. દોસ્ત કુમલા, હું જો બૈરી હોતે તો તારી જીતપર તારી કુમલી થઇ તારી સઘળી કુટેવો છોડાવી દેતે."

કુંવારી નજરે કન્યા પરિક્ષા.

કુમલા કુમારાના પરણવા સામેના વખારાઓ અસંખ્ય હતા. તે હંમેશ કહેતો કે ચોક્કસ લંબાઇ પહોળાઇની અને અમુક વજનની તથા અમુક ઉમરની બાયડીઓ સાથે અમુક ઉમરના, અમુક વજનના અને અમુક લંબાઇ પહોળાઇના પુરૂષોએ પરણવું. તેના બહેસ્તી બાપના રૂહને અરજ કરી હું કહેતો કે: "કુમા હવે તો અવધી થઇ; એમ તો તું સદા કુંવારોજ રહેવાનો" પણ તેના કર્મમાંજ તે સૃજેલું હશે એટલે સમજે તો બહેસ્તમાંથી કુમલાના બાવા. જુવો—આ રહ્યા કુમલાની અક્કલના વેરાયલા દાણા: કુમાએ એના **સર્વ હક સ્વાધીન** રાખ્યા છે:

'એક સર્વ માફક ખીલેલી સુંદરીના બદન (ધડ) નો ઘેરાવો, યાદ રાખજે દોસ્ત બના, તેણીની કમ્મરના ઘેરાવા કરતાં બરોબર દસ ઇંચ વધુ હોવો જોઇએ. હેરફેર હાડમારીની નિશાની છે. જો દોસ્ત મેં આય Table draw કીધુંછ તે—વરી હસેછ શું ? એ Table માં આપેલી વ્યાખ્યા કુમારી ૨૦--૪૫ સુધીની ઉમરનીઓના સંબંધમાં છે. એ ઉમર પછી પોતનીઓ વજનમાં વધેછ ને અમારા જેવાઓથી તેઓનો બોજો ઉપડાય નહિ—સમજ્યો ?'

"બોજો શેનો? કેડે મારી ફરવાનો કીવાં તેઓની સંસારી ખટપટનો? પહેલી બાબદને વાસ્તે વાંધો હોય તો દોસ્ત તારા જેવા કરકટી કુંવારાઓને તો તેઓ સહેજે કેડે મારી ફરે—પણ, લાવ જોઉં તારૂં "Table."

ફીટ	ઇંચ.	રતલ થવી જોઇયે.	ફીટ.	ઇંચ.	રતલ થવી જોઇયે.
૫	૦	............૧૧૬॥	૫	૫	..............૧૩૯
૫	૧	............૧૨૪	૫	૬½	..............૧૪૩।
૫	૨	............૧૨૮।	૫	૭	..............૧૪૮
૫	૩	............૧૩૦	૫	૮	..............૧૫૩॥।
૫	૪½	............૧૩૬	૫	૯	..............૧૫૮

" ઇનવૅલીડ આઇજીઓ. "

બાબદ લગાર નાજુક છે—કડકા મોરશો ના ! કબુલ્યું-કબુલ્યું,-લાખ વખત કબુલ્યું,—ન કબુલે તે કબુતર !-કે : પીઠ પાદશાહની છે, દુખ તો સર્વ માટે સૃજેલું છે, દુખ તનનું તેમ મનનું હોય છે, હ૦ હું જે હાલ ભટ્ટુ દઇને ભરડી દેવા ઇચ્છું છું તે જેઓને દુખ ઉપર ડહામ બીજાં દેતાં નથી પણ તેઓ પોતેજ દે છે. ઇનવૅલીડ આઇજીઓ-એ શબ્દોમાંજ કાંઇ મોટે ઘરની ગંધ છે.

જુઓ હવે-એ વર્ગ કોણનો બનેલો છે તે કહું છું:—

કેટલીક મોટે ઘરનીઓ જુવાન વયે રંડાય છે ત્યારે તેઓનાજ બોલોમાં "ભવ બાળી મેળે છે," અર્થાંતઃ- interesting બને છે. કાલી કોર વિનાની સારી, મોજાં સપાટ-સ્લીપર, દુખતાં ન-દુખતાં કપાલપર સફેદ પાટો, અને વખત કવખતનું ઍન્ડી કોલનવૉટરનું કોલ્યાણ. પૈસે પુર અને ઘરની ધુર ! "મેં તો બધું ઓવારનીવાર કીધું'છ" ના ઓઠાં હેઠળ આઇજી-બાઇજીઓપર ઘર સોંપાય છે. વિઝીટર્ઝ આવવે-આંજુની ધાર અને શબ્દકોષની હાર ! એકાદ આવીજ આઇજી કમનસીબે એકાદ જુવાન બેટા-બેટીને-અરે, આગલ વધીને કહું તો બે વરસના બાળકને ખોહી દે છે તો વર-વહુ બેટા-બેટીને બારણે બાંધી પોતાનાં દુખ ઉપર સદાનો અનિવાર્ય કુહરાપો કરે છે. પોતાની જીંદગીની જોતને બાળી નાખે છે, અને બીજાંઓને કુહરાપો કરાવે છે. આ આઇજીઓનું 'આસન' યાને બેઠક હોય છે જે ઉપર બેસી તેઓ બળાપો કરે છે અને કલ્પીત દુખોનો કળ્યુગ પોતા આસપાસ જમાવે છે. તેઓ પોતાને ઇનવૅલીડ માને છે અને વખતના વહેવા સાથ ખરેખર ઇનવૅલીડ બને છે. ૨૦-૨૧ ની ગરીબડી રંડાયલી બહેન-બાઇને આ ઇનવૅલીડ વાયુ ગમેજ કેમ ! અને જો ગમતો હોય તોપણ તેમ "વાયુ-વશ" થવાને તેઓને પોષાયજ કેમ ? બીજાંઓને નર્સ કરવા તેઓને જવું પડે તો પોતાના દુખને તેઓ કયાંથી નર્સ કર્યા કરે ? ઇનવૅલીડ આઇજીઓ અઇયારસી હોય છે, તેઓ બીછાણે અલેટાયા કરે છે, ન જરપટેલા ખોરાકના ઓહઅઅઅ

કરી ઓડકાર ખાય છે, પોતાની માથાવટીને જાયફળ સુંઠનો સણુગાર કરે છે, અને બીનકસરતી કમ્મરને કળતી અટકાવવા પારકે હાથે કસાવે છે. મોટે ખાંચરેની કેટલીક કુંવારીકાઓ વટીક કલ્પીત રોગને પંપાળયાથી સદાની ખાટલે અડે છે. આવી કલ્પીત દુખીઓને માબાપો અને કરતાંકારવતાં કમ્મર કસી બહાર કાઢે, તેઓનું મન દુન્યાઇ દોર તરફ દોરવે, દુન્યાઇ કામોમા રોકે, તેઓથી હજાર બાર કુદરતી કોપના ભોગો તરફ તેઓની નજર ટાંકે, બીજાનું દુખ ટાળવામાં પોતાનુ સંકટ નિવાર્ણ સમજવાની શકિત તેઓમાં ઉતપન્ન કરે તો આ ઇનવૅલીડ આઇજીઓનું દુખ,-ના, એટલુંજ નહિ,- તેઓનો વર્ગ આપણામાંથી સદાનો દફે થાય.

"કારજકરૂ મેળો."

કુંવરી—કુંવરો—આ તમારે માટે !

કુમાના ભેજાંએ એક દિવસ ભડકો લીધો ! !—"બના, અસલ રૂમાન્યનો કરેછ તેમ આપરા લોકબી હવે એક Marriage Fête ભરે તો કેમ ? ગામેગામ ને ઠારેઠાર જાતજાંતના મેળાઓ ભરાયછ ને આવા મેળાનું મંડાણ કેમ નથી થતું તે મારી અકકલ-બહાર છે."

"એટલે ?-તે શું ?" સેવકે સવાલ કીધો, "હું તો મારો હસ્તલેખ બંધ કરવા જતોતો કે ચાલો **પુત્રી પ્રકાશ** રૂપે તારાં ને મારાં ભેજાંના ભેદનો ભાર મેં ખાલી કીધો—પણ, તું કુંવારો છે ને તારૂં ભેજું તો સદા સોહવાસન દેખું ! ! હવે તો બા હું લખાવતો લખાવતો ઠાકી ગયો. પણ ચાલ—બોલ, એ નવું કૌતક શું છે ?"

"જોની દોસ્ત, બેબીઓ ને બારમેડના Show કહેજે વેલાતમાં થાયછ, પણ આય રૂમાન્યનો તો પરણુવા લાયક પુત્રીઓનો બી દેખું 'ફૅર' ભરેછ. આય પુત્રીઓ મેળા મંદીરે પહોચવા આગમચ, જે કાંઇ મળે તે એકઠું કરે છે, તે સરંજામ એક ગારાંમાં ભરી રૂમાન્યાના પશ્ચીમ તરફના પહાડી મૂલકો તરફથી છોડીઓના માબાપ

તેઓને લઇ ટાનસીલવૅન્યા તરફ કુચ કરે છે. પુત્રી પ્રદર્શન આવી પહોચતાં પરણવા નિકળેલા પુત્રો અને તેઓના માબાપોનું પ્રદર્શન તેઓના એસ્તકેબાલે આવે છે અને મેળાનું મંડાણ થાય છે. પરણતી પુત્રીનો પિતા પોતાની પદ-રથ ઉપર ચઢી પૂર જોશથી પુકારે છે: 'મારી છોકરી પરણવા લાયક છે, હું તેનું માથું ધોઇ નાખવા ઇચ્છું છું, છે કોઇ માથું ધોઇ નાખનારો?'—'છે છે આવી જાઓ-આવી જાઓ!' પુકારનો પડધા એકાદ પણવા નિકળેલા પુત્રના પિતા તરફથી આસપાસ પંથરાઇ રહે છે. વરની જાન પુત્રીની જાન સાથે પદ-પરિક્ષા ચલાવે છે, અને જો સઘળું ઠીકાઠીક હોય તો સારૂં સંધાય છે અને પેલો પહોંચેલ પુત્ર પોતાની પત્ની સાથે તેણીનીજ પદ-રથમાં સ્વાર થઇ તેણીના માતપિતાને પાછળ મેલી વાજતે ગાજતે હંકારી જાય છે. જો સારૂં નહિ એહું તો પુત્રીનો બાપ પેલોજ પુકાર પાછો કરે છે—એક નહિ ને બીજો કોઇ નિકળી આવેલો છેજ."

"વાત તો તેં ઠીક વર્ણવી દોસ્ત," મેં વર્ણવ્યું, "એક નવી કોમી હિલચાલ તરીકે આય બાબદ કોમ ઉપર ઠીક હલ્લો કરશે, પણ-તારે પોતાનેથી એ અખ્તરો શરૂ કર્યે તો કેમ? વૅજીટેરીયન વાંદરી, તારાં માયજી ને તું પદ-રથમાં બીરાજજો ને હું તારા ધર્મપિતા પાત્રે ખુશીથી તે હંકારીશ."

"અફસોસ! દોસ્ત, તું જોતો થા ને હું બાખુશીથી તારી એ સૂચના ઉપાડી લેવશ."

કન્યા કષ્ટી કાપવાના કર્તવ્યો.

પુત્રીઓ-મારી પાસે પઇસા નથી કે હું તમને પ્રકાશિત કરૂં. હું ભવિષ્યભાખુ નથી કે તમારૂં ભવિષ્ય ભાખું, આમ છતાં આવતા વખ્તની આશથી હું તમને નિરાશ કરવા ઇચ્છતો નથી. વખ્ત આવશે કે જ્યારે તમે પોતાની મેળે પ્રકાશિત થશો અને પાટયાં (Sign

Board) અને પત્રદ્વારે તમારો તે પ્રકાશ પ્રકાશિ નિકળશે. જો બને તો કન્યા કથ્થી કાપવાના નિચલા નુસ્ખા અજમાવજો-કુમલો જીવતો હશે તો એ પાટયાંઓ રંગવાના અને પત્ર છપામણીના પઇસા આપશે. આપણે તો બા, જે ભાખે છે તે ભરયે છીયે.

કુંવારાઓ માટે કન્યાગૃહ.

કંડકટરઃ-મીસિસ આલીબાઇ આદરજી અવાસીયા

Girls Training School ના રીટાયર્ડ વાઇસ પ્રીનસીપલ.

ઉમરઃ ૪૮, વિધ્વા.

આ કન્યા ગૃહમાં કુંવારાઓને કીફાયતે રાખી તેમની હાલત તથા ઘર ભુલાવવામાં આવે છે; સઘળી કુમારી બાઇઓનો અત્રે કારોબાર છે. દરેક કુંવારાઓને ૧૦×૧૦ નો એક રૂમ આપવામાં આવશે. મરજી મુજબ બે જણ એક રૂમમાં રહી શકશે. સારવાર કરનારી સઘળી બાઇઓ કુંવારી છે. તેઓની નિષ્ઠા નિષ્કલંક છે. કંડકટરની જાણ વગર કોઇપણ કુંવારી કોઇ કુંવારા સાથ કૉર્ટશિપ ચલાવશે તો તેને કહાડી મેળવામાં આવશે.

૧૪૫, પ્રીનસેસ સ્ટ્રીટ, મુંબઇ.

× × × ×

બાળરક્ષક ગૃહ.

આ ગૃહ બાળકીઓની ઓર્ફનેજમાંથી બાહેર પડેલી છોડીઓની મદદથી મીસિસ મહેરબાઇ મેહરહોમજી ઓર્ફનેજના એક માજી બાનુ શીક્ષકે ઓર્ફનેજ ઉપરનું દબાણ ઓછું કરવા હમણાજ ઉઘાડયું છે. નીરાધાર અને હાડમાર થતાં બાળકોને રૂ. ૧૦) ના માસીક લવાજમે અત્રે દાખલ કરવામાં આવે છે. તુર્તના જન્મેલાંથી તે ૧૦) વરસની ઉમરની બાળકીઓને દાખલ કરવામાં આવશે. ચોક્કસ સંખ્યામાં, જોગવઇ મુજબ મુફત Admission મળશે. આ બાળકોને તરેહવાર જાતનું ઘરઘટુ શીક્ષણ આપવામાં આવશે,

જેમાં રાંધણકળા, સિવણ, ગુંઠણ, કસ્તી વણુત વિગેરે સમાઇ જશે. ૧૦) વરસથી ઉપરની બાળકીઓને વારા ફરતી ભોજન પોતાને હાથે પકાવવું પડશે. આ ગ્રહમાં કંડકટર ઉપરાંત પાંચ બાનુ શિક્ષકો છે. ૩૦) થી વધુ બાળકો દાખલ કરવામાં આવશે નહીં.

લખો—લેડી સુપ્રીનટેનડંટ, નાં૦ ૫૮, પરેલ ગવરમેન્ટ ગેટ રોડ.

* * *

બાઇ પીરોજબાઇ પાલનજી પટેલ.

સેવ, પાપડ, ઘઉંનું દુધ, અચાર, મસાલો વિગેરે બનાવનાર અને વેચનાર.

આ બાઇ ધંધો કરવા સુરતથી અત્રે ખાસ આવ્યાં છે. તેઓને હાથનો બનાવેલો માલ ઘરઘટુ માલથી કોઇ પણ રીતે ઉતરતો નથી, આમ છતાં, જેઓને બજારૂ માલની સુગ હોય તેઓને ઘરે જઇ ઉપલી જીણસો તેઓ હાથે—જાતે બનાવી આપશે. ભાવનું લીસ્ટ— લખવે મોકલી આપવામાં આવશે.

કાવસજી કૉકનું ઘર, ઘોઘા મોહલ્લો, કોટ.

* * *

મીસ હીરાંબાઇ હો. હીરામહેતા.

પોતાના મર્હુમ પીતાજી મી૦ હોરમસજી હીરામહેતા ઉર્ફે હાડવૈદના હાથ ટળે તાલીમ લઇ બાનુઓના ખાસ હાડવૈદ તરીકે કેટલુંક થયું બહાર પડયાં છે. આ બાઇના પિતાજીને હાથના બનાવેલા ખાસ લેપની અસરથી કોણ અંજાણ છે? મીસ હીરાંબાઇ તેજ લેપ બનાવે છે. ઘરે જવાની ફી રૂ. ૧. ગાડીભાડું જુદું.

ઠે.—પાયધોની જંકશન.

* * *

બાનુઓને બરનું સસ્તુ સિવવાનું ખાતું.

બાનુ દરજીઓ, કટરો, વેટરો—ઇ૦ આ ખાતાંના માલેક મીસ ખોરશેદ ખસુખાં એક જાણીતા certified કટરના હાથ હેઠળ ત્રણ વરસની તાલીમ લઇ હમણાજ બહાર પડયાં છે, ભાવ અતી કીફાયત.

૩૪૫, હોર્નબી રોડ.

મીસ એમી આઇચાઇ.

બાનુ હૅર ડ્રૅસર ઍન્ડ કટર. આ બાઇએ ઇંગ્લંડ જઇ એક લેડીઝ હૅર ડ્રૅસીંગ સાલૅાંમાં આ હુન્નરની ખાસ તાલીમ મેળવી છે અને પોતાની સાથે વિલાયતથી બે લેડી મદદનીશો લાવ્યાં છે. આ સાલૅાંમાં બે પારસી apprentice છોડીઓ હાલ દાખલ થઇ છે.

ઍપોલો બંદર, આઇચાઇ હૅર ડ્રૅસીંગ સાલૅાં.

* * *

પહેલી પારસી બાનુ છત્રીવાલી.

જુના દોસ્તને નવા લીબાસમાં રજુ કરનાર. નવરંગી નવાં કવરો; નવો માલ, ફીક્ષયત દામ. ખરીદી પછી ત્રણ મહીના તુલીક કાંઇ પણ ફાટતુટ મુફ્ત રપુ કરી આપવામાં આવશે.

ઠે.–અબ્દુલ રહેમાન સ્ત્રીટ.

* * *

The Parsi French Cooking Agency & Supply Coy.

માલેક:–મીસિસ ફ્રેની ફ્રેન્ચમેન. ફ્રેન્ચ પેસ્ત્રી, સ્વીટસ, આઇસક્રીમ્સ, બ્રેકફાસ્ટ, ડીનર, વિગેરે બનાવનાર અને પુરૂં પાડનાર મી૦ ફ્રેન્ચમેનના ફ્રાન્સ મધે નિપજેલાં અકાલ મરણ બાદ આ બાઇએ પરઆધારે ન પડતાં અને ફ્રાન્સના પોતાના લાંબા અનુભવનો મુંબઇની પ્રજાને લાભ આપવા આ કીંમતી સહાસ માથે ઉઠાવ્યો છે. જેઓને ફ્રેન્ચ ખાંનીપીનીનો શોક હોય તેઓને માટે આ ઉત્તમ તક છે. ફ્રેન્ચ કુકીંગની પારસી છોડીઓને નિર્જીવ લવાજમે તાલીમ આપવામાં આવે છે. ઓર્ફનેજમાંથી બહાર પડેલી પાંચ પારસી અબળાઓ આ ખાતાંમાં શિખાઉ મદદનીશ તરીકે કામ બજાવે છે. માસિક ડીનરો માટે માલેકને મળ્યાથી બંદોબસ્ત થઇ શકશે.

હોર્નબી રોડ.

[“મુંબઇ માસિક” જુલાઇ]

દોલતનો ઉપયોગ તો રોજબરોજ થાય છે પણ તેના પ્રતાપે પ્રજાનો ભાગ્યોદય કેમ કરવો તે ગણત્રીનાઓજ જાણે છે. મીસિસ તેહમીના તેહમતન તારાપોરે પોતાના મર્હુમ ભરથાર મી૦ તેહમતનની સુખીરજુઇ લાગણીને માર્ગ આપવાનો એક અચ્છો માર્ગ અખત્યાર કર્યો છે. આ મર્હુમ ગ્રહસ્થને છોકરાં છૈયાં ન હોવા છતાં બાળકો તરફની તેવણની પ્રિતી મશહુર છે. મીસીસ તારાપોરે પરેલ મધે પોતાના કુશાદે બંગલામાં એક Private Nursing Home ઉંઘાડયું છે. આ Nursing Home માં મરકી અને બીજા ત્રાસદાયક રોગોથી મરણ પામેલાં માબાપોના તેમજ પેટનુ વહિતરૂં કરતી માતાઓ જેઓ સારો દિવસ બહાર રહેવાથી બાળકોની સંભાળ લેવાને અશકત હોય તેઓના બાળકોને ઉછેરવામાં આવે છે. Parsi Girls' Orphanangeની ૧૫ છોડીઓ આ ખાંતામાં કામે લાગી ગઇ છે. બાળકોને ઉછેરવાની રીતી નિયામત ધોરણપર રચાયલી છે. જુદી જુદી રૂતુઓમાં આ બાળકોને ચોક્કસ પ્રકારના અને બરના લેબાસમાં સજ કરવામાં આવે છે. તેઓને ઢાંકી ધપોરી રાખવામાં આવતાં નથી. તેઓનાં માથા અને પગ સદા ઉંઘાડા રાખવામાં આવે છે અને સહવારનુ પોષણ પાયા પછી ચોગમથી ઉંઘાડા એક કુશાદે શેડમાં નેતરોની બાસ્કેટમાં રબરના રમકડાંઓ સાથ તેઓને ખેલતાં મુકવામાં આવે છે. વારા ફરતી નર્સિસો ત્યાં ફરતી રહે છે. આ શેડને ઝાડોની ઘટાથી અને ચઢાવ ઉતાર કરવાના પર્દાઓથી સખ્ત તડકાં સામે રક્ષણ આપ્યું છે. બાળકો પાંચ વરસની ઉમરે પહોંચતાં માબાપ વિનાઓને આર્ફનેજમાં અને માબાપવાલાંઓને તેઓના માત પિતાને સ્વાધીન કરવામાં આવે છે.

પારસી બાઇઓને હાથે ચાલતું સસ્તું સિવવાનું ખાતું.

સદરા, લેંગા, ચાદર, કુરતીન, ગીલાફ, છત્રી–કવર વિગેરે છુટક અને જથ્થાબંધ ઑારડર પ્રમાણે બનાવી આપવામાં આવશે અને તૈયાર પણ મળશે. આ ખાતું પાંચ પુતળીઓના પંચકને નામે જણાયલું છે અને પારસી ગર્લ્ઝ ઑાર્ફનેજના હિતાર્થીઓની મદદથી

તેને પગભર કરવામાં આવ્યું છે. પારસી બાનુઓને અને ગૃહસ્થોને આ ખાતાંને બનતી મદદ આપવાને અમો આગ્રહ કર્યે છીએ. ઑર્ફેનેજમાં અપાતી સંગીન કેળવણી આ ખાતાંની ઉંચ કારીગીરીની સર્ટીફીકેટ છે.

૨૦૩, ચીરાબઝાર ગીરગામ રોડ.

The Parsi Women Trading Mart.

પારસી ટોપીઓ, સ્લીપર, સપાટ, કોર, ભરેલા સદરા, મોજાં, શર્ટ, સ્લીપીંગ સુટસ વિગેરે સફાઇદાર બંધબેસતાં વરદી મુજબ બનાવી આપવામાં આવે છે. છોડીઓને મશિન ઉપર કામ કરતાં જોવાની મોજ ઘરાકોને મુફ્ત ચખાડવામાં આવશે. ઉત્તમ કીસમના Door and Window Curtains, એનટીમૅકસરો, ગાલીચાઓ વિગેરે, તૈયાર તેમજ ઓરડર માફક મળશે.

ગ્રાંટરોડ.

The Young Women Parsi Washing and Dyeing Coy.

મજગામ.

માત્ર બાનુઓના સુતરઉ અને રંગીન ફેન્સી ગરમ કાપડ

ધોવાતું અને રંગવાનું સસ્તું ખાતું.

બાનુ મૅનેજમૅન્ટ અને મદદનિશો. કપડાંને કોહવાડનારી યા બીગાડનારી ઝેરી જીણસો વાપરવામાં આવશે નહિ.

રંગ ઉડી જશે નહિ.

સુપ્રીનટેનડંટઃ—મીસિસ મોતીબાઇ મોતાફરામ, Certified washing and dyeing workwoman Parsi Girls' Orphanage.

ઇરાની અદેખાઇએ અમારા દિલમાં આગ લગાડી નથી પણ માત્ર પેટ વળખાંએ પ્રજા સેવા ઉઠાવવા ઓરતવાર છીયે. ઇરાની દામે સુફ્યાણી, સુઘડ ચાહ, કૉફી, કોકો, આઇસક્રીમ, વિગેરે પુરૂં પાડીશું.

તમો પારસી બાનુઓ અને ગૃહસ્થો પારસી બહુનોને મદદ નહિ કરશો ?

સાંજને છેડે શોધવા જવું પડે એમ નથી:

The Parsi Ladies' Restaurant,

કેનેડી સી ફેસ, ચોપાટી.

બ્રાંચીસ:-ગ્રાંટરોડ, કોટ, ગીરગામ.

દર શનીવારે **ચોપાટી** ખાતે ખાસ ફરમાસથી એક નાનું સ્ત્રીંગ બેન્ડ હાજર રહેશે.

બીજા દિવસોએ ગ્રામોફોન પ્લેટસનું એક Choice Selection સંભળાવવામાં આવશે.

The Queen Mary Leather Embossing, Poker Work, Hand Painting Guild.

(Established 1912, in commemoration of the visit of their Majesties King George V & Queen Mary.)

Fine Arts specimens always exposed.

Lady Proprietor:-Miss Sirin Warden

Show Rooms:—Hornby Road, Bombay.

દીનબાઇ દીનશાહ દલાલની કું૦.

Wet Nurse and Servant Suppliers. ભામતી દુધવાલીઓને અમો દાખલ કરતાં નથી. દરેકના તન અને બદનની ખાસ તપાસ અમારી લેડી ડૉકટર પાસે કરાવ્યે છીયે. ખામીવાલાં

આસામીઓને ખરચ કરતાં પણ પાછા વાળવામાં આવે છે. જે માતાઓ ધવાડવાની ઉલટ રાખતી હોય પણ જેઓ તેના નિરથી બેનસીબ હોય તેઓને નિર પેદા કરવાની અંગત અનુભવથી સલાહ આપ્યે છીયે. અમારાં Establishment ને લગતા અને અમારી અંગત દેખરેખ હેઠળ ચાલતા Stables માંથી ચોક્કસ પ્રમાણમાં બાળકો માટે ચોખ્ખું ખાત્રીનું દુધ અમારી ખાસ Air tight બાટલીઓમાં સહવાર, બપોર, સાંજ પુરૂં પાડયે છીયે.

જે સુકકી આયાઓ અમો સપ્લાઇ કરશું તેઓ રોગીષ્ટ ન હોય તેની ખાસ સંભાળ અમો લઇશું. અમોએ ભલામણ કીધેલાં નોકરો ઠેરવેલી મુદત અગાઉ નોકરી છોડી જાય તો તેઓની અને ફરી ભલામણ કરશું નહિ.

૧૫, ફ્રીયર રોડ, મુંબઇ.

The Girl Compounder Training Institute.

Principal:–મીસ પેરીન કોહીયાર, L. M. & S. આ ઇનસ્ટીટયુટમાં ઓછામાં ઓછી ઇંગ્રેજી ૫) માં ધોરણ સુધી શિખેલી છોડીઓને દાખલ કરવામાં આવે છે. ૧૨) મહિનાની મુદત અગાઉ સર્ટીફીકેટ આપવામાં આવશે નહિ. નાપાસ થયલાંઓની પરિક્ષા ૧ વરસની મુદત બાદ દર ત્રણ મહિને લેવામાં આવશે.

જે ડૉકટરોને Qualified Compounders જોઇતા હોય તેઓએ નિચલે શિરનામે તુર્ત લખવું. Pupils' Admission ની વિગત Post Free પુરી પાડીશું.

ચર્નીરોડ, (ગ્રાંટરોડ)

ચટણી, સુરબ્બો, સૉસ, અચાર વિગેરે ચટાકા ચાખવા હોય, સુગંધી વસાણાનો સોડમ લેવો હોય તો મહેરબાની કરી જરૂર પધારજો યા લખજો:—

The Housewife's Emporium,

(ગીરગામ રોડ.)

દેશાવર અને વિલાયત સુધી વૉટરપ્રુફ કવરોમાં અમારો માલ પહોંચતો કરીશું.

જે બાઇઓને હાથે વસાણાં-સુકાણાં બરોબર બનતાં ન હોય યા બનાવતાં કંટાલતાં હોય,-તેઓની સહાયે આ ખાતું ઉભું છે.

ધી ઝોરાસ્ત્રીયન ઍસોસીએશનની ભલામણથી દર સાલ અમો ત્રણ છોડીઓને અમારાં Establishmentમાં દાખલ કરી વસાણાં વિગેરે બનાવવાની મુફ્ત training આપીશું.

માલેક:-

ધનબાઇજી ધનજીશાહ ધનાપટેલ.

ચોખા, ઘંઉ અને બાજરાની રોટલી ખાનારાઓને ખુશ ખબર.

મશિનના અને હાથના દરેલા આટાની સફાઇદાર રોટલી.

ઑર્ફનેજમાંથી બહાર પડેલી પારસી બાળકીઓને હાથે બનેલી આ રોટલીનો આટો જાણીતા પારસી ઘંટી બનાવનારાઓની ખાસ ઘંટીમાં દળાયલો હોવાથી તે પોતાનું પુષ્ટીકારક તત્વ અને ચિકાસ પુર બહારમાં Preserve કરી રાખે છે. છુટક યા માસક મુદતથી અમારાં ખાસ નેમેલાં માણસો બપોર અને સાંજ આ રોટલીઓ પુરી પાડશે. ૧) આનાથી ઓછી કીંમતનો માલ ઘરે પહોંચતો કરી શકીશું નહીં. સઘળો માલ air tight વાસણોમાં પુરો પાડવામાં આવે છે.

માલેકો:—

મેહરબાઈ મીનવાલા એન્ડ કું૦

(ખેતવાડી ૭ મી ગલી.)

વેઠકરૂ વહીત્રીઓ, મીસ માસ્તરણીઓ,

Bible-reading babies.

રાત્રીએ નવ વાગતે સેવક બીછાને બરડો નાખવા જતો હતો તેટલાં ધરધર વિકટોરીયા !—ધમધમ દાદરપર પગલાં ! અને બૅલ-પુલની ખેંચાખેંચ!–

"બના બના સુઇ ગીયા કે ?–"

"નહિ કોણ છે ?-કેમ કુમા, શું છે ? સારી કાંની તો છે કે ?–"

"મારી સારીજ કાંહ બરી'છ કે કાંની હોય ! ! ચોપડી છાપવા ગેઇ કે ?–

"નહી;–કાંય ?–કાલે જશે."

"અરે હરવાયો તું ! કેટલી બધી characters તો તેં છોરી દીધીછ–!

"છોરી દીધીછ! ઠીક હમણા તો જરા છાંટો લે, કાલે જોઇશું."

"નહી બનશે. એવો ગેરઇન્સાફ હું થવા દેવશ નહિ."

"ગેરઇન્સાફ ! ! કોણુને ?

વેઠકરૂ વહીત્રીઓને–મીસ માસ્તરણીઓને–ઉપ્યોગી અરકરનારીઓ ને–નજીઇ નર્સોને–ને બના, what do you think of our Bible-reading babies ?–એ શું લેવા લાયક નથી ?"

"ખચ્ચીત છે;—કલમદાન ખેંચ–મીઠીબઇ, બતી મોટી કરો તો–"

"પ–પ–પણ મને તો મ–મ–મોડું થશે."

"એ પણ ને બન-શું કુંવારાઓજ કડક હોયછે ને અમો પરણેલાઓ નથી હોતા, કુમા ?"

ગરીબ બીચારો કુમો! તેને નાકે આઇ ગ્લાસ ચઢાવી ખરડવા માંડયું:–

વેઠકરૂ વહીત્રીઓ અને મીસ માસ્તરણીઓ

વચ્ચે, દોસ્ત કુમા, ફરક છેબી ને નથી, જોકે બંનેનો માર્ગ એકમાર્ગી અને ભારબરદારી છે. વેઠકરૂઓમાં: આપણી કુકયઇ ગોરાણીઓ, રતઇ રાંધનારીઓ, આસીબાઇ અડકનારીઓ અને સુનઇ સિવનારીઓ સમાઇ જાય છે. કેટલીક આપણી મીસ માસ્તરણીઓના મસ્તક કેળવણીના બીજથી તદન ખાલી હોય છે. જવળેજ પાંચ–ચાર ગુજરાતી ચોપડી પઢેલી આ પોટ્ટીઓને હું પડખું છું જેઓ ૧૦) રૂપ્યાનું રાંધન છોડી ૧૫) રૂપ્યાની મીસ માસ્તરણીઓમાં બદલાઇ ગઇ છે. આ પ્રતાપ સસ્તાં શિક્ષણના અને તેના ઉતેજકોના છે. ગરીબ બાપડી માસ્તરણીઓ! વેઠકરૂ વહિત્રીઓ જેટલુંજ કામ તેઓ કનેથી લેવામાં આવે છે, અને જયારે આ વહિત્રીઓ પોતાના મન અને તનને તનદરૂસ્ત રાખે છે ત્યારે બાપડી મીસ માસ્તરણીઓ ટવાઇને ગળાઇને ગંઠાઇ જાય છે. વહિત્રીઓ વેઠકરૂઓસે સહેલાઇથી વરે છે જયારે મીસ માસ્તરણીઓ દોસ્ત કુમા–તારી કાંની મોટે ભાગે સદાની કુંવારી હોય છેઃ 'જરા થોરા પગાર એકઠા તો કર્યે–કોઇ મજાહનો જેવો જોઇયે—એ વિસ આવતા બંધ થતે બીચારાં મારાં માયજીની મુઠ્ઠીબી બંધ થશે—' એવા એવા વિચારો વમાસતી આ બીચારીઓ ઘડપણના વળમાં વિંટળાઇ જાય છે. ઇનામના મેળાવડા, રાંધનકળાની પરીક્ષા, ગાયન, રમતગમતના રંગરાગડા, પ્લેઝન્ટ ઇવનીંગ્સ ને ગેધરીંગ્સ, બાળકોની હુશ્યારીના અને માસ્તરણીઓની નેકનામીના નગારાં!—પહેલાઓને ઇનામ

છેલ્લીઓને સલામ ! !—ઉપપ્રમુખ ઉપાસ્યા ઉચ્ચારે છેઃ 'well well શું કર્યે—ફંડ નથી—લીમજીભઇ લખપતીએ પ્રમુખપદેથી ફંડની અપીલ કરી છે—એવણનું પોતાનું નાણું તો સરઅવસરનાં કામો માટે રોકાઇ ગયલું છે ને વરી તમારા પોતાના Qualifications કેટલાં છે?— હવે બોટ ગઇ થોરી રહી, બેસી રહેવોની, આવતે વરસ જોઇશું'—ઇત્યાદી, ઇત્યાદી.

દોસ્ત કુમા, તારી વૅજીટેરીયન વાંદરીને કહે કે એના આય હતીંગો છોડી એક Parsi Lady Teachers' Association ઉભી કરે. ગોરાણીઓ આપણને ગોળ પાય, મિઠું મિઠું પરખાવે અડકનારીઓ અંગોળ કરાવે અને જીઇનરાઇસે ચાલીસાંના ચરિત્રનો પ્રારંભ કરે. કુમા, તુંને કુંવારી અડકનારીએ ગોળ પીવાડેલો કે ? કુંવારાપણાના કુવખતમાં પરણેલી અડકનારીઓ રાખવાની આપણે ખાસ સંભાળ લેવી જોઇયે છે, પણ—ચાલ આગલ વધ,—હવે કોણ રહ્યું ?—

"નજઇ નર્સો:"

નજઇ નર્સો ! મોટું નામ ! મોટું દામ ! ને થોરૂં કામ ! ! અરે ઉલ્લુ,—["પણ મને શાનો 'ઉલ્લુ' કહેછ " કુમો કરડ્યો] ઓ સૉરી ! સૉરી ! !—નજઇ નવલખીઓ નરી જાણે મોટે ઘેરની અભઇજીઓ ! Nurse કે curse ! નર્સ તો એ લોકોને આલી અડકનારીઓએ કીધી હશે બાકી, ખરા નર્સીંગના નખને પણ એ લોક પિછાનતાં નથી. ફી રૂ. ૫), ગાડી ભાડું જુદું, પાંચ વાણીનું ભોજન, સોડા, બ્રાન્ડીનો ઉતાર,—'કેમ છેવો માય ખાધું કે ? દારૂ લીધો કે ?' ની અવારનવારની પુછપરછ,—'રખે નર્સ સુઇ જાય, રખે નર્સ સુઇ જાય, રખે કંઇ ભલતું આપે તેનું ભડકણ'—સહવારના સાતનો શુમારઃ 'મરે એ કોણ વેડ કરે, આપરેજ કરશું, પટવા દેઓની, પેટ કે પાલ્યો, એને પંપાળતાં આપરે પટકાઇ પરશું ! જોવોની મીસ માણેકબાઇ,—ડાકટર હમણાંજ આવી ગયા, કહેજે આજે તો કુમી ઘણી ઠીક છે, તમુને બાજે કેઠે રોકાણ્ણા હોશે વાસ્તે માય વધો,'—અને—માય વિકટોરીયામાં વધ્યાં !–!–!

કુમા, વચમાં વચમાં આપણા ઉપર એ Nurse નો Curse બહુ દમ કસતો'તે. પણ હમણા હમણા એ ચેતક ચાટ થતું જાયછ.

અત્રે કોપરાં ઝોખતાં કુમાએ **સરવાયું** કહાડયું અને Bible-reading babies ને **બાકી** ખેંચી.

લખ:—

સોએ સાત ટકા આપણી બુચીબઇઓને બચપણથી Bible વાંચતાં શિખાડવામાં આવે છે શું બકેછ...... ? નાહલું પ્રમાણ ?–ઉહલું હજારે સીતેર ને દસ હજારે સાતસો ! એ સાતસો બાઇબલ વાંચતી બેબીઓ બાઇઓમાં બદલાશે ત્યારે સતરસોને બાઇબલ વાંચતાં બનાવશે. 'આવોજી આવોજી' ની આવજો–માવજોના આવકારદાયક આદસતકારસે ગઇ પરમ દીને,–દોસ્ત કુમા,–આલીબઇ અમરોલીયા મારે આંગણે ચઢયાં—કેમજી કેમ છેવો કાંહ રહુવોછ, આય બુચીઓ તમારી કે ? કેઇ સ્કુલમાં જાયછ ?— 'જી વાલકેસ્વર રહીયેંછ, બુચીઓ જીભરૂં ગારીમાં ગીરગામની મિશેન સ્કુલમાં જાયછ,'–મીશેન સ્કુલમાં કાંય વારૂં ?–'તે જોવોની બાવા ઇગતપુરીમાં એ લોક બાઇબલ શિખતી 'તીઓ ને બે ત્રણ વખત ઇનામ લઇ ગેઇતી, ને મુંબઇના ન્યુસમાં નામ આવેલાં: હરવાયા એરચશા કહુજે ગારી કોટ વહેર જાયછ ને લત્તો તો એકજ તે જરથોસ્તી સ્કુલમાં નહિ તો મીસ મુસની સ્કુલમાં મુક,—પણ બાવા, આટલો બધો બાઇબલનો પરાગ્રેસ કીધો ને હવે છેકને છેરે આવતાં છાંટી કેમ નાખ્યે ? જીભરૂં માટીડાઓ તો એવાજ રહી ગીયા ! મારી પાસેના મહુરમાયનું મનબી એજ છે, મીસ ઇસ્કોબલ કહુછ કે આય જાનેવારીમાં એ લોક જરૂર ઇનામ જીતી જશે'—

શું ધાર્યું—કુમા ? તારી વૅજીટેરીયન વાંદરીનેબી તું બાઇબલ શિખવે તો કેમ ?

"ઢીગડાંસૉરી કરતાં તો હું એ પસંદ કરૂં. પણ ચાલ હવે,–સવાઅગ્યારપર કાંટો આયો. ડોસી ડહવારો પારશે–વાંદરી તો બંદુસ–બંધ થઇ હોશે."

હિસ્ત્રીકલ હિલ્લાંઓ–કાંસતી કોબઇઓ–ધનઇ ઢબરા–ઉતારૂઓ.

"ઓ વાય! આય તણ જણને સાથે ટપકાવીને ટુંકું–ટચ ને લુંખ્ખું લચ કરવાની તજુકીકમાં છેઓ કે?"–એક મોટાંમાયને મોટે મોહડે બોલી પડતાં હું સાંભળું છું.

જી નહિ–પણ એ ત્રણ જણ વચ્ચે ત્રીસ ગાંડ અને તેત્રીસ સ્હુરનો સંબંધ છે. અસતરીયાવાલી અસતરીઓ હિસ્ત્રીકલ હિલ્લાંમાં કે'વારની બદલાઇ ગઇ છે. હિરા જેવા ધણીઓ તેઓથી હારી ખાઇ બેઠા છે. છીંકો તો હિસ્ત્રીઆ–તાણીને બોલો તો હિસ્ત્રીઆ–ફ્લુસ અખાડા કરો તો હિસ્ત્રીઆ–મરજી મારો તો હિસ્ત્રીઆ–બેસતાં હિસ્ત્રીઆ–ઉઠતાં હિસ્ત્રીઆ!

ઉપલી ત્રણ તબકકેવાલીઓના ત્રણ વાણાના હિસ્ત્રીઆ હોય છે. ૫) ટકે ખરો, ૫૦) ટકે ધખારો, ૪૫) ટકે ઢોંગ! ખરા હિસ્ત્રીઆથી તો ખોદા ખેર કરે! પણ જ્યારે આ ખરો હિસ્ત્રીઆ–ખરો હોવાથી બચરવાલીના બજારમાં ઝીપલાવતાં વાર ઝીપલું લઇ ગુમ થઇ જાય છે ત્યારે પેલા બીજા બે પ્રકારના હિસ્ત્રીઆ પરણવા પછી પુર હુશિયારીથી ફુટી નિકળે છે: કેટલીકો ધણીને ધાકમાં રાખવા અને નાકસે ચલાવવા હિસ્ત્રીઆની સોટી સદા હાથમાં લઇ ફરે છે: "નહિ સમજતા કે ઢોલી,–વરી મને હિસ્ત્રીઆ થશે." આ હિસ્ત્રીઆ સ્ત્રીઓમાંની ઘણીકો ખાસ્સી ખંડીયર જેવી હોય છે, છતાં, તેઓ નબળી દેહના અને નાજુકાઇના ઢબરા ઉતારે છે. કોલન–વૉટરના સોલ્યુશન સાથે અને સ્મૅલીંગ સૉલ્ટ સાથે તેઓને અચ્છો સંબંધ બાઝેલો હોય છે. છેલ્લાંને તેઓ ફેશન તરીકે સાથે લઇ ફરે છે. ધખારાના હિસ્ત્રીઆવાલીઓ જ્યારે પોતાને ખરેખર હિસ્ત્રીકલ માને છે, જ્યારે ઢોંગીઓ પોતે હિસ્ત્રીકલ નથી એમ સારી રવેશે જાણતી હોવા છતાં સામેવાલાઓને સામા તેવા ધખારાની ધધુખરમાં નાખે છે. આ ઢોંગીઓ બહુ સચેત હોય છે અને કોણ આગલ આ ઢોંગ કરવા અને કોણ આગલ ન કરવા તે તેઓ સહુજે સમજી જાય છે. કાંદા,

તપકીર અને બ્રેન્ડી કોલનવૉટરના સમાગમમાં પોતાની સમાધી વેળા તે ચીજોને લાવવાનો અથવા આવવાનો સહુજ પણ સંજોગ હોય તો તેઓ પોતાના આ પછાડાને Postpone કરે છે. કેટલીકો સમાધીમાં હોવા છતાં કાંદાનું નામ સાંભળતાં સાવધ થાય છે. આ 'પનોતી પુતળી'ઓ—કાંસતી કોબઇમાં પોતાને ખપાવવાને શરમાતી નથી. ખુલ્લી રીતે ખોરાક લેવાને તેઓ બીજાંને પજવવાની મકસદથી ના પાડે છે. કેટલાંકો પાણી ન પીવાની તો કેટલાકો માત્ર પાણીપર જીવવાની જીકર કરે છે, છતાં, આણીગમ પેલીગમથી નવ નવાલા ઉચ્ચારતાં અને પેટમાં પાણીની ધારા ચાલુ કરતાં તેઓ રહે છે. તેઓ સદા કાંસતી-કરાંજતી રહે છે, કારણ, તેઓ એમ સમજે છે કે ખરી નાજુકાઇનું બીજું નામ કાંસવું છે. પોતાના તનદુલ જેવાં બદનને તેઓ ફુગેલાંની ઉપમા આપે છે. લેબાસે તેઓ ખેપરવા રહે છે. ઘણીઓને તો સમાધીમાં લીન થયા પછી માટીડાઓને હાથે સાવચેત થવાનું યા બીનસમાધીમાં આવવાનું સજ્જડ ચેતક લાગેલું હોય છે. "માયજી એને મરવા દેઓની—વરી થઇ આવશે તો કાંઇ જઇશું!—દીકરા, તું દુર રહે એની આગલ જતો ના——માયજી, પીલાંને આલાંથી દુર રાખજો——" એવા એવા હવારકુટા હરવાયા હારી બેઠલા 'હાજી હાઓ' હમેશાં કરતા રહે છે. એ બાપડાઓને ખરૂં ખોટું શોધી કાઢવાની ખાહેશ યા ફુરસદ હોયજ કયાંથી!! ચાલુ વખારાથી તેઓ એમ માની લે છે કે બીચારી હિલ્લાં કાંઇ ખાતી નથી, તેણીના માથામાં ભેજાંને બદલે પાણી અને બદનમાં સઘળો પવન ભરેલો છે. હિસ્ત્રીકલ હિલ્લાંઓસે,——જો કુંવારા હો તો,—હાથ ઉઠાવજો અને પરણી ચુકયા હો તો કાંદાપર હાથ જરૂર અજમાવજો. જરા વાસ મારે તેની દરકાર કરતા ના. યાદ રાખજો, 'Pearse' તમારી પાસે છે.

પરણીને પરવારેલીઓ.

"દોસ્ત સૉક્રેટીસ–તું તો કુંવારો છે એટલે એ બાબદમાં તો તારો કેટલો અનુભવ હોય––પણ તારી રજા હોય તો એક સવાલ પુછું."

સૉક્રેટીસની સીહ્અક તેના બેધ્યાનપણામાંથી ઘણી વાર તેને સજીવન કરતી. "દોસ્ત કુમા પરણીને પરવારેલીઓ વિષે તેં કંઇ વાંચ્યુંછ ?"

"એટલે તેમાં તે શું ? કુમારો કુમારીને અને કુમારી કુમારાને પણને એટલે બંને પરવારે."

"નૉનસંસ :––હું તારા જેવા ઉલ્લુઓની વાત કરતો નથી. તારા જેવાઓ ઝુસરીમાં જોડાતાં વાર આજ કાલ ચાર ચાસણી વધારે દમ્મર મારેછ. હું તો બા પુત્રીઓ વિષે બોલુંછ. જોની દોસ્ત, હું જોઇ તો શકતો નથી પણ મને એમ લાગેછ કે આજ કાલ દર દજને પોણી દજન પુત્રીઓ જેટલી પરણવા અગાઉ તેટલી પરણવા પછી પ્રકાશિત રહેતી નથી. પરણવા પહેલાં હારમોનીયમ, દિલરૂબા, પીયાનો, ડ્રૉઇંગ, ઇંગ્લીશ, ફ્રેંચ, ફેશનની ફિરયારી અને બાલ અને બુટ ઇસ્ટાકીંગની બલીહારી ! Trim tight and never a-fright. પેસ્તનજીને પરણવા તેઓ પચરંગી પોષાક સજી નવરંગી રંગ અજમાવે છે. પોતાના બદનમાં extra steam બરપા કરે છે, અને પોતાનો safety valve કદી ખોલતાં નથી, Beauty Charm ને તેઓ બદનામ કરતાં નથી અને Hazaline Snow થી હારી ખાતાં નથી:—મીο પેસ્તનજી એક વેળા પકડાયા કે આ સઘળા સદગુણોને, આ બેપગી, પગ આપી ગુપચુપ કેહે પસાર કરી દે છે. તેઓ પરણીને પરવારી જાય છે ! પોતાના નવા દિલરૂબાની યાદમાં અસલ દિલરૂબા (વાજીંત્ર)ની હાજરીને તેઓ વિના દિલગીરીએ બરખાસ્ત કરે છે; તેઓના ડ્રૉઇંગ, ડ્રૉઅરમાં બંધ થાય છે–તેઓને હારમોનીઅમ "હરવાયું બેસુર" લાગે છે અને પીઆના

ઉપર પગ ચાલતા નથી; ફ્રેંચ અને ઇંગ્લીશનો અભ્યાસ French Leave લે છે.

"હવે બાકી રહયો, દોસ્ત કુમા, ડ્રેસ: ગોયા પોતાની આગલી સઘળી ટેકવી રાખેલી ધરફડનો અને તાણુતારનો તેઓ ખંગ વાળવા ઇચ્છતી હોય તેમ વસ્ત્રાલંકાર અને વસાણા તેજાણાના વાદલ તેઓ વિખેરી નાખે છે; ચાઆઆઆઓ પરવારી ગીયાંની એક હાંય સાથે તેઓ જુવાનીમાંથી ઘડપણમાં ભુસકો મારે છે. કેટલી વેડ વિયાઇ જણીને છોકરાં છૈયાંના વસ્તારાં વસાવી વિછણઇ ગયાં હોય તેવી વિછણ વાઉ જેવીઓ થઇ તેઓ ફરે છે. લબડતા અમોરા-પર સવડતું માથુબાંધનું, ઢીલાંધચ એડોલ કોલરના વારફુત, મોટો જેવો સદરો અને સુફયાણી સપાટપર લબડતી સારી એ તેઓનો સણગાર હોય છે. પોર્યાં આવવાની ધાસ્તીથી તેઓ ઢબોલઇ ઝબોલઇ જાય છે. એક પોર્યું પેદા પડતાં તેઓ પોહળી ચોળી બની પંકરાઇ જાય છે. ધણી સાથે મિજલસે, નાટકે જવાની નકતી નફ્ટાઇએ તેઓ ના પાડે છે. ટુંકમાં આ કમ્મર ટંગ કુંવારીઓ જોડું કજોડું સંધાયા કેડે ધુરા વગરની વંત્રીઓમાં બદલાઇ જાય છે. કુમા, તારો પેલો ફ્રેન્ડ તારી સલાહ લેવા કાલે આવવાનો છે તેને આય કલાસની care માં જઇ નહિ પડે તેની care લેવા કહેજે."

"પુત્રી પ્રકાશ"ના પાછલા પડઘા.

આપણી હાતમ દિલની હાકેમીઓ
અને
મોટાં મનની મોટાંમાયો.

"પુત્રી પ્રકાશ" વાંચ્યા પછી મારા અઝીઝ બીરાદર કુમાનું મત એવું છે કે આપણી પુત્રીઓ એક દાયકા અગાઉ હતી તે કરતાં વધુ પ્રકાશિત બની છે. એક કુંજરા કજરાયલા કુંવારાના એકલડોકલ મત કરતાં વાચક આલમના વિચારને હું વધુ વજન આપીશ--જોકે

હું પોતે કુમાના મતથી જુદો નથી. પણ એ પુત્રીઓ શું પોતાની મેળે પ્રકાશિત બની છે? તેઓની રોશનીનાં કીરણો શું સઘળાં પોતાનાં છે? ચંદ્રમા મિસાલ કોઇ સુર્ય તરફથી તેઓ પોતાની રોશની મેળવતાં નથી? ખચ્ચીત મેળવે છે. પણ તેઓના સુર્ય એક કરતાં વધુ છે. જુવો—મથાળું.

• સખાવતનો સદગુણ તન મન અને ધનનો પારસી પુરૂષોમાં ને સ્ત્રીઓમાં જાયજ છે. આગલ જયારે સખાવત જરથી થતી હતી ત્યારે હાલ જહેમતની પણ થાય છે. ઘણીક હાતમ દિલની હાકેમીઓ જયારે જરની સખાવત પોતાના ખેસ કુટુંબીઓ અને લાગતાવળગતાંઓપર કરી ગુપચુપ ગુમ થઇ છે ત્યારે ઘણીકો જાહેર સખાવતો કરી જાહેરમાં વીદાય થઇ છે. બાઇ મોટલાંબાઇ, લેડી શાકરબાઇ પીટીટ, બાઇ દીનબાઇ પીટીટ, બાઇ આવાંબાઇ પીટીટ પોતાની સખાવતનો પમરાટ પસરાવી ગયાં છે અને આજે પણ ઘણાક જાણીતાં કુટુંબની પુત્રીઓ જાહેરમાં અને ખાનગીમાં પોતાનો સખાવતી દસ્ત લંબાવતી રહી છે. મીસ હમાબાઇ પીટીટનું મહાન કાર્ય કારસાજી પામી કામયાબ થશે ત્યારે પુત્રી પ્રકાશની પુર્ણ પ્રાપ્તી કરવાનું મહાન પુન્ય તેઓ ખાટશે.

જાણીતાં કુટુંબની બીજી ઘણીક બાઇઓ જેવી કે લેડી જહાંગીર, તેઓનાં બેટી મીસ કુંવરબાઇ, મીસ સીરીન મા. ખરશેદજી, મીસિસ શીરીનબાઇ કામા, મીસિસ રતનબાઇ બામજી, મીસ ગુલબાનુ તાલયારખાં, મીસિસ શીરીનબાઇ પાટક અને બેટીઓ, મીસ નવાજબાઇ પાદશાહ, મીસ બચુબાઇ મુસ, "જરથોસ્તી સ્ત્રી મંડળ"ની અને વર્ક કલાસની વર્કીંગ કમીટીની ઉત્સાહી બાનુ મેમ્બરો જરના થોડાક અને તનમનના મોટા ભાગે જે મહેનતુ જહેમત ઉઠાવતાં આવ્યાં છે તે જહેમતે આપણી પુત્રીઓને પ્રકાશિત બનાવવામાં મહાભારત ભાગ ભજવ્યો છે. આ સઘળી સુર્યમુખી સજનીઓના સામટાં કીરણોના પ્રકાશથી આપણો પુત્રી પ્રકાશ થયો છે અને થવો જોઇયે. પુત્રીઓને—બાઇઓ તમો રોટી તો મેળવી આપો છો; તેઓના મનનું સમાધાન કરો છો, તેઓને સમાર્ગે દોરવો છો તો હવે, તેઓના તનનું સમાધાન પણ કરો. સાંઝને છેડે તેઓને એક કલાક

વહેલાં છોડી એકાદ ખુલ્લી જગામાં તેઓને લઇ જઇ કસરત આપી કુશલ કરો. કોઇ એકાદ સહાસ કર્મી સકર્મી સજની પોતાનો સકર્મી પૈસો આ સહાસ માટે તમને ખુશીથી સંપાદન કરશે. પ્રીનસેસ મેરી જીમખાનાના મુખી અને કરતાં કારવતાંઓ આ કામ પાર પાડવામાં જો ચાહે તો કીંમતી મદદ આપે. પુત્રી પ્રકાશને પ્રકાશિત કરનારી પારસી બાનુઓ—તમારો જય થાવો.

સુંદર શોભીતી સુંદરીઓની શોધ.

શું સઘળાજ સપુતો આજ કાલ સુંદર શોભીતી સુંદરીઓ શોધે છે?—શોધે છે તો ખરા! પણ સુંદરતા તો સુરતની તેમ મનની મુરતની પણ હોય છે. જમાનો તો આગલ ને આગલ જંગ મચાવતોજ જાય છે અને એક સપુત જ્યારે સુંદર સજણી શોધે છે ત્યારે જો તે શ્યાણો હોય તો માત્ર બાહેરની સુંદરતાસે બગલ-ગીરી કરતો નથી. આજ–ને–કાલ તો લગ્નનાં બાઝારમાં ખરીદી કરવા માટે જવાન્યાઓને અણ્યાલા ચહેરાઓ કરતાં કંઇક વધુ જોઇયે છે, સબબ, તેમ તેઓ ન જુવે તો રખડી મરવાનો સોદો રહે છે. તેઓ જાણે છે કે progress ની બાબદમાં પુત્રીઓ એવાં ધરખમ પગલાં ભરે છે કે જેની ઝડપ દિન પ્રતીદિન ઝડપી બનતી જશે. તેટલા વાસ્તે, તેઓ એવી સુંદરીઓ શોધે છે કે જેઓ આગલી હરોળમાં રહી આવતીઓ સાથે હરીફાઇ કરી શકે. સુંદરતા તો આજ–ને–કાલ ચપળતાની ચેલી ગણાય છે. છેલ્લી,—પહેલાં અને, પહેલી,–પાછલ. લગનના બાઝારમાં લખેશ્રી પદ ધરાવનાર એક જુવાન સિવિલ્યનને મને સમજાવ્યું કે: "વેલાતમાં સુંદરીઓ જોઇ જોઇને મારૂં મન સુન્ન મારી ગીયું છ; કંઇ મનની સંગીન સુંદરતા હોય, કંઇ તનની તરોતાઝગી હોય તો બા આપરો સંઘ કાશી જાય." સુંદર સુંદરીઓની સરત હવે સજજડ થઇ ગઇ છે અને ચપળ ચપલાણીઓનું ચટક ચાલ્યું છે,

માટે—ચેતો ! આજની મન કસતી મટુકલી આવતી કાલે બાયડી વેષે બહુક બહુક થશે.

Drop Scene.

પુત્રીઓ,—તમારા કાનમાં !-

(કોઇ પુરૂષો નજદીક તો નથી?—કારણ, મને દેખાતું નથી.)

મારી ઘણીક પ્રિય પુત્રીઓ આ **પ્રકાશ**ના પાનાં ઉકલાવતાં ભડકી હશે ! પણ, જેઓ તેના પ્રદર્શને પડી તેની પ્રદક્ષીના કરી આવ્યાં હોય તેઓ પોતાના વિરૂધ અને તરફેણ મત જો મને લખી મોકલવાની કૃપા કરશે તો તે ઉપરથી મને બહુ શિખવાનું મળશે. આ પુસ્તક કાંઇ તમારી લાગણી દુખવવાની નેમથી મેં રચ્યું નથીઃ તેમ જો હતે તોઃ તમારી એક નામાકીત હિતાર્થીને તે હું અર્પણ કરત નહીં. આ મારા પરિશ્રમથી જો થોડાંક અઘટીત કારજો થતાં અટકશે અને જો થોડાંક પણ ઘટીત કારજો સંધાશે—(જે એક મુસ્કીલ બીના છે)—તો હું અને મારો મિત્ર કુમો અનંત ખુશાલીની તાલી પાડીશું. ચાલો ત્યારે—તમારા કાનમાં કહું છું:

નિચલી બીનાઓપરથી તમારો હાથ ઉઠાવજો. એક નમુનેદાર ઘરરાખુ ઘરધણ્યાણી યા એક કસુતર કુસંપી માથે-પડુ બનવું, એ તમારા પોતાના હાથમાં છે, અને આ હાથ ઉઠાઉગીરી જો તમને પહેલું પરિણામ નિપજાવવામાં અને છેલ્લું ભુસી મારવામાં મદદ કરે તો તમો તે અખ્ત્યાર ન કરશોઃ ? ખચ્ચીત હું માનું છું કે કરશોઃ

(૧) કોઇ સારો જેવો તમારી કુમળી નજરમાં હોય અને તેની સાથ સંદેશા (લખાણરૂપી યા ચાળારૂપી) ચલાવતાં હો તો તે તમારી માવતરથી છુપાવશો નહિ.

(૨) અદરાયલા સિવાય બીજાઓને તમો અડકવા દેશો નહિ ને તેની ઉપર પણ લગાર ટાઇટ લગામ રાખજો.

(૩) સોલીશેઠ કે દોલીબા તમને જાહેરમાં કે છુપી રીતે શીરાં, સીલ્લાં, કે ડીયર ન કહે તેની સંભાળ રાખજો.

(૪) કેકી, રૂસીને બીજું કોઇ રૂચતું ન હોય તો તેઓ સાથ નાટક ફાટકમાં જુઠ્ઠઇએ કહે તો સચ્ચાઇએ સચકાતાં ના.

(૫) મુછાલા યા બીનમુછાલા સહિયા-મિત્યાઓને સહિ—શાખી સતરો બીડતાં રખે, કારણ તે સતરો કોઇ દિવસ તમારૂંજ સત્યાનાશ વાળશે.

(૬) સુંદર પીછાંઓથી કંઇ સુંદર પક્ષી બનતું નથી માટે આખો દીવસ અરડઇ અકડીને, રાત્રીએ સુગંધી સુંવાલાં થતાં ના.

(૭) રીતભાતમાં રંગનો ભંગ કરશો તો નિતીનો ભંગ થવાનો સંભવ રહેશે.

ચાલો, સાહેબજી ખોદા તમને સલામત રાખે. ઘણું જીવજો ને સેવકના પુસ્તકોનો અહાર કરતાં રહેજો. તમારી શેહાદી ટાંકણે,

કર્તા

ને ભૂલશો ના "Good bye & God bless you" કુમો કર જોડી કરગરે છે.

ફૉરજૅટ સ્ટ્રીટ, તારદેવ,
મુંબઇ, મે ૧૯૧૧.

ધંધાદારી ભાઇબંધો

સંગાત 'ઇન્ટરવ્યુઝ'

આ 'ઇન્ટરવ્યુઝ'ની સઘળી જાહેર ખબરો (**ગોદરેજ એન્ડ બોઇસ** સિવાય) કર્તાનીજ કલમથી રચાયલી છે. જાહેર ખબરો રચવાની આ કર્તાની શક્તિનો ખ્યાલ એ ઉપરથી, અને "સુધારાનું શિખર" બાબે જુદાં જુદાં પત્રોમાં અપાઇ ગયલી જુદી જુદી જાહેર ખબરો ઉપરથી સહેજે આવશે. હાલી પપરડા જેવા અક્ષરની ચોરસ લાઇનોમાં ઘેરેલી દમ વિનાની જાહેર ખબરો ચિત્રી કઢાવવી એ પૈસાની સરફ બરબાદી છે. તમારા મનના વિચારો આબાદ દર્શાવતી—તમારી સ્પેશ્યાલીટી આબાદ રજુ કરતી, પ્રસંગોપાત, English રૂઢી ઉપર, ખરેખરી *Appealing* જાહેર ખબરો—માત્ર વિગત ઉપરથી કીફાયત દામે લખી આપવાને,

ન્યુસપેપર—
શો-વીન્ડો-સાઇનબોર્ડ
પ્રાઇસ લીસ્ટ-ખરચ અને
spaceને અનુસરતી જાહેરખબરો-
હરીફ ધંધાદારીઓની જાહેર ખબરો-

M. M. BANAJI,
Professional Advertisement
Scribe
(FORJETT ST., TARDEO,)
તૈયાર છે.

શું

દેવલાલી ગયાં

એટલે

મહો ઉપર "લાલી" આવી કે ?

Not a bit !–એ "લાલી"ને જો

ગ્રાન્ડ હોટેલ (દેવલાલી)

લલચાવી, ફુસલાવી લાવે નહિ તો તમો સુકકા ટાટ જેવાં પાછાં ફરો. ગ્રાન્ડ હોટેલ, દેવલાલી, દરેક બાબદમાં ગ્રાન્ડ છે, એ તો તમારી Grand Daughter બી જાણે છે. સીનરી ગ્રાન્ડ—"ભરત્યું" ગ્રાન્ડ—મકાન ગ્રાન્ડ—સુખ સગવડ ગ્રાન્ડ—રમતગમત ગ્રાન્ડ—અને, મેનેજમૅન્ટ ગ્રાન્ડ—રોજના માત્ર ૩૨) આના.

કુંજરાં ગ્રાન્ડ મધર સાથે પધારશો
તોપણ
ગ્રાન્ડ કમ્પનીમાં સહોવાઇ જશે.

માલેક—તમારી "પોતાની માલેકીની મત્તા છે" તે તમારી હજુરમાં સદા હાજર રહેશે.

આ હોટેલમાંના ફરમાબરદાર, ઈમાનદાર નોકરો બીજાં કોઈ-પણ હોટેલમાં તમો જોવાની સાબીતી આપશો તો?—તો શું વળી?—–આપશો ત્યારે થઈ રહેશે.

(હોમી ફ. શેઠના, માલેક.)

GODREJ & BOYCE MANFG. COY:

BY APPOINTMENT TO

H. E. THE GOVERNOR
OF BOMBAY.

PATRONISED BY
H. R. H. THE PRINCESS OF WALES
DURING HER STAY IN BOMBAY.

Largest works of their kind in India employing 300 men throughout the year, no other factory employing more than 60.

Factory equipped with Modern Machinery at an expense of Rs. 80,000.

Highest Awards wherever exhibited (nine exhibitions) in competetion with all other makers who have repeatedly been given lower prizes.

Government House, Bombay, Nov., 21st 1905.

From

THE MILITARY SECRETARY
TO HIS EXCELLENCY THE
GOVERNOR OF BOMBAY.

DEAR SIRS,—At the request of His Excellency Lord Lamington, Governor of Bombay, I have the pleasure of informing you that the safe provided by your firm for Her Royal Highness, the Princess of Wales, during the recent Royal Visit to Bombay gave entire satisfaction.

It was subsequently placed at the disposal of Her Excellency Lady Curzon and Her Excellency the Countess of Minto with equally satisfactory results.

I am, Dear Sirs,
Yours faithfully,
(Sd.) RICHARD OWEN,
Lieut-Colonel.

Where Godrej's Safes are used—

General Post Office—Public Works—High Court—Improvement Trust—Municipality—European General, Sir J. J. & Cama Hospitals—Chamber of Commerce—Bombay Club.

H. M's Mint, 7 burglar resisting doors—Currency Office 2 doors—Yokohama Bank a Strong Room built for Rs. 4,000, one safe for Rs. 2,250, one safe for Rs 7,500—Bank of India, 4 safes—Peoples Bank, 40 safes—Alliance Bank of Simla, 7 safes—Indian Specie Bank, 9 safes—Merchants' Bank, 8 safes—Punjab & Sind Bank, 4 safes—Bank of Upper India, 3 safes—Bank of Baroda, 3 safes—Credit Bank of India, 12 safes—Punjab National Bank, 6 safes, &c.

Messrs. Cox & Co.—Ralli Bros :—Graham & Co.—Marshall Sons & Co.—Greaves Cotton & Co.—Shaw Wallace & Co.—A. & J. Main & Co.—Messrs. David Sassoon & Co.—E. D. Sassoon & Co.—Sir Sassoon J. David—Fleming Shaw—Dutton Massey—John Fleming—Dunlop—J. Stone—Kemp & Co.—Phillips & Co.—Gill & Co.—G. Craddock, &c.

Messrs. Tata Sons & Co., 33 safes—Sir Currimbhoy Ibrahim, 18 safes—Sir Adamji Peerbhoy, 17 safes—Messrs. Ralli Bros., 12 safes, &c.

At most of the above places the first safe was supplied years ago and the last within the last one or two months.

☛ EASTERN BANK: one fire proof Safe worth Rs. 10,750.

FACTORY :—

***Near Gas Works, PAREL,* BOMBAY.**

દેશાઇ—હરીફાઇ—સરસાઇ

નવા દેશાઈ—નવી નવાઈ.

કેમ ?—મહેરબાન બાનુઓ અને ગૃહસ્થો, હવે ખાત્રી થઇ—કે—

નવું તે કાંઈ નાખી દેવાનું નથી.

પહેલવાન જહાંગીરે જહાન જીતી—
રંગારા જહાંગીરે પ્રસિદ્ધતા જીતી—

હરીફ કાંઇ સદા હારતો નથી.

પહેલ તે કાંઈ છેલ નથી.

LIVE & LEARN.

પારસી પુત્રીઓ, પુત્રો, માતાઓ અને પિતાઓ——
તમો શું જાણતાં નથી—કે—

જહાંગીર એૅમ. દેશાઇની કું:

(રંગનારા, ધોનારા, બ્લીચ કરનારા)

નાં જીગરપર **Welcome word** અણદીઠ
વળ ખાઇ રહયો છે.

(૧) ધોબીતળાવ, (૨) મૅડોઝ સ્ત્રીટ, (૩) મજગામ ટ્રામ ટર્મીનસ,
મુંબઈ.

અમને અમારી તક આપો

ને જુવો કે અમો કેમ બજાવ્યે છીયે.

બનાજી એન્ડ ભાઠેના

લાઇસંસ્ડ પ્લમર્સ ઍન્ડ સૅનીટરી કૉન્ટ્રૅક્ટર્સ.

M. M. Banaji (*Late* Hd. Ck. & Acctt., Drainage Deptt: B'bay M'cplty) આ Firm ના ફણગા (Bhikaji N. Bhathena Mechanical Engineer.) કાંઇ આજકાલના નવા ફુટી નીકળ્યા નથી. આ તો જુના ફણગાઓ જોડાઇને ફળીભુત થયા છે.

બુકેન નામાંચો લખનાર તેનાં 'પ્લમીંગ' નામનાં પ્રખ્યાત પુસ્તકમાં શું કહે છે તે જુઓ:—

"૧૮૬૭ ના સાલથી પ્લમરનો ધંધો અચાનક "રીતે ખીલતો ગયો છે. પાર્લામેન્ટ જેવાં મોબ્ભાદાર "મંડળની મહેરબાની અને નજર તેને ખેંચી છે, અને "એક નિર્જીવ કારીગીરી ઉપરથી વધી એક ઉંચા "**હુન્નર ઉદ્યોગની પદવીએ** તે પહોંચ્યો છે. સુધરેલા "મુલકોમાં એક પ્લમર, સામાન્ય કારીગીરીમાંથી વધીને "હુન્નરમંદ ઉસ્તાદમાં બદલાઈ ગયો છે. તેની ગણત્રીઓ "અને કાર્યો ચોક્કસ નિયમો અને ધોરણો ઉપર રચાયલાં "હોય છે, અને જે સહાસ તે માથે ઉઠાવે છે તેની "**બારીક તફસીલ** અને **વિગતમાં** તે ઉતરી શકે છે. "દિન પ્રતિદિન જેમ જેમ સુખશાન્તીભર્યા પ્લમરના ધંધાનો "મોભ્ભો અને દરજ્જો વધશે તેમ તેમ તે વૈદક ધંધા "સાથે ભેળાઇ, તેના દરજ્જાને કાંઈ પણ ધોકો પુગાડયા "વિના, ઉસ્તાદ વૈદો સાથ ભાઈબંધી કરશે."

રીડ પોતાના 'સૅનીટિશન' નામનાં જાણીતાં પુસ્તકમાં આ મુજબ **ચેતવણી** આપે છેઃ--

"જો કોઈપણ ધંધો એવો હોય કે જેમાં ગેરવાજબી
" કરકસરને બાજુ મેળી કુશળ કારીગીરી અને કારસાજી મેળ-
" વવી અવશ્યની હોય તો તે **પ્લમીંગનો** ધંધો છે. સઘળું
" સસ્તું પ્લમીંગ કામચલાઉ અને તુચ્છ છે, અને જો અચ્છું
" **શુખશાંન્તીભર્યું** પ્લમીંગ કરાવવું હોય તો બે પૈસા વધુ
" ખરચવાની વાણ કરવી નહિ. ગમે એવાં મોઘાં સારાં
" 'ફીટીંગ્સ' વાપરો પણ કુશળ અનુભવી કારીગીરીની ગેર-
" હાજરીમાં તેઓ હલકી પંકતીનાં 'ફીટીંગ્સ' જેટલાંજ
" હાનીકારક થઈ પડશે."

ઉપલી બીના ધ્યાનમાં રાખો જો અમો કામ કર્યે તો તમો તમારી પેટ્રનેજ અમને આપશો નહિ? સઘળું કામ જાતી દેખરેખ હેઠળ અમારા પોતાના ભરૂસેદાર કામદારો પાસ અમો લઈયે છીયે. **Piece-work** એટલે ઉધ્ધડ યા પેટા-કામ આપી દેવાનો પવન જે હાલ પ્લમર્સમાં ફેલાયો છે તેની પડખે અમો જતા નથી, કારણ તે રીતિ હાનિકારક છે.

પ્લમર્સ તો રસ્તે રસ્તે ઉભાઇ જાય છે, પણ

કીફાયત ભાવે

સંગીન કામ કરાવવા ઈચ્છતા હો તો **બનાજી** ઍન્ડ **ભાઠેનાને** નિચલે ઠેકાણે લખવે યા મળવે બંદોબસ્ત થઈ શકશેઃ-

ચંદનવાડી, (રોપા લેન)

ગીરગામ રોડ, મુંબઇ.

—તકલીફ લઇ જરૂર વાંચી મનન કરશો—

સુધારાનું શિખર યાને સંસાર સાગરમાં સફર.

=૧૯૧૦ ની ફત્તેહમંદ model કથા.=

MR. R. P. KARKARIA
ON
"સુધારાનું શિખર."

Gowalia Tank Road,
9-5-11.

DEAR MR. BANAJI,

I owe you an apology for not writing to you earlier about your novel which I can now very well call EXCELLENT. I enjoyed reading it in the intervals of other more serious works and can *honestly recommend* others to do likewise.

As a mere story it is very effective and retains its interest to the last page. *There is not a dull chapter in it anywhere*, and it is one of the very few of our Gujarati novels which can be wished to be longer. It is as I said before a novel with a purpose, a novel with a moral, and I am glad, the moral is not obtrusive. But none the less is it effective or perhaps more so, on that account. It is a powerful satire on several phases of our latter day social life, with which it shows *great acquaintance*. There is indeed hardly a feature of our present life and society which is not pictured in its pages. There must, I am sure, be many among us who will find themselves portrayed in its pages pretty accurately and faithfully.

You *delight* as well as *instruct* and it is much to be hoped that this novel will not fail of its HIGHER PURPOSE, which I take to be the NOBLE one of endeavouring to *purge* our Parsi life of to-day of some of its objectionable features which our hasty efforts at social reform have introduced int o it. Social reform has done us much good no doubt; but in its name and under its mask, also much that is very objectionable has been able to gain admittance. Satire is an excellent and time honoured weapon to focus attention on the follies and foibles of society. You have wielded this weapon in your novel with GREAT SKILL. I wish you sincerely all the success which your efforts so well merit.

Yours Sincerely,

R. P. KARKARIA.

વાંચો:—

વાર્તાનવેશ મીસિસ જરબાનુ મેહરવાનજી કોઠાવાલોનુ "ખરાં દિલનુ મત."

"સુધારાનુ શિખર"ની એકથી અનેક મોઢે તારીફ સાંભળવાથી મેં જાતે તે વાંચી જોઇ છે, અને મારૂ અદના પણ **ખરાં દિલનુ** મત ઉચ્ચારૂં છું કે એ **ઉમદા** કેતાબ માટે જે પ્રસંશાના ઉદગારો વાંચક વર્ગ તરફથી નિકળી રહ્યા છે, તે તદન વાજબી અને ઘટીત છે.

એક **ખરી** 'ઓરીજીનલ' પારસી સંસારી કથા કેવી હોય તે **'સુધારાનુ શિખર' વાંચ્યાથી જણાશે.** એમાં કર્તાએ આપણા આજના વખતના સંસારનો **એવો આબેહુબ ચિતાર** પોતાની

તેજી કલમથી આપ્યો છે કે વાંચતી વેળા આપણે જાણે **જીવતાં આદમીઓના** સમાગમમાં આવતાં હોઈએ એમ લાગે છે......કર્તાએ આ વાર્તામાં આપણા સંસાર સંબંધી, આપણા બાળકોની કેળવણી બાબે—સ્ત્રીજાતીની નિતિરીતી સંબંધી—ભવિષ્યની ઉઘરતી ઓલાદ તે "આપણા બેટાઓ" માટે ખંત, ઉલ્લટ, કીર્તિ નામના વિગેરેનું જોમ અને જોશ તેઓમાં ઉભરાવવા માટે ઠારેઠારે, **પાને પાને** જે ઉમદા **સોનેરી શુકનોમાં** સલ્લાહ અને શિખામણ આપી છે તે **બેશક બારીકે બારીક વાંચીને મગજમાં ઉતારવા લાયક છે.** " તાલેવંત વક્તાબાજી " એવી તો ઉતમ શબ્દ રચનામાં લખાયલી છે કે તેના બાહોશ કર્તાની વાકચાતુરી, બલકે કલમબાજી, **બેશક** આપણને **મોહ પમાડે** છે........

ટુંકમાં આ ઉમદા પુસ્તકના લેખકને આવી બોધદાયક વાર્તા રચવા માટે ખરાં દિલની મુબારકબાદી આપી શકાય, અને **ફરીથી કહું છું કે 'ઓરીજીનલ' વાર્તા હોય તો આવીજ હોય.**

"રાસ્ત ગોફ્તાર"

શું જાહેર કરે છે?—

"એક વાંચવા લાયક પારસી સંસારી વાર્તા."

પારસી કલમથી લખાતી "સંસારી" વાર્તાઓની ખબર નહી લેવાનો અમારો શરેસ્તો અત્યાર સુધીમાં અમે એકજ લેખકના સંબંધમાં તોડયો છે, અને તે લખનાર મી૦ મેહરવાનજી મનચેરજી બનાજી છે. આ જવાન લેખક પોતાની આંખનાં બન્ને રત્નો ખોઇ બેઠા છે, છતાં તેમની સાહિત્યનાં બાજારમાં આ બીજી કોશેશ છે. "દુનયાઇ દોર" નામની એમની એક નાનકડી વાર્તાની ખબર અમે ગયેજ સાલ લીધા પછી એમની કલમનું આ બીજું વધારે દળદાર ફળ અમારી ટેબલ ઉપર આવી પડયું છે, જેની તપાસ લેતાં અમને ખુશી ઉપજે છે. મી૦ બનાજીનો રચેલો આ ગ્રંથ છે ખરો, પણ તે એમને પોતાને હાથે લખેલો નથી.

"આંખ વિનાના આદમીનું જીવતરજ બળયું," એમ ઘણીવાર આ-પણ સાંભળિયે છિયે. પણ આ લેખક પોતાની ચશ્મોનું નુર ખોઇ બેઠા છતાં એમ માનતા નથી. એઓ પોતાની ફુરસતનો વખત આવા ગ્રંથો રચવામાં ગુજારે છે, એટલુંજ નહિ પણ વળી પોતાનો ધંધો ચલાવે છે. મહાન કવિ મિલ્ટને પોતાના ઘણા વખણાયલા ગ્રંથો અંધાપો આવ્યા પછીજ રચ્યા હતા. "ઇલ્યડ" અને "ઓડેસી" જેવાં જગ પ્રસિધ્ધ યુનાની કાવ્યો બનાવનાર કવિ હોમર પણ અપંગ હતો. આપણા દેશનો પેહલો ખેરખાહ પ્રોફેસર ફૉસેટ, કે જે વાજબીની રાહે "મૅમ્બર ફૉર ઇંડીયા" ને નામે ઓળખાઇ ગયો છે તે અપંગ છતાં પાર્લામેંટ સભામાં બીરાજતો, મુગાં હીંદુસ્તાન તરફથી લડતો, અને છેલ્લે ઇગ્લંડના પોસ્ટ માસ્ટર જનરલનો મોટો અને જોખમ ભરેલો ઓધ્ધો ભોગવી ગયો છે.

એમની રચેલી નવી નવલકથામાં વાંચનારને ઘણુ એક નવું વાંચન મળશે. અમારા પારસી લેખકો જેઓ આવી કથા લખે છે તે કરતાં મી૰ બનાજીનાં "સુધારાનાં શીખર" માં આપણને નવીજ ભુમિ ઉપર સફર કરતા હોઇયે એમ લાગી જાય છે. ખામખા આખું પુસ્તક અમારી ફુરસતે વાંચી પુરૂં કરીનેજ અમો આ સતરો લખિયે છિયે, અને તેટલામાટે અમો કહી શકિયે છિયે કે આ વાર્તા બીજા લેખકોની પેઠે ઇંગ્રેજી ઉપરથી તફડાવેલી તો નથીજ પણ એ એક "ઓરજીનલ" પારસી સંસારી વાર્તા છે, તો જોકે એમાં કેટલીક અતિષયોકિત છે, કેટલુંક "સૅન્સેશનલ" છે, કેટલુંક રસકસને માટે શહરાવેલુ છે તે અમો ના પાડતા નથી. એમાં બે પારસી કુટુંબોને કલ્પીને તેમના આચારવિચાર, રીતભાત અને બીજી દુનિયાદારીની હાલચાલના નમુના વાંચક આલમની રાહબરીને માટે, બોધ તથા શિખામણ લેવા માટે, ધિકકાર બતાવવા અને શાબાશી આપવા માટે, આપણી આગળ રજુ કીધા છે. આ બે કુટુંબોના પાત્રોને મી૰ બનાજીએ આપણી આગળ રમતાં મુકીને તેમનાં કામોમાંથી કયાં પસંદ કરવાં અને કયાં ના પસંદ કરવાં તે અચુક રીતે ખુલ્લું કરી આપ્યું છે. પેગામ્બર જરતોસ્તે પોતાનો સુધારક મજહબ ફેલાવ્યો ત્યારે જુદા જુદા વિચાર અને એતેકાદ ધરાવનારા સર્વ લોકોને

નોતરીને તેમને એવી મતલબનું જણાવ્યું હતું કે દુનિયામાં બે ચીજ પ્રસરેલી છેઃ એક નેકી અને બીજી બદી. આ બેમાથી મારો ધર્મ કે જે રાસ્તી ઉપર સ્થાપેલો છે તે તમો કબુલ રાખો, અને નારાસ્તીવાળો ધર્મ નાકબુલ રાખો એમ હું તમને કેહતો નથી. આ બે માથી તમારે ગમે તે પસંદ કરો. પણ ભલું પસંદ કરજો—બુરૂં માં પુસંદ•કરતાં. મી૦ બનાજી પોતાની વાર્તા રજુ કરાને ગોયા એવીજ રીતની શિખામણ સાથ તે તમામ કરે છે.

આ વાર્તા ૪૫૮ પાના જેટલી લાંબી છે. તેમાં મધ્યમ અને સાચા સુધારાને બદલે સુધારાનાં પવિત્ર નામને એબ લગાડનારા છકેલ અને વંઠેલ માણસો આયંદેહ કેવે ફેજે પોંહચે છે, અને હદમાં રહીને સુધારામાં આગળ વધનારાઓ પોતાની કિસ્તીને સંસાર સાગરમાં કેવી સલામત હંકારીને છેલ્લે ધારેલે સુખી બંદરે પુગાડી શકે છે, તેની રસીલી અને મોહક વાર્તા વળાંમાં વળાં ગોઠવીને સમાવી છે. "બેહ-કેલાં વાજાં" વિશે આપણે ઘણું સાંભળ્યું છે, પણ "બેહકેલું વાજું" તે કેવું હોય તે આ નવલકથામા દર્શાવ્યું છે. ત્રણ ભર્થારોને ખાઇ પરવારેલી માજરા ડોળાની ખુબસુરત પરી ત્રણ બાયડીઓને દખમે ચહડાવી આવનાર લક્ષાપતિ પારસીની ચોથી ધણી-યાણી બનીને કેવી રીતે પોતાનો કાળ ગમન કરે છે, પોતાની "ફાસ્ટ" જીંદગી કેવી મોજમ્જેકમાં ગુજારે છે, પોતાને પેટનાં બચ્ચાંઓને ઉધારવા ઉછેરવા અને કેળવવા તરફ કેવી બેદરકાર રહીને અંતે કેવી હિનાય છે, પોતાની સાવકી દીકરીઓને તેમના પિતાથી કેવી રીતે જુદી પાડે છે, પોતાના કાબુ તળે પોતાના લક્ષાપતિ પતિને કેવો ચોર જેવો રાખે છે, આ બુબખ પતિ એક હુરીનો પોતાને ધણી બનેલો સમજીને પૈસાટકા, આબરૂ ઇજત અને કુદરતી મોહબતના જુસ્સાઓ વટીકની કેવી ધુળધાણી કરે છે, અને મોતની ખાટલી પર પોતાના એ સઘળાં કામો માટે કેવો પસ્તાય છે, પોતાની બે બેટીઓને પરધર્મમાં વટલી જવા દઇને તથા બીજી બે દીકરીઓને ગલીચ ઘરમાં કંગાળ હાલતમાં મરવા દઇને તેઓ તરફ કેવું ઠંડું અને ઘાતકી દિલ બતાવે છે, અને તેજ દીકરીઓમાંની એક પોતાના મરવા સુતેલા બાપની કેવી બરદાસ્ત ચાકરી કરે છે, અને છેલ્લે આ બાપ અને

તેની ગોરી સ્ત્રીના કેવા હાલ થાય છે તે આ વાર્તામાં **ઘણી અચ્છી તદબીરથી બતાવ્યું છે.** આ વાર્તામાં પ્યારનું તત્વ છે, તોપણ તફડાવેલી નવલકથાઓમાં જે પીજન આપણુ જોઇયે છિયે તે કરતાં **જુદુજ અને ઘણી ઉંચી તરેહનું તત્વ** અહીં આપણા વાંચવામાં આવે છે. કેહછે કે બિભત્સ પારસી વાર્તાઓ વાંચ્યાથી જવાન છોકરા છોકરીઓનાં મન બિગડે છે અને તેમને દીવાનાપણું લાગુ પડે છે, પણ આ વાર્તા બહુ ઉંચા પ્રકારની છે. તેમાંના કેટલા ભાગો **એટલા તો ચિતાકર્ષક, એટલા તો અસર કારક એટલા તો હૃદયભેદક** છે કે વાંચનારની આંખમાંથી આંસુની ધારા ચાલે છે. એક ખરો સુધારક કેવો હોય તેનું એક પાત્ર અને તેનાં કુટુંબની ઉમદા વર્તણુક બતાવીને કર્તાએ જે ચિત્ર દોર્યું છે તે પણ અસર-કારક છે. બે મર્દાની ઓરતો ઇંગ્લંડની "સફ્રાજિસ્ટ" બાઇઓ જેવા અકકલથી ઉલટા વિચારો ધરાવીને અંતે કેવી પશેમાન થાય છે અને પોતાની ભુલ જોયછે, તે પણ કર્તાએ અચ્છી ચાલાકીથી બતાવ્યું છે. અનેક પારસી વેહમો, નાપસંદ રીતિઓ, ઠપકાલાયક વર્તણુકો વગેરેની કર્તાએ ઠીક ઝાટકણી ઉતારી છે. આવી વાર્તાઓ પારસીઓમાં ઘણી લખાવી અને વંચાવી જોઇયે. એવીજ વાર્તાઓ બોધદાયક થઇ પડે—**એવીજ વાર્તાઓ સાહિત્યનો શણગાર ગણાય—એવીજ વાર્તાઓ જવાન છોકરાંઓના હાથમાં આપી શકાય.**

(૧૧-૯-૧૦)

"કયસરે હિન્દ"

"પોતાની દિલોજાનીભરી" Compliment આપે છે કે:-

"સુધારાનું શિખર" જેવી એક **ખરેખર અસરકારક અને "ઓરીજીનલ" વાર્તા વાંચનાર વર્ગ આગળ રજુ કરવા માટે અમો તેના કર્તા મી૦ મે. મ. બનાજીને ઘણી દિલોજાનીભરી મુબારકબાદી આપ્યે છિએ.** આજ કાલ ગુજરાતી લેખકોનો કાંઇ ટોટો નથી અને તેઓનો ધંધો અંગ્રેજી વાર્તાઓ, પછી તેઓ પારસી સંસારને બંધબેસતી હોય અથવા નહિ

હોય તોપણ તેઓને મારી કુટી પારસી લેબાસમાં સજ કરી વાચક વર્ગ આગળ રજુ કરવામાં સમાયલો છે. **મી૦ મે. મ. બનાજી આ વર્ગના લેખકોથી તદ્દન જુદાજ છે**, અને તેઓએ પોતાની કલ્પનામાંથી આજના પારસી સંસારને આબેહુબ લાગુ પડતો એક રમણ્ય ચિતાર ઉપજાવી કહાડયો છે.

સુધારાનું શિખર વાંચનારને **ખરેજ મોજ અને ઉપદેશ આપે** છે અને જેમ તેના કર્તા પોતાના પુસ્તક પ્રવેશમાં કહે છે તેમ તેમાં એક **પણ લિટી અવિચારી યા અવિવેકી નથી.** પારસીઓનો કહેવાતો સુધારો જે પશ્ચિમ તરફના લોકોના સદગુણ છોડી તેઓના દુર્ગુણોની નકલ કરવામાં સમાયલો છે તેનો આ વાર્તા એક **આબેહુબ ચિતાર છે,** અને પારસી ટોળાનું ભલું ઇચ્છનાર એ ટોળાનાં ભવિષ માટે **ચિંતા અને દલગીરીની લાગણી સાથ** આ વાર્તાનું વાંચણ ખતમ કરે છે.

આપઘાતની બદી જે પારસીઓમાં બીજી કોમ કરતાં માઠાં ભાગ્યે વધુ પ્રમાણમાં જોવામાં આવે છે, તે ઉપર કર્તાએ અસરકારક વિવેચન કર્યું છે. પારસી કોમનાં જવાન સ્ત્રી પુરૂષો સહેજ પણ નિષ્ફળતા મળતાં અથવા સહેજ પણ જંજાળ આવી પડતાં જે હિંચકારો અને ગુનાહ ભર્યો માર્ગ અખત્યાર કરે છે તે તરફ કોમનાં વિચારવંત માણસો ખરેજ દલગીરી અને ચિંતાની લાગણીથી જુઓ છે. જે માણસોનાં દિલમાં ખુદા વિષે પુરતો વિશ્વાસ હોય છે તેઓ આપઘાતનો માર્ગ કદી અખત્યાર કરતા નથી અને પારસીઓમાં એ બદીનું વધવું દેખાડે છે કે તેઓનો ઇશ્વરપરનો વિશ્વાસ ઘટતો જાય છે.

(૩–૧૦–૧૦)

The "Bombay Gazette" in a Leading Article Pronounces—

Exception must be made in the case of a new writer who has shown the courage of breaking through the present practice of translations, and of *boldly launching out into the field of*

original fiction. In his recently published novel, called "the Acme of Reform," Mr. Merwanji M. Banaji, has depicted present-day Parsi life in a striking manner. He displays not only an intimate knowledge of his people and their ways but also discloses literary powers of a high kind from which still better things may be expected in the future. He holds the mirror up to the Parsi life and society that prevail today in the community in an admirable manner, and his delineation of characters and situation is highly entertaining as well as instructive. Nearly every phase of modern fashionable society among the Parsis is touched in the course of the book and its follies as well as good points are admirably brought out. It may be called a satire on the highly Europeanised side of Parsi society of the present day, with its in discriminate imitation of Western ways in order to reach the very acme of reform; but the satire is very good natured and pleasant. If the writer would present the novel in an English dress, we should be pleased, as English readers too could obtain an insight into the life of his people. (20-5-11).

"પારસી"

કર્તાએ પુર્ણ ફત્તેહ મેળવી છે.

સુધારાના ideals આજે કોણ નથી ધરાવતું, પણ તે ideals નું સંગીનપણું, અને તેઓને વાચા આપવાની ઉલટ અને શકિત બધામાં એકસરખી રહેતી નથી. આ પુસ્તક રચવામાં કર્તાએ

પોતાની બંને ચશમોનું નુર કમનસીબે ખોહી દીધા છતાં **કેમ ટકકર ઝીલી હશે** તે કલ્પી શકવું મુશકેલ નથી. કાંઇક અગત્યનું એક સાધારણ કાગજ બે ત્રણ વાર છેકછાક કરી પાછું લખવું પડે છે તો સાડી ચારસો પાનાની આ નોવેલ **વગર ચશમે લખતાં, લખાવતાં, વંચાવતાં, સુધરાવતાં શી જહેમત પડી હશે** તેનો માત્ર ઝાંખો ખ્યાલ આપણે કરી શકયે. આંખોનું નુર ખોહી બેસવું તે આ દુન્યામાં સાધારણ રીતે ઉપ્યોગી કારકીરદીનું ખતમ થવું ગણાય છે. આ દાખલો તેથી ઉલટીજ સાહદત પુરી પાડે છે અને એવીજ કમનસીબીમાં સપડાયલા બીજાઓને માટે ધડો તેમજ સધીયારો લેવાજોગ છે.

ચોપડી હાથમાં ધરતાં અને તેના પાના ઉકલાવતાં તેમાં કાંઇ અજબ તરો–તાઝગી લાગે છે કે જે આપણને તે વાંચવાને **તલબગાર** બનાવે છે અને વાંચતી વખતે કાંઇ સ્વાદીષ્ટ અને જરપત થાય તેવું પકવાન ડપોડપ ખાઇ જતાં હોઇએ તેવું લાગે છે. આજની સાધારણ કુકડા નોવેલ માંસ વગેરે ભારી રોજીંદા ખોરાકસમાન છે. "સુધારાનું શીખર" મોહસ્વાદા ફ્રુટસમાન છે. **તેની ઢપજ જુદી છે.** નથી તે એક સાદી સુતરી વાર્તા કે નથી તે એક "રોમાન્સ" કે નથી તે એક નાટક. તોપણ તે આ ત્રણેનુ મીશ્રણ છે અને આ ત્રણમાંથી જો કોઇબી એકને તે સઉથી વધારે મલતી આવતી હોય તો તે એક પછી એક ઉઘડતા સીન સાથનો વાર્તારૂપી નાટક છે. આ દાખલામાં સાહીત્યના રેલાને તેના મુકરર થયલા માર્ગોએ નહી વહેવાડતાં **કાંઇ નવીજ વલણ આપવામાં આવી છે** અને સઘળા સંજોગો જોતા કર્તાએ તેમાં **પુર્ણ ફતેહ મેળવી છે** એમ ના પાડી શકાશે નહી.

આ ચોપડીમાં પીસ્તોલના ધડાકા થતા નથી, નથી આકાશી પરીઆં ઠારેઠાર પગને અથડતાં કે નથી કોઇ સબરદબર ખવિસના સમાગમમાં આપણે આવતાં. સંસારને લગતી સાદી બાબદો, નકલ કરવા લાયક યા વખોડવા લાયક, એવી ચાલાકીથી અને સફાઇથી હાથ ધરવામાં આવી છે કે **વીચારવંત વાંચક દરેક તબકકે તેને પોતાની મુંગી સંમતી આપતો જાય છે.** એક વીચારવંત કેળવાયલા વાંચકને આ ચોપડી માંહેલા વીચારો પોતાના વીચારો સાથે

બગલગીરી કરવા ધસી આવતા યા તેઓ સાથે બંડ જગાડતા હંમેશા મળી આવશે, પણ જો કોઇને એઅખ્ત્યાર હસવાનુંજ જોઇતું હોય તો તે કુકાદારૂ અને સપુત સોહલીની બરકતથી પુરતું મળશે. સોહલીને "સપુત"નો એલકાબ આપવાનો કર્તાનો વીચાર ઘણોજ શુભ નિવડયો છે. તેનાં ઘણાંએક વીચીત્ર કાર્યોની સાથે આ એલકાબ જોડાયલો રેહેવાથી આયતી irony મળી જાય છે. **રમુજ સઘળી ખુશ મીજાજી, નીરદોષ, અને તાણતોડ વગરની છે એમ તો ભાઇબંધ લેખક વર્ગ વટીક કબુલ કરશે.** હલકી કીસમના ભાવટા પાડી ખેંચાણ કરવાથી બાઆઝ રહેવામાં કર્તાએ ડહાપણ વાપર્યું છે તોપણ એક ઝેહનદાર સુધારક તરીકે એઓએ કુકાદારૂ સાથે કાંઇક ઘાતકી રીતે કામ લીધેલું કહેવાય. હવે એવું એક પાત્ર ઉભું કરવું અને વિવેકનાં કારણસર તેને પુરેપુરો ઇનસાફ આપવામાં કચાસ કરવી એ બીકટબી ખરૂં. કુકાદારૂની સઘળી શકયતાઓ બહાર ખેંચી કહાડવાની લાલચ ખરેજ નહિ થોભાવી શકાય તેવી છે, અને કર્તાએ તેવણ સાથ લીધેલી છુટ (કે જે કોઇબી રવેશે હલકી તો કહેવાશેજ નહી) કદાચ સહેલાઇથી માફ થઇ શકશે. અલબત, એ સઘળી ટકોર કરવા છતાં, કર્તા પોતે આપણુ સઘળાઓની સાથ ઇચ્છે છે કે કુકાદારૂ જેવા ધર્મના ઉપાધ્યાઓ આપણા વચ્ચેથી જલદીથી નાબુદ થાય. પેલી બે મરદ ઓરતોને પાછી ઓરતની ઓરત બનાવવાનું બરનુંજ થયું છે, તો જો કે જરબાનું જાલનેવાલા પાછી ઓરત થશે એમ કોઇએ સ્વપને પણ ધાર્યું નહી હશે. તેણીની કાર્કીરદીનું ખતમ થવું ખરેજ મનહર છે. દીનબાનુને ઉતમ ઇનસાફ આપવામાં આવ્યો છે અને સુધારાના શીખર ઉપર ચઢી બેઠેલી વાર્તાની નાયકણ બાનુ સુના? આ ખુબસુરત, દમામદાર, મતલબી, કદાવર નાગણને અને તેની દુષ્ટ કરણીને આપણે ગમે તેટલાં ધીકકારીએ, પણ આપણને કબુલ કર્યા વગર છુટક શતો નથી કે તે કોઇબી રવેશે એક અસંભવીત પાત્ર નથી. પણ આ જાતનુ પ્રાણી હસ્તીમાં લાવવા માટે હાલની સ્ત્રી કેળવણીને જો જોખમદાર ઠરાવવામાં આવે, તો મરદ કેળવણી પણ એવીજ ખામીભરેલી છે કે જે બહમનશાહ બખતાવર જેવા સંખયાબંધ ઘરડા બુબખો ઉતપન કરે છે? એક જવાનની આવી ભુલો માટે કાંઇક બચાવ રહે છે. પણ ઘરડો બુબખ તો શરીઆમ ફીટકાર અને

છેવટે દયાને પાત્ર ઠરે છે, કે જેમ આ દાખલામાં બન્યું છે. સર્વેથી કાળો કંગાળ રતન રૂસ્તમફરામ છે. માનવીના સાહચામાં તે એહરેમન છે. એ સંસારનો પાયો ખાણી નાખનાર સર્વેથી ધાસ્તી ભર્યો કીડો છે. કર્તાએ પોતાના પાત્રો અને પોતા વચ્ચેનો પરદો કોઇ કોઇ ઠેકાણે ઘણોજ બારીક થવા દીધો છે, અને કોઇ જગ્યાએ તદનજ ખસેડી નાખ્યો છે.રેવાજનો આ એક ભંગ છે, પણ તેમ તો **આ આખી ચોપડીબી કેટલાક કહેવાતા લેખકોના તાહેલાંરૂપી રેવાજથી દુર જાય છે,** અને તેથી તે આપણને કાંઇ ઓછી ગમતી નથી.

શીખેલા પણ જાહેલ અને મતાભિમાની પુરૂષોને કારલાઇલ જંગલીનાં નાંમે ઓળખાવે છે. મી૦ બનાજીના કેટલાકએક વીચારો એવા છે કે આ વર્ગના શખસો ડીફણું લઇ ઉઠશે. આ શખસો સચ્ચાઇના માર્ગમાં નડતલ સમાન છે, અને મોડે વેહલે સચ્ચાઇ તેઓને બાજુએ હડસેલી કહાડશેજ. ચોપડીની "અર્પણ પત્રીકા"થી "ખતમ પત્રીકા" સુધી રસીકતા જાળવવાની કર્તાએ દરેક સંભાળ લીધેલી માલમ પડે છે. છેવટે અમે કહીશું કે આપણાં નવા વરસના શુભ ટાંકણે આમથી તેમ હવામાં ઉડતા અને સરવાળે કચરાની ટોપલીને સ્વાધીન થતા પતંગયાં સમાન કાર્ડોને બદલે મી૦ બનાજીનું રચેલું આ પુસ્તક ખરેજ એક ઉમદા અને સંગીન ભેટ સમાન થઇ પડશે, એટલુંજ નહીં પણ તે માહેલાં પાત્રો તે શુભ દીવસે તમો સનમુખ નવા પહરોણા, નવું શીક્ષણ, નવી રમુજ સેહજ ખરચે લાવી મેળશે.

(૨૮-૬-૧૦.)

વાંચો:—

'શ્રી બોધ' આ કર્તાને માટે શું કહે છે?—

એક પક્કા હ્યુમરીસ્ટ; તિક્ષણ અવલોકન કરનાર; પારસી રહેણીકરણીના ઉંડા અભ્યાસી.

પારસી ગુજરાતી સાહિત્યમાં ઇરાની પહેલવાનોના દાસ્તાનો ઇરાની પાદશાહોની જાહોજલાલીના વર્ણનો કયાની ઢબ ઉપર રચાયલા નાટકો વિગેરેની જગ્યા આજ લગભગ બે દાયકા થયા નવલકથાઓએ લીધી

છે. આ નવલકથાઓ ત્રણ ભાગમાં વ્હેંચાઇ ગઇ છે. ભાગ પ્હેલો ઇંગ્રેજી અથવા પશ્ચિમ તરફની કથાઓના ઓલેઓલ તરજુમાની સીમામાં સંકોચાઇ રહયો છે. ભાગ બીજો ઇંગ્રેજી વાર્તાઓ ઉપરથી પારસી નીતિરીતિ અને રેહણીકરણીને લાગુ પાડેલી અર્ધ 'ઓરિજીનલ' અથવા જીવતાજાગતા સંસારમાંથી ખેંચેલા ખરી જીંદગીનાં ચિત્રોરૂપી વર્ણનો અને દષ્ટાંત છે, જે 'ઓરિજીનલ' વાર્તાઓ અથવા અસ્સલ નવલકથા તરિકે ઓલખાય છે. જયારે પ્હેલાંનું પ્રમાણ અને ફેલાવો બહુ બહોલાં છે, ત્યારે બીજાંનાં તેથી ઓછાં અને ત્રીજાના તો લગભગ નહિ જેવાં છે. જેમ વિલાયતમાં અને પશ્ચિમ તરફના બીજા આગળ વધેલા મુલકોમા બનયું છે અને બને છે તેમ બીજાં સાહિત્યો ઉપરાંત પારસી સ્ત્રી કેળવણીમાં નવલકથાઓ આજે મુખ્ય ભાગ ભજવે છે. ઘણાખરાં રોજીંદા અને અઠવાડિક પત્રો એવી વાર્તાઓ પ્રકટ કરતાં રહયાં છે, આમ છતાં આપણી ઘણીક શાળાઓમાં ઇનામી ચોપડી તરિકે નવલકથાઓ આપવામાં આવતી નથી તેનું કારણ ખુલ્લેખુલ્લું આ દિસે છે કે બાલકીઓના હાથમાં મુકવાલાયક નવલકથાઓ કર્તાકારવતાઓને મળી આવતી નથી. ઇનામી પુસ્તક તરિકે નવલકથાઓ ભેટ અપાય યા નહિ, છતાં બાલકીઓ અને બાલાઓ તો રહી પણ મધ્યમ અને વૃદ્ધ વયની માતાઓ અને મમાઇ, બપાઇઓ, વર્તમાનપત્ર અને પોથીદ્વારે તેનો દરરોજ અને હરઘડી ભક્ષ કરતી રહી છે. આવી ઘણીખરી વાર્તાઓનું મુખ્ય ખેંચાણ દિલની ઉશ્કેરણી છે, જે વગરની ગમે તેવી વાર્તાઓ બિગડેલા ટેસ્ટને લુખીસુખી લાગે છે. આનો ઇલાજ એકજ છે કે ઘરસંસારી સારી વાર્તાઓ લખી લખાવી વાંચન અને ઇનામરૂપે તેને ઉત્તેજન આપવું. આ પત્રના ઉછેરનાર અને પિતા મર્હુમ મિ૦ કે. ન. કાબરાજીએ ચોક્કસ ઇંગ્રેજી વાર્તાઓને એવી તો ઉતમ રીતે પારસી સંસારને લાગુ પાડી હતી કે તે લગભગ 'ઓરિજીનલ' વાર્તા તરીકે અને સાહિત્યના શણગાર તરિકે હજી ઓસ્તવાર ખડી છે. તે કિમતી કલમની ગેરહાજરીની ખૂટ હાલ બાહેર પડેલી મિ૦ મેહરવાનજી મંચેરજી બનાજીના હાથે લખાયલી મથાળે ટાંકેલા નામની ચોપડી છે.

આ ચોપડીમાં દર્શાવેલા વિચારો આપણા એકાદ બે રોજીંદા

પત્રોને તેઓની કહેવાતી રીતિના વિરૂધ જતા હોવાથી રૂચ્યા નથી. આમ છતાં તેઓથી તેની તારીફમાં અનેક સખુનો ઓચરીયા વગર રહેવાયું નથી.

જેવું આ પુસ્તકનું નામ છે તેવુંજ તેનું કામ પણ છે. શિખરની નીતિવાન અને બોધદાયક સીમા ઉપર અમો તેમજ અમારાં ઘણાંક બાનુ મિત્રો સહેલ કરી તેની ટળેતીમાં સમાયલા સંસારના સાગરમાં અંગોલ કરી આવ્યાં છિએ. સાગરની અંગોલે શિખર ઉપર પહોંચતાં એ અંગોલ વિના અમને જે થાક લાગત તે નહિ જેવી કરી છે. મિ૦ બનાજીનાં પહેલાં પારસી સંસારી ચિત્ર "દુનિયાઇ દોર" ની માફક તેમનાં આ બીજાં ઓરિજીનલ ચિત્રે પારસી સંસારની ખોડખાપણો, રહેણીકરણી, નીતિરીતિ તેમજ તેની ખુબીઓ, તેનાં ઉચ્ચ કાર્યો અને ઉચ્ચ મનોવૃતને ફતેહમંદીથી આપણા સુધરેલા અને બિગડેલા સંસારની સપાટી ઉપર સમુદ્રના ફીણસમાન આસાનીથી બહાર કાઢી છે, અને તેઓને વાર્તારૂપે એવી તો મનોરંજક તેમજ બોધદાયક રીતે આપણી સનમુખ રજુ કરી છે કે તે વાંચતાં આપણે ગોયા આપણે પોતાને તેમજ આપણાં કુટુંબ અને મિત્રમંડલને પાંચ ઘડી વિસરી જઇયે છિયે. આપણી પારસી વાર્તાઓને અને નવલકથાઓને અત્યારસુધી જે ઢબે અને જે ઢલાવ ઉપર દોડાવામાં આવી છે, તેના કરતાં કંઇ જુદીજ ઢબ, કંઇ જુદીજ વલાણ કંઇ ઓર ઢંગ અને કંઇક ઉતમ ઘડા, કંઇ નવીજ ઝમક અને તોર **અને કંઇ અજબ દોરદમામ ઉપર** આ નવું ચિત્ર દોરવામાં આવ્યું છે. તે વાંચતાં તેનો વાંચક સમુદ્રની સપાટી ઉપર તરતાં ફીણ માફક તેને પાણીના રેલા સાથ વગર ડુબી જવે તરતો તણાય છે. **વાર્તાનાં વલાંમાં આપણી આસપાસ બનતા રોજીંદા બનાવોને વણી લેવાની મિ૦ બનાજીની કલા ખરેજ નક્કલકરવાજોગ અને સ્તુતિપાત્ર છે.** આ પુસ્તકની બીજી એક મોટી ખુબી **તેના છુપાં હાસ્યરસ,** તેના ઉચ્ચ વિચારો અને તેની નીતિવાન અને શુદ્ધ પણ સરલ ભાષામાં સમાયલી છે. જોકે ચિત્રવીચિત્ર સ્ત્રી પુરૂષોનું કર્તાના પોતાના ઓથોમાં એક પ્રદર્શન છે, છતાં તેના પાત્રો **છેવટ સુધી આપણું ચિત આકર્ષિત કરી રાખે છે.** તેનો નાયેક

ડા૦ તેહમુરસ્પ તાલેવંત પી. એચ. ડી. અને બેહદીન દસ્તુર પેશુતન આપણા ધર્મગુરૂઓ કેવા હોવા જોઇએ તેનો આપણને ઉત્તમ ખ્યાલ આપે છે. બીજા હાથ ઉપર ધર્મની ઉન્નતી કરવા માટે કયા પ્રકારના અથોરનાનો આપણા ટોલામાંથી નાબુદ થવા જોઇએ તે કુકાદારૂ પંથકી આપણને અચ્છી રવેશે શીખાડે છે. રંગીલો સપુત સોરાબ અને સટોળીઓ રતન રૂસ્તમફારામ સટ્ટાપંજાના અને શરત-બાજીના સપાટામાં સપડાયલા સખ્યાબંધ પારસી સપુતો અને કપુતો સામે ચેતવણીનો અને ધાસ્તીનો લાલ વાવટો ઉરાડે છે. રોલી અને પોલી આપણી દિનપ્રતિદિન વધતી જતી 'બાઇબલ' વાંચતી અને મીશનરીઓ અને રોમન કૅથોલિક પાદરીઓના પંજામાં ફસી પડતી બાલકીઓની આંખ્યો સામેથી તેઓની ભવિષ્યની દુર્દશા અને બદબખ્તીનો પદડો ખીસાડી નાંખે છે. ખા૦ બ૦ બમનશાહ બખતાવર સી. આઇ. ઇ., મિસિસ જરબાનુ જાલનેવાલા બાનુ સુના અને તેણીની મર્દ બેટી દીનબાનુ તહેમતન દીલાવર તુંદી અને તુમાખીની ટોંચ ઉપ-રથી આ ક્ષણભંગુર દુનીઆની સપાટી ઉપર ગબડી પડી નાશ પામતા અને હંમેશગીની નીસ્તીમાં સમાઇ જતા તુચ્છ જીવડાઓનો ચિતાર આપણી સનમુખ રજુ કરે છે.

ચાર્લ્સ દિકન્સના 'પિકવિક પેપરસ' અને 'ઑલિવર વેનડલ હોમ્સ' ની ઢબ ઉપર રચાયલી આ વાર્તા **તેના લેખકને આપણી સનમુખ એક પક્કા 'હ્યુમરિસ્ટ,' એક તિક્ષણ અવલોકન કર-નાર અને પારસી સંસારી રેહેણી કરણીના ઉંડા અભ્યાસી તરિકે રજુ કરે છે.** વલી કર્તા જેમ પુસ્તકના ૪૦૮ માં સફા ઉપર કહે છે તેમ એક અપંગ માણસની કલ્પનાશક્તિ શાયરી અને લખા-ણબાજીની બુલંદી ઉપર તેને કેમ દોરવે છે તેનો કયાસ સુધારાનું શિખર આપણને આબાદ આપે છે.

જે કુદકે અને ભુસકે અને જે વિજલીક ઝડપથી આ કીતાબે ટુંક મુદતમાં આબરૂદાર તવંગર તથા ગરીબ કુટુંબોમાં પ્રસાર કર્યો છે તેજ તેની સંગીનતા અને તેમાં સમાયલા ઉંડા માવાની અચુક સાબેતી પુરી પાડે છે. **જેમ પારસીઓમાં મોડલ નવલકથા રચનાર પેદા કરવો અશકય નથી તેમજ પારસી** Appreciation **અને ખોટા**

માંથી ખરૂં શોધી કાઢવાની બુધ્ધી પારસીઓમાં કંઇ મંદ થઇ ગઇ **નથી.** વલી આ પુસ્તકના બહોલાં વેચાણે કેટલેક દરજ્જે પુરવાર કીધું છે કે સઘળાંજ પારસી મરદ ઓરતો કંઇ સારૂં અને સંગીન પણ સસ્તું અને મુફતનું વાંચન શોધતાં નથી. સેવટે અમો હિંમતથી કહીશું કે બાલકીઓના હાથમાં મુકવાલાયક ઇનામી વાર્તાઓની અત્યાર સુધીમાં જે ખુટ હતી તે ખુટ આ સુધારાના શિખરે ફતેહમંદીથી પુરી છે.

સર એમ. એમ. ભાવનગરી, M. P. શું કહે છે?–

કાર્લટન કલબ, લંડન.

"સુધારાનું શિખર" વાંચ્યાથી મને માલમ પડે છે કે તમને ગુજરાતી ભાશામાં સરળ લખાણ કરવાનો માહવરો અને **ઉમદા શક્તિ છે.** આ વાર્તા લખવામાં તમોએ જે કીમતી મકસદો ધારી છે,—કે આપણી કોમમાં સ્વચ્છ વાંચનનો શોખ વધારવો અને નિતિની તથા ધાર્મિક તથા મનની સાથે તનની કેળવણીનો પ્રસાર થવાની અગત્ય બતાવવી–તે મકસદો પાર પાડવા માટે તમોએ **અસરકારક લખાણ કરી એક જાહેર સેવા બજાવી છે.** આપણી કોમના ભવિષ્યના ટાળા માટે બેશક ઉપલી કીસમની કેળવણીની જરૂરયાત દીન–બ–દીન વધારે માલમ પડે છે અને આશા છે કે એવી નેક નેમ બર લાવવા માટે તમો તમારી કોશેશ જારી રાખશો. તમારી બંને આંખોને હરકત છે, અને લખાણ મોહોડેથી બોલી બીજાઓ પાસ કરાવવું પડે છે એથી તમારી ભાશાશક્તિનું ટોલ વધુ થાય છે......"

Miss F. MC–AFUR,

Inspectress of Girls' Schools, Baroda State,

SAYS:—

I have read the book entitled "સુધારાનું શિખર" with very great pleasure and interest. The book is quite an up-to-date novel and is written with

and idea of showing up the faults of the present day in Parsi society. It would be well if all young folks read the book as it would help them in going through life. I wish the author great success in his work.

Camp Sidhpur,

29-3 11.

ડા૦ માણેકજી ડોસાભાઇ કામા, L. M. & S. જણાવે છે કેઃ—

"'સુધારાનું શિખર' વાંચી મને મોટો આનંદ થયો છે. આવી કીસમની કેતાબો **દર્દીને રહાત આપવામાં** તેના ડાકટરને એક **આવકારદાયક** સાંધન થઇ પડે છે. એવી સાદી, સંસારી, નિતિવર્ધક વાર્તાઓની **દર્દીઓને ઘણી જરૂર** છે, ને તે ખુટ તમારી કસાયલી કલમથી પુરી પડતી રહેશે એવી ઉમેદ રાખું છું." (૪–૯–૧૦)

'જામે જમશેદ' કહે છેઃ—

"પારસી સંસારના પાત્રો સાથ તરેહવાર જાતના સવાલો પર લખનારે પોતાની કલમ ચલાવી છે. લખનારે પારસી સંસારના ગોયા એકેએક સવાલો ઉપર નજર દોડાવી છે. એક સાધારણ નવલકથાથી આ ચોપડી ઘણી બાબદોમાં જુદી પડે છે, અને તે નવીજ ઢપ ઉપર લખવામાં આવી છે." તા૦–૩–૧૦–૧૦.

'સાંજ વર્તમાન' કહે છેઃ—

"ખરેખર મી૦ બનાજીને શાબાશી આપવી ઘટારત છે કે એ વૃદ્ધ લેખકે પોતાની કલમનો ગેરઉપયોગ નહિ કરતાં એક humou ist તરીકેજ પારસી સંસારની રીતીનિતિઓ ઉપર પોતાની બંને નૉવેલોમાં વાર્તારૂપે ચુનોચરા કર્યા છે."

"ખરી રમુજના ખ્યાલનો મી૦ બનાજીના લખાણો પહેલેથી તે છેવટ સુધી વાંચનારનાં મન ઉપર છાપ બેસાડે છે." તા૦–૨૪–૯–૧૦

ધી જે. પીટીટ ઑરફનેજના હેડમાસ્તર એન. લખે છે કેઃ—

"The Secretary [Mr. J. P. Mistri, M. A.] considers your book valuable as a prize and library book." (19-9-1910).

મી૦ જહાંગીર પી. પાવરી ("રાસ્ત ગોફ્તાર" ના ઇંગ્રેજી વિભાગના લખનાર) જણાવે છે કેઃ—

"You will ultimately be ranked with first class Novelists, or more correctly still, as the First Parsi Novelist, as I know of no Gujarati writer having yet attempted with success the art of novel-writing in the true sense of the word."

મુંબઇના નામદાર ગવરનરોના ખાસ આશરા હેઠલ.

ધી ફૉર્ટ કોચ ફૅકટરી.

ફ્રીયર રોડ, મોદી બે, મુંબઈ.

માલેક—મી૦ પેસ્તનજી બી. પૅસ.

મોટરકાર માટે એક ખાસ ડીપાર્ટમૅન્ટ ઉઘાડવામાં આવ્યો છે, જયાં દરેક જાતની સુધરેલી ઢપના "મોટરકાર બોડીઝ" શોભાયમાન અને મજબુત બનાવવામાં આવે છે.

મોટરકાર માટે ફાંકડા "હુડ" તથા "કેનોપી" બનાવવી એ અમારી "સ્પેશીયાલીટી" છે અને તે માટે ખાસ ઉંચી કીસમના કારીગરો રોકવામાં આવ્યા છે.

તે **ઉપરાંત** મોટરકારને લગતું દરેક જાતનું રીપેર-કામ અનુભવી યુરોપીયન મેનેજમેંટ હેઠલ સંભાળથી અને કીફાયતમાં છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણે કરી આપવામાં આવશે.

ગાડીઓ ગાડીઓ હાલના દરેક નવા સુધારા તથા વધારા સાથે નમુનેદાર બનાવવામાં આવે છે, અને જુની ગાડીઓને બીલકુલ નવું રૂપ આપવામાં આવે છે.

ગાડીઓને બરનો દરેક સામાન વેલાતના જાણીતા મેકરોને ત્યાંથી ખાસ મોટા ભાવે અમો મંગાવ્યે છીએ.

એક કાર્ડ લખવે જોઈતી વીગત તુરત પુરી પાડવામાં આવશે.

સ્ત્રીઓને પ્રકાશિત બનાવવાનું પ્રીસ્ક્રીપશન :

પૃથ્વી ઉપર

પંઠરાયલું—પંકાયલું—પળોટાયલું

સમજુ સુનાઓ	
દુલદુલી ડોલીઓ	ગરીબ યા તવંગર
ઘરરાખુ ઘરઘટુઓ	આદાં યા સાજાં
જીવતોડ જહેમતખોરીઓ	કુંવારાં યા પરણેલાં
વર્કક્લાસની વનીતાઓ	

—તમો—

સીંગરના સીવવાના સાંચાનો

સંગ સદા સાંધતાં રહેજો.

સીંગરની સંગતના ભોગે

ભલતી ભટાઈ ઉપર ભોલવાતાં રખે !

સીં ગ ર

તમારો સાચ્ચો સાથી, સંઘ તમારો પુગાડશે કાશી.

હિંદુસ્તાનમાં વડી ઓફીસ:—હોર્નબી રોડ, મુંબઈ.